GST & INCOME TAX માર્ગદર્શક

વર્ષ : ૧૦
અંક : ૦૯
ઓક્ટોબર : ૨૦૨૬

- લેટેસ્ટ અપડેટ્સ
- AAR ઓર્ડર્સ
- લેટેસ્ટ નોટિફિકેશન્સ
- લેટેસ્ટ કેસ જજમેન્ટ
- સરક્યુલર્સ
- હેલ્પલાઈન (Q & A)

● સંપાદકો ●

CA. અમીષ ખંધાર ● CA. રશ્મિન વાજા

While every care has been taken to Ensure Editing, printing without mistakes. Subscribes/readers are requested to note that the printers, publishers, Compliers, Editors or executives should not be held responsible for any inadvertent mistakes or ommission that might have crept in the Judgement, head notes, Statutes, rules, notification, regulation etc. or the consequences of any action taken on the basis of this issue.

KMS પબ્લિકેશન્સ

૭ મો માળ, દેવપથ કોમ્પ્લેક્ષ, લાલ બંગલા પાછળ, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૬ ● ફોન : (O) 079-66315450/51/52/53

Printed, Published & Owned by : KMS Publications

Printed at	: Pratiksha Printers, Basement Hasubhai Chambers, Opp. Town Hall, Ellisbridge, Ahmedabad-06
Type setting	: Pinakin M. Modi M. : 98790 67370
Published at	: 7th Floor, Devpath Complex, B/h. Lal Bunglow, Navrangpura, Ahmedabad-380006
Editor	: CA. Amish Khandhar
E-mail	: gstmargdarshak@kmsindia.in

નિયમો

- પત્ર વ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર તથા સરનામું લખવું જરૂરી છે.
- કોઈપણ બુક સેલર્સને લવાજમ આપ્યું હોય તો કાર્યાલયને લવાજમની રકમ, પહોંચ નંબર અને તારીખ અને એજન્ટનું નામ જણાવવું.
- ગ્રાહકોને અંક મોકલતી વખતે ચોકસાઈ રાખવામાં આવે છે, પરંતુ કોઈ કારણસર અંક ટપાલમાં ગેરવલ્લે જાય તો તેની જવાબદારી કાર્યાલયની રહેશે નહીં.
- અંક નહીં મળવાની ફરિયાદ, અંક પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં કરવાની રહેશે.
- તમારા પ્રશ્નો **gstmargdarshak@kmsindia.in** પર મોકલી આપવા. પ્રશ્નોના જવાબ આગામી અંકમાં પ્રસિદ્ધ થશે.

GST & INCOME TAX માર્ગદર્શક - પુસ્તક આવૃત્તિ	
વિગત	કિંમત
જાન્યુ ૨૭ થી ડિસેમ્બર ૨૭	રૂા. ૪,૫૦૦/-

GST & INCOME TAX માર્ગદર્શક - ઓનલાઇન સબસ્ક્રિપશન	
વિગત	કિંમત
જાન્યુ ૨૭ થી ડિસેમ્બર ૨૭	રૂા. ૩,૦૦૦/-

KMS PUBLICATIONS

GST & INCOME TAX MARGDARSHAK - SUBSCRIPTION FORM 2027

For Office Use Only			
Membership Number		**Date**	

SUBSCRIBER DETAILS

Name			
Address			
Pin Code		**Mobile Number**	
E-mail Id			
Old Customer Number			

SUBSCRIPTION OPTIONS

Subscription Type	Period	Amount
Online + Manual Subscription	January'2027 to December'2027	Rs. 4,500/-
Online Subscription	January'2027 to December'2027	Rs. 3,000/-

PAYMENT DETAILS

Payment Mode	• Online Payment • Cheque / DD / NEFT
Name	KMS Publications
Bank	ICICI Bank - JMC House Branch, Ahmedabad
Bank A/c. No.	002405025915
IFSC Code	ICIC0000024
Cheque / DD / Transaction No.	

QR CODE

For Online Payment	For Website
	Website: https://publications.kmsindia.in/

Subscribers Signature	KMS Publication

GST & INCOME TAX MARGDARSHAK

KMS Publications | Khandhar Mehta & Shah - KMS

7th Floor, Devpath Complex, B/h. Lal Bunglow, Navrangpura, Ahmedabad-380006

Phone: 079-6631 5450/51/52/53, 2646 1526 | E-mail: gstmargdarshak@kmsindia.in

CONTACT: MR. BHUPENDRA RATHOD (M.: 9327699118)

KMS PUBLICATIONS

GST અને ઇનકમ ટેક્સ માર્ગદર્શક - લવાજમ ફોર્મ ૨૦૨૭

ફક્ત ઓફિસ ઉપયોગ માટે			
મેમ્બરશિપ નંબર		તારીખ	

ગ્રાહકની વિગત

નામ			
સરનામું			
પીન કોડ		મોબાઈલ નંબર	
ઈ-મેઈલ આઈડી			
જૂનો ગ્રાહક નંબર			

લવાજમના વિકલ્પો

લવાજમનો પ્રકાર	Period	Amount
ઓનલાઈન + મેન્યુઅલ લવાજમ	જાન્યુઆરી ૨૦૨૭ થી ડિસેમ્બર ૨૦૨૭	Rs. 4,500/-
ઓનલાઈન લવાજમ	જાન્યુઆરી ૨૦૨૭ થી ડિસેમ્બર ૨૦૨૭	Rs. 3,000/-

પેમેન્ટની વિગતો

Payment Mode	• Online Payment • Cheque / DD / NEFT
નામ	KMS Publications
બેંક	ICICI Bank - JMC House Branch, Ahmedabad
બેંક ખાતા નંબર	002405025915
IFSC Code	ICIC0000024
ચેક / ડીડી / ટ્રાન્ઝેક્શન નંબર	

QR CODE

ઓનલાઈન પેમેન્ટ માટે	વેબસાઈટ માટે
	Website: https://publications.kmsindia.in/

ગ્રાહકની સહી	KMS Publication

GST & INCOME TAX MARGDARSHAK

KMS Publications | Khandhar Mehta & Shah - KMS

7th Floor, Devpath Complex, B/h. Lal Bunglow, Navrangpura, Ahmedabad-380006

Phone: 079-6631 5450/51/52/53, 2646 1526 | E-mail: gstmargdarshak@kmsindia.in

CONTACT: MR. BHUPENDRA RATHOD (M.: 9327699118)

GST & INCOME TAX માર્ગદર્શક
ઓનલાઇન આવૃત્તિ વાંચવા માટે ની યુઝર ગાઈડ

Step: 1 તમારા વેબ બ્રાઉઝર માં જઈને નીચે મુજેબ ની લિંક ઓપન કરો.

https://kmsindia.in/kms-publications/

Step: 2 Buy Now ઉપર ક્લિક કરો.

Step: 3 તમને મન્થલી મેગાઝીન નું લિસ્ટ જોવા મળશે. તમારી ઇચ્છિત આવૃત્તિ પર ક્લિક કરો.

Step: 4 જો તમે જુના યુઝર છો તો લોગીન આઈડી અને પાસવર્ડ નો ઉપયોગ કરીને આવૃત્તિ વાંચી શકો છો. અથવા જો તમે આગળ દર્શાવેલ ઊઇ કોડનો ઉપયોગ કરીને પેમેન્ટ કરેલ છે તો તમને KMS Publication તરફથી લોગીન આઈડી અને પાસવર્ડ આપવામાં આવશે.

Step: 5 જો તમે નવા યુઝર છો તો તમારે રજિસ્ટર બટન ઉપર ક્લિક કરીને દર્શાવેલ જરૂરી વિગતો નાખવાની રહેશે.

Step: 6 ડિટેઈલ્સ નાખ્યા પછી પેમેન્ટ કરીને લોગીન આઈડી અને પાસવર્ડ બનાવવાના રહેશે.

Step: 7 આ લોગીન આઈડી અને પાસવર્ડ નો ઉપયોગ કરીને તમે હવે પછી આખું વર્ષ GST માર્ગદર્શક ની આવૃત્તિ Online વાંચી શકશો.

ઓનલાઇન આવૃત્તિ શા માટે ?

- KMS Publications દ્વારા વિશ્વસનીય કન્ટેન્ટ
- તાત્કાલિક ડિજિટલ ઍક્સેસ
- અદ્યતન તથા ટિપ્પણીઓ સાથેની કન્ટેન્ટ
- સર્ચેબલ અને યુઝર ફ્રેંડલી
- ૨૦૨૬ માટે ૧૨ મન્થલી ડિજિટલ અંકો
- ક્યારેય પણ એને ક્યાંય પણ ઍક્સેસ
- ઈકો ફ્રેંડલી અને પેપરલેસ રીડીંગ

ઓનલાઇન આવૃત્તિ કોના માટે ઉત્તમ?

- Chartered Accountants (CA)
- Company Secretaries (CS)
- Cost & Management Accountants (CMA)
- Tax Consultants & Practitioners
- Business Owners & Finance Professionals
- Commerce & Law Students

GST & INCOME TAX માર્ગદર્શક

Khandhar Mehta & Shah - KMS

7th Floor, Devpath Complex, B/h. Lal Bunglow, Navrangpura, Ahmedabad-380006

Phone : 079 - 6631 5450/51/52/53, 2646 1526 E-mail : gstmargdarshak@kmsindia.in



વાચકમિત્રો,

પરિવારતુલ્ય એવા તમામ વાચકમિત્રોને સંપાદકો શ્રી તરફથી દિવાળીની હાર્દિક શુભેચ્છા. આશા છે કે તમે અને તમારો સમગ્ર પરિવાર કુશળ–મંગળ હશો. આવનારુ નવૂ વર્ષ તમારા અને તમારા પરિવાર માટે આનંદદાયી અને લાભદાયી નીવડે તેવી પ્રભુને અમારી અંત:કરણ પુર્વકની પાર્થના.

અમોએ હર હંમેશ પ્રયાસ કર્યો છે કે અમારા વાચકમિત્રોને અમો મહત્ત્વની તેમજ ગુણવત્તા સભર જાણકારી સમયસર પહોંચાડી શકીએ.



અનુક્રમણિકા

DIVISION-I

- ઓક્ટોબર – નવેમ્બર માસના કાર્યોની યાદી ૧૨

DIVISION-II

- KMS GSTઅપડેટ્સ: ૫૭મી GST કાઉન્સિલ મીટિંગની મુખ્ય ભલામણો ૧૬

DIVISION-III

- કોર્ટ રૂમ ૨૨
- એડવાન્સ રૂલિંગ – અગત્યના ચુકાદાઓ.....૪૬
- આર્ટિકલ – Priyanshi Solanki ૭૦
- આર્ટિકલ – Priyanshu Somani ૮૫

DIVISION-IV

- GST Quiz ૯૨
- FAQs ૯૮

Income Tax Section

DIVISION-I

- ઓક્ટોબર – નવેમ્બર માસના અન્ય કાર્યોની યાદી ૧૦૮
- ઈનકમટેક્સ ઈન્ટરેસ્ટીંગ અપડેટ ૧૨૮

DIVISION-II

- હાઈકોર્ટ અને ટ્રીબ્યુનલ – અગત્યના ચુકાદાઓ.....૧૩૨

DIVISION-III

- આર્ટિકલ – પરાગ રાવલ.....૧૫૦
- આર્ટિકલ – સંદીપ તેજાણી.....૧૫૯
- FEEDBACK FORM ૧૬૪

DIVISION-I

GST & INCOME TAX માર્ગદર્શક

GST Planner - October 2026

Sunday	Monday	Tuesday	Wednesday	Thursday	Friday	Saturday
				1	2	3
4	5	6	7	8	9	10 GSTR-7/8 for Sep'26 (Tax Deductor/ECO) GST SRM-II for Sep'26 (For Manufactures of Pan masala, tobacco)
11 GSTR-1 for Sep'26 (Regular Taxpayer)	12	13 GSTR-5/6 for Sep'26 (NRTP/ISD) GSTR-1 for Jul-Sep'26 (QRMP Taxpayers)	14 Generation of GSTR-2B for Sep'26 (Regular Taxpayer)	15	16	17
18 CMP-08 for Jul-Sep'26 (For Composition Taxpayer)	19	20 GSTR-3B for Sep'26 (Regular Taxpayer) GSTR-5A for Sep'26 (OIDAR)	21	22 GSTR-3B for Jul-Sep'26 (For QRMP List-1 Taxpayer)	23	24 GSTR-3B for Jul-Sep'26 (For QRMP List-2 Taxpayer)
25 ITC-04 for Apr'26-Sep'26 (For Job Work)	26	27	28 GSTR-11 For Sep'26 (Statement of inward supplies by persons having UIN)	29	30	31

GST & INCOME TAX માર્ગદર્શક

GST Planner - November 2026

Sunday	Monday	Tuesday	Wednesday	Thursday	Friday	Saturday
1	2	3	4	5	6	7
8	9	10 GSTR-7/8 for Oct'26 (Tax Deductor/ECO) GST SRM-II for Oct'26 (For Manufactures of Pan masala, tobacco)	11 GSTR-1 for Oct'26 (Regular Taxpayer)	12	13 GSTR-5/6 for Oct'26 (NRTP/ISD) Furnishing of invoices of Oct'26 in IFF (QRMP Taxpayers)	14 Generation of GSTR-2B for Oct'26 (Regular Taxpayer)
15	16	17	18	19	20 GSTR-3B for Oct'26 (Regular Taxpayer GSTR-5A for Oct'26 (OIDAR)	21
22	23	24	25 PMT-06 for Oct'26 (QRMP Taxpayers)	26	27	28 GSTR-11 For Oct'26 (Statement of inward supplies by persons having UIN)
29	30	8 - Diwali 10 - New Year Day 11 - Bhai Bij				

DIVISION-II

KMS GST અપડેટ્સ: ૫૭મી GST કાઉન્સિલ મીટિંગની મુખ્ય ભલામણો

૧. રજિસ્ટ્રેશન સંબંધિત સુધારાઓ - રૂલ 8, 9, 14A અને 19 નવા અરજદારો માટે શું બદલાશે:

રૂલ / ક્ષેત્ર	વર્તમાન સ્થિતિ	કાઉન્સિલની ભલામણ
રૂલ ૮ – REG-01	અરજદાર બિઝનેસ અને ઓથોરાઇઝ્ડ સિગ્નેટરીની વિગતો સાથે જરૂરી દસ્તાવેજો અપલોડ કરે છે.	જરૂરી દસ્તાવેજો માટે FAQs સાથેનો પરિપત્ર, REG-01 માં ડ્રોપ બોક્સ અને યુઝર–ફ્રેન્ડલી પોર્ટલ.
રૂલ ૯ – વેરિફિકેશન	અધિકારી ૭ વરકિંગના દિવસોમાં મંજૂરી આપે છે કે નોટિસ (REG-03) કાઢે છે.	રૂલ ૯ માં કોઈ સુધારો જાહેર કરવામાં આવ્યો નથી.
રૂલ 14A – ઓટોમેટિક રૂટ	જ્યાં B2B આઉટપુટ ટેક્સ લાયબિલિટી દર મહિને રૂ. ૨.૫ લાખ સુધી હોય ત્યાં અધિકારીની દખલ વગર ઓટોમેટિક રજિસ્ટ્રેશન.	રૂલમાં કોઈ ફેરફાર નથી.
KMSની નોંધ: અરજદારોએ બિઝનેસ સ્થળના માલિકી/લીઝના દસ્તાવેજો તૈયાર રાખવા. રૂલ 14A હેઠળની રૂ. ૨.૫ લાખની મર્યાદા B2B આઉટપુટ ટેક્સ પર છે, ટર્નઓવર પર નહીં. પરિપત્ર અને રૂલ નોટિફાય ન થાય ત્યાં સુધી જૂની પદ્ધતિ ચાલુ રહેશે.		

૨. રિટર્ન સંબંધિત સુધારાઓ

ટેક્સ લાયબિલિટી અને ITC મેચિંગ માટે નવું માળખું (એપ્રિલ ૨૦૨૭ થી પ્રસ્તાવિત):

મુદ્દો / રૂલ	મુખ્ય જોગવાઈઓ	અપેક્ષિત અસર
GSTR-1/1A સુધારા	GSTR-1 અને GSTR-3B વચ્ચેની આઉટવર્ડ સપ્લાયની વિગતોનું સરળ રિકન્સિલિએશન.	રિટર્નમાં થતી ભૂલો અને તફાવતોમાં ઘટાડો થશે.
રૂલ 61(1A) ઉમેરો	GSTR-1 અને GSTR-3B વચ્ચેના ટેક્સ લાયબિલિટીના તફાવતને સુધારવાની વ્યવસ્થા	ટેક્સપેયર્સ પોતાની ભૂલો જાતે સુધારી શકશે.
રૂલ 86D (RCM સ્ટેટમેન્ટ)	રિવર્સ ચાર્જ (RCM) હેઠળ ભરેલા ટેક્સ અને ક્લેમ કરેલી ITC માટે ઈલેક્ટ્રોનિક સ્ટેટમેન્ટ.	RCM ની ચુકવણી અને ITC નું યોગ્ય ટ્રેકિંગ થશે.
રૂલ 60(6A) - IMS	ઈનવોઈસ મેનેજમેન્ટ સિસ્ટમ (IMS) દ્વારા GSTR-2B માં સપ્લાયરના બિલ સ્વીકારવા / અસ્વીકાર કરવાની સુવિધા	ખોટી કે વહેલી ITC લેવા પર રોક લાગશે.
રૂલ 86C (Credit Reversal)	GSTR-3B માં રિવર્સ કરેલી અને ફરીથી ક્લેમ કરેલી ITC નું ઓનલાઈન ટ્રેકિંગ.	ડુપ્લિકેટ કે ખોટી ITC ની ભૂલો અટકશે.
KMSની નોંધ: IMS અને રિકન્સિલિએશન સ્ટેટમેન્ટ પોર્ટલ પર પહેલેથી છે, પણ કાયદાકીય માન્યતા હવે મળશે. DRC-01B અને DRC-01C ની નોટિસો ઘટી જશે.		

૩. રિફંડ સંબંધિત સુધારાઓ

ઝડપી અને ઓટોમેટેડ રિફંડ પ્રોસેસ:

- કેશ લેજરની વધારાની રકમનું સિસ્ટમ દ્વારા ઓટો-સેંક્શન રિફંડ.
- એકનોલેજમેન્ટ / ડેફિશિયન્સી મેમોની સમયમર્યાદા ૧૫ દિવસથી ઘટાડીને ૧૦ દિવસ કરાઈ.
- ઇન્વર્ટેડ ડ્યુટી અને ઝીરો-રેટેડ સપ્લાય માટે ૯૦% રિફંડ ઓટોમેટિક પ્રોવિઝનલ મંજૂર થશે.
- સેક્શન ૫૪(૩) હેઠળ કેપિટલ ગુડ્સ અને ઈનપુટ સર્વિસીસની એક્ચ્યુમ્યુલેટેડ ITC ના રિફંડની મંજૂરી (અમુક શરતોને આધીન).

૪. ઈ-વે બિલના નિયમો સરળ બનાવવા બાબતે

જોગવાઈ	વર્તમાન સ્થિતિ	પ્રસ્તાવિત સુધારો
સેક્શન 68 (વાહન રોકવું)	અધિકારી ગમે ત્યાં વાહન રોકી શકતા હતા.	ચોક્કસ ગુપ્ત માહિતી અને જોઈન્ટ કમિશનરની મંજૂરી જરૂરી.
ટ્રાન્ઝિટ સ્ટેટ ચેકિંગ	ટ્રાન્ઝિટ રાજ્યો દ્વારા વાહન રોકવા પર પ્રતિબંધ નહોતો.	માત્ર સપ્લાયર કે રિસિપિઅન્ટના રાજ્યમાં જ તપાસ થઈ શકશે. ટ્રાન્ઝિટ સ્ટેટમાં નહીં.
સેક્શન 130 (જપ્તી)	શરતો ભંગ થાય તો માલ/વાહન જપ્ત થઈ શકતું.	ટ્રાન્ઝિટ દરમિયાન માલ / વાહનની જપ્તી લાગુ પડશે નહીં

૫. સેક્શન 17(5) હેઠળ બ્લોક્ડ ITC ને સરળ બનાવવી

નીચે દર્શાવેલ સપ્લાય પરથી ITC ના પ્રતિબંધો હટાવવાની ભલામણ કરવામાં આવી છે:

૧. આઉટડોર કેટરિંગ સેવાઓ

૨. હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ

૩. ફ્રી સેમ્પલ તરીકે આપેલ માલ

૪. એક્સપાયરી થવા પર નાશ પામેલ કે રાઈટ-ઓફ કરેલ માલ

૫. ટેલિકોમ ટાવર અને ફેક્ટરી બહારની પાઇપલાઇન

૬. વિવાદ નિવારણ અને દંડમાં રાહત

- **નોટિસ ઈશ્યૂ કરવાની મિનિમમ મર્યાદા:** ₹. ૧૦,૦૦૦ થી ઓછી ટેક્સ રકમ (CGST + SGST + IGST + Cess) હોય તો SCN કે શો-કોઝ નોટિસ કાઢી શકાશે નહીં.
- **દંડમાં ઘટાડો:** સેક્શન 73 કે 74A હેઠળ ઓર્ડરના ૩૦/૬૦ દિવસમાં ટેક્સ + વ્યાજ ભરી દેવાય તો દંડ ઘટીને ૫% થઈ જશે.
- સેક્શન 125 હેઠળ મહત્તમ સામાન્ય દંડ ₹. ૨૫,૦૦૦ થી ઘટાડીને ₹. ૧૦,૦૦૦ કરાયો.

૭. અરેસ્ટ અને પ્રોસિક્યુશનમાં રાહત

- GST કાયદા હેઠળથી સેક્શન ૬૯ (અરેસ્ટ કરવાની સત્તા) સંપૂર્ણપણે દૂર કરવાની ભલામણ (સંપૂર્ણ ગેરંટી કે GST માં કોઈની અરેસ્ટ થશે નહીં).
- કોર્ટમાં કેસ ચલાવવાની મર્યાદા ₹. ૧ કરોડ ટેક્સ ચોરીથી વધારીને ₹. ૫ કરોડ કરવામાં આવી.
- મિનિમમ ૬ મહિનાની જેલની ફરજિયાત જોગવાઈ દૂર કરવાનો પ્રસ્તાવ.

૮. સેવાઓની નિકાસ અને મુદ્રણાત્મક સુધારાઓ

- વિદેશી બ્રાન્ચ/ઓફિસને અપાતી સેવાઓને સેક્શન 2(6)(v) ના સુધારા બાદ 'એક્સપોર્ટ ઓફ સર્વિસ' નો લાભ મળશે.
- સેક્શન 13(3)(a) રદ થવાથી વિદેશી ગ્રાહકો માટે ભારતમાં રીપેરિંગ કે ટેસ્ટિંગ થતા માલને પણ એક્સપોર્ટ ગણવામાં આવશે.

● ---- X ---- ●

DIVISION-III

કોર્ટ રૂમ

હાઈ કોર્ટ – ૧

Assessee	**Termico Engineers & Erectors Pvt. Ltd**
Court	**High Court of Calcutta**
Citation	**WPA 18141 of 2026**
Issue	**શું ચકાસણી કર્યા વગરના માત્ર ITC મિસ્મેચના આધારે, સંબંધિત સપ્લાયર્સની તપાસ કર્યા વગર જ GST રજિસ્ટ્રેશન કેન્સલ અથવા સસ્પેન્ડ કરી શકાય?**

કેસ ના તથ્યો:–

Termico Engineers & Erectors Pvt. Ltd. એ પશ્ચિમ બંગાળમાં રજિસ્ટર્ડ કરદાતા છે અને વર્ક્સ કોન્ટ્રાક્ટ ચલાવવાના વ્યવસાય સાથે જોડાયેલ છે. પીટિશનર પ્રી–ફેબ્રિકેટેડ સ્ટ્રક્ચર્સના એસેમ્બલી અને ઇરેક્શન તેમજ બાંધકામ સંબંધિત સર્વિસ પૂરી પાડે છે, અને સરકારી પ્રોજેક્ટ્સમાં જોડાયેલા મુખ્ય કોન્ટ્રાક્ટરો માટે કોન્ટ્રાક્ટર તેમજ સબ–કોન્ટ્રાક્ટર તરીકે વર્ક્સ કોન્ટ્રાક્ટ પણ હાથ ધરે છે. પી.સી.પી. ઇન્ટરનેશનલ લિમિટેડ જે મુખ્ય કોન્ટ્રાક્ટરોમાંના એક છે, તેમણે વર્ક્સ કોન્ટ્રાક્ટના અમલીકરણ માટે તારીખ ૨૧.૦૮.૨૦૨૧ ના રોજ 'લેટર ઓફ એવોર્ડ' ઇશ્યુ કર્યો હતો. ત્યારબાદ, સ્ટેટ ટેક્સ ઓથોરિટીએ પીટિશનરના GSTR-3B રિટર્નમાં વધારાની ઇનપુટ ટેક્સ ક્રેડિટના કારણે તફાવતો દર્શાવતી નોટિસ ઇશ્યુ કરી હતી. આ મિસ્મેચ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪, ૨૦૨૪–૨૫ અને ૨૦૨૫–૨૬ માટે અંદાજે ₹8,04,31,198.54 ની ITC સંબંધિત હતો, જેને ઓથોરિટી દ્વારા CGST અને WBGST એક્ટની સેક્શન 16(2)(c) સાથે વાંચેલી સેક્શન ૪૧ હેઠળ અસ્વીકાર્ય ગણવામાં આવી હતી.

પીટિશનરે તારીખ ૩૦.૦૪.૨૦૨૬ ના રોજ વિગતવાર જવાબ રજૂ કર્યો હતો અને તે પછી યોગ્ય નિર્ણય માટે સંબંધિત ઓથોરિટીને તેના સપ્લાયર્સની વિગતો સહિતના સંબંધિત દસ્તાવેજો પૂરા પાડ્યા હતા. આવી વિગતો આપવા છતાં, ઓથોરિટીએ તારીખ

૨૨.૦૫.૨૦૨૬ ના રોજ રજિસ્ટ્રેશન રદ કરવાનો પ્રસ્તાવ મૂકતી 'શો કોઝ નોટિસ' ઇશ્યુ કરી હતી અને તારીખ ૦૧.૦૪.૨૦૨૩ થી રેટ્રોસ્પેક્ટિવ અસરથી પીટિશનરનું રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરી દીધું હતું. પીટિશનરે દલીલ કરી હતી કે ITC મિસ્મેચની ચકાસણી અને ગણતરી કર્યા વગર રજિસ્ટ્રેશન સસ્પેન્ડ કરી શકાય નહીં. પીટિશનરના જણાવ્યા મુજબ, સસ્પેન્શનના કારણે તેના બિઝનેસ ઓપરેશન્સ ખોરવાઈ ગયા અને નાણાકીય મુશ્કેલીઓ ઊભી થઈ. આથી, પીટિશનરે રજિસ્ટ્રેશન રદ કરવાની પ્રોસિડીંગ્સ અને GST રજિસ્ટ્રેશનના રેટ્રોસ્પેક્ટિવ સસ્પેન્શનને પડકારતા કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

કોર્ટ સમક્ષનો પ્રશ્ન :–

કોર્ટ સમક્ષ મુખ્ય પ્રશ્ન એ હતો કે શું કરદાતાના GSTR-3B માં દર્શાવવામાં આવેલી વધુ કે ખોટી ITC ના આધારે – ભલે સપ્લાયરોની વિગતો અને સંબંધિત દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હોય – તે ITCની યોગ્ય ચકાસણી અને રકમનું નિર્ધારણ કર્યા વગર, GST રજિસ્ટ્રેશન રદ કરવાની કાર્યવાહી તેમજ રજિસ્ટ્રેશનને પાછલી તારીખથી સ્થગિત કરી શકાય કે નહીં. વધુમાં, કોર્ટ સમક્ષ એ પ્રશ્ન પણ હતો કે જો કરદાતા સંબંધિત સપ્લાયરોની ઓળખ અને વિગતો ઓથોરિટી સમક્ષ રજૂ કરે છે, તો કરચોરી અથવા સરકારને ટેક્સની રકમ ન મળવા અંગેની કાર્યવાહી ખરેખર કઈ વ્યક્તિ સામે થવી જોઈએ.

કોર્ટને એ પણ વિચારવાનું હતું કે કથિત ITC નો મુદ્દો હજુ તપાસ કે નિર્ણયની પ્રક્રિયામાં હોય અને તેની સામે કોઈ અંતિમ ટેક્સ ડિમાન્ડ નક્કી કરવામાં આવી ન હોય ત્યારે, માત્ર આવા આરોપના આધારે રજિસ્ટ્રેશન રદ કરવાની 'શો કોઝ નોટિસ' જારી કરવી કાયદેસર રીતે યોગ્ય છે કે નહીં. આ સંદર્ભમાં, સેક્શન 76(1) અને 76(2) હેઠળ જે વ્યક્તિ સરકારને રકમ ચૂકવવા માટે જવાબદાર હોય તેની સામે જ નોટિસની કાર્યવાહી કરવાનું મહત્વ પણ કોર્ટ સમક્ષ રજૂ થયું હતું.

અરજદાર તરફથી દલીલો

અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે નોંધણી સ્થગિત કરવાની કાર્યવાહી મનસ્વી, ગેરકાયદેસર અને અધિકારક્ષેત્રની બહારની હતી, કારણ કે કથિત ITC વિસંગતતાની પ્રથમ યોગ્ય તપાસ અથવા ચોક્કસ રકમનું નિર્ધારણ કરવામાં આવ્યું ન હતું.

અરજદારે જણાવ્યું હતું કે તેણે સત્તાધિકારીઓને સંબંધિત સપ્લાયરોની વિગતો તથા જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવ્યા હતા, તેથી માત્ર GSTR-3B અને અન્ય રિટર્ન વચ્ચેના કથિત તફાવતના આધારે તેની નોંધણી સ્થગિત કરવી યોગ્ય ન હતી. અરજદારે **Suncraft Energy Pvt. Ltd. v. Assistant Commissioner, State Tax** પર આધાર રાખ્યો હતો, જેમાં સપ્લાયર દ્વારા GSTR-1માં વિગતો ન દર્શાવવાના આધારે માત્ર પ્રાપ્તકર્તાની ITC આપમેળે રદ કરી શકાય નહીં, ખાસ કરીને જ્યારે પ્રાપ્તકર્તા પાસે માન્ય કર ઇન્વોઇસ અને ચુકવણીના પુરાવા હોય, તે સિદ્ધાંત પર ભાર મૂકાયો હતો. અરજદારે **D.Y. Beathel Enterprises** કેસનો પણ આધાર લીધો હતો, જેમાં કરની રકમ સરકાર સુધી ન પહોંચી હોય તો વેચનાર સામે વસૂલાતની કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં તે બાબતને મહત્વપૂર્ણ ગણવામાં આવી હતી. વધુમાં, **Shreyash Enterprises** કેસના આધારે દલીલ કરવામાં આવી હતી કે જ્યારે કથિત બોગસ ITC અંગેની કાર્યવાહી હજુ અંતિમ નિર્ણય સુધી પહોંચી ન હોય અને કોઈ અંતિમ માંગ નક્કી કરવામાં આવી ન હોય, ત્યારે નોંધણી રદ કરવાની નોટિસમાં આવા ITCના ઉપયોગ અથવા પસાર કરવાની વાતને નિશ્ચિત હકીકત તરીકે દર્શાવવી સમયપૂર્વ અને અયોગ્ય છે. તેથી, અરજદારે કોર્ટ સમક્ષ નોંધણી રદ કરવાની નોટિસ તથા પાછલી અસરથી કરવામાં આવેલી સ્થગિતતા રદ કરવાની માંગણી કરી હતી.

વિભાગ તરફથી દલીલો :

વિભાગ તરફથી અરજદારની અરજીનો વિરોધ કરવામાં આવ્યો હતો. રાજ્ય સત્તાધિકારીઓએ ખાસ કરીને અરજદાર દ્વારા તા. ૦૩.૦૭.૨૦૨૬ના પત્રમાં કરવામાં આવેલી રજૂઆત તથા સંબંધિત ઇ-મેઇલનો આધાર લીધો હતો. વિભાગ તરફથી જણાવવામાં આવ્યું હતું કે અરજદારે સત્તાધિકારીઓના અધિકારક્ષેત્રને સ્વીકાર્યું હતું અને ₹1,54,00,575ની સ્વીકારેલી રકમ તા. ૨૨.૦૫.૨૦૨૬થી જમા કરવાની તથા બાકી રહેલી વિવાદિત ITC અંગે અંતિમ નિર્ણયનું પાલન કરવાની બાંહેધરી આપી હતી. વિભાગનો અભિગમ એવો હતો કે આ રજૂઆતને ધ્યાનમાં લેતા અરજદારે કાર્યવાહી દરમિયાન સત્તાધિકારીઓના અધિકારને સ્વીકાર્યો હતો. વિભાગે અરજદારની રજૂઆતના આધારે નોંધણી રદ કરવાની કાર્યવાહી સામેની પડકારની જાળવણી અંગે વાંધો ઉઠાવ્યો હતો. જોકે, ઉપલબ્ધ ચુકાદામાં વિભાગ દ્વારા કથિત ITCની ચોક્કસતા અંગે વિગતવાર સ્વતંત્ર દલીલો કરતાં અરજદારના પત્ર અને બાંહેધરી પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો હોવાનું

નોંધાયું છે. કોર્ટ સમક્ષ રજૂ થયેલી સામગ્રીના આધારે વિભાગની દલીલનો મુખ્ય આધાર એ હતો કે અરજદારે અગાઉથી સત્તાધિકારીઓ સમક્ષ નિર્ધારિત રકમ અંગે સ્વીકાર દર્શાવ્યો હતો અને બાકી ITC અંગે સત્તાધિકારીઓના નિર્ણયને સ્વીકારવાની બાંહેધરી આપી હતી.

કોર્ટનો ચુકાદો :

કલકત્તા હાઇકોર્ટે અરજદાર દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો અને GSTR સંબંધિત સામગ્રીનું અવલોકન કર્યા બાદ નોંધ્યું કે અરજદારે પ્રથમ દૃષ્ટિએ હસ્તક્ષેપ માટે પૂરતો આધાર દર્શાવ્યો હતો. કોર્ટના મતે, અરજદારે સંબંધિત સપ્લાયરોના નામ અને વિગતો સત્તાધિકારીઓના ધ્યાન પર લાવી હતી. આવી પરિસ્થિતિમાં CGST અધિનિયમની સેક્શન 76(1) અને 76(2)ના સંદર્ભમાં સત્તાધિકારીઓ માટે સંબંધિત રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર વ્યક્તિ સામે નોટિસની કાર્યવાહી કરવી જરૂરી હતી. કોર્ટએ Suncraft Energyના સિદ્ધાંતને મહત્વ આપ્યું કે માત્ર સપ્લાયર સંબંધિત વિગતો GSTR-1માં ન દેખાતી હોવાના આધારે પ્રાપ્તકર્તાની ITC સીધી રીતે રદ કરી શકાય નહીં, ખાસ કરીને જ્યારે કર ઇન્વોઇસ અને ચુકવણીના પુરાવા ઉપલબ્ધ હોય. કોર્ટએ એ પણ ધ્યાનમાં લીધું કે Shreyash Enterprises મુજબ, જ્યારે કથિત બોગસ ITC અંગેની કાર્યવાહી હજુ અંતિમ નિષ્કર્ષ સુધી પહોંચી ન હોય અને કોઈ અંતિમ માંગ નક્કી ન થઈ હોય, ત્યારે આવા ITCના ઉપયોગ અથવા પસાર કરવાની બાબતને નોંધણી રદ કરવાની કાર્યવાહી માટે નિશ્ચિત આધાર તરીકે ગણવી સમયપૂર્વ થઈ શકે છે. આ કારણોસર તા. ૨૨.૦૫.૨૦૨૬ની નોંધણી રદ કરવાની કારણદર્શક નોટિસ, જેના આધારે નોંધણીને તા. ૦૧.૦૪.૨૦૨૩થી સ્થગિત કરવામાં આવી હતી, કોર્ટ દ્વારા રદ કરી દેવામાં આવી. જોકે, કોર્ટએ કથિત ITC વિસંગતતાનો અંતિમ નિર્ણય પોતે આપ્યો નથી. તેના બદલે અરજદારને તા. ૧૦.૦૪.૨૦૨૬ની સેક્શન 61 સાથે નિયમ 99 હેઠળની નોટિસનો ત્રણ અઠવાડિયામાં વિગતવાર જવાબ આપવા જણાવ્યું. ત્યારબાદ યોગ્ય અધિકારીએ વ્યક્તિગત સુનાવણીની તક આપી, કારણસભર અને વિગતવાર આદેશ પસાર કરવાનો તથા તે નિર્ણયની જાણ એક અઠવાડિયામાં કરવાની દિશા આપવામાં આવી. કોર્ટએ સ્પષ્ટ કર્યું કે યોગ્ય અધિકારી કોર્ટની ટિપ્પણીઓથી પ્રભાવિત થયા વિના સ્વતંત્ર નિર્ણય કરશે.

હાઈ કોર્ટ – ૨

Assessee	**Mohit Bansal**
Court	**High Court of Punjab and Haryana**
Citation	**CRWP-11313-2026(O&M)**
Issue	**સેક્શન ૬૯ હેઠળ અરેસ્ટની કાયદેસરતા – અરેસ્ટ ઓર્ડર વિશે જાણ ન કરવી અને ૭ દિવસની પૂર્વ નોટિસના નિયમનો ભંગ કરવો.**

કેસ ના તથ્યો:–

મોહીત બંસલ અરજદાર છે અને તેઓ કાયદેસર વ્યવસાય સાથે સંકળાયેલા તથા GST કાયદા હેઠળ નોંધાયેલ કરદાતા હતા. અરજદારને ધરપકડની આશંકા હોવાથી તેમણે અગાઉ સેશન્સ કોર્ટનો સંપર્ક કર્યો હતો. તા. ૧૮.૦૩.૨૦૨૬ના રોજ સેશન્સ કોર્ટ સમક્ષ વિભાગના વકીલે નિવેદન આપ્યું હતું કે જો અરજદારની ધરપકડ જરૂરી બનશે, તો ધરપકડ કરતાં પહેલાં સાત કાર્યકારી દિવસની પૂર્વ નોટિસ આપવામાં આવશે. આ નિવેદનના આધારે અરજદારે તે સમયે પોતાની આગોતરી જામીન અરજી પાછી ખેંચી હતી. ત્યારબાદ વિભાગ દ્વારા GST અધિનિયમની કલમ ૭૦ હેઠળ અરજદારને તપાસમાં હાજર રહેવા તથા દસ્તાવેજો રજૂ કરવા માટે સમન્સ આપવામાં આવ્યા હતા. તા. ૨૦.૦૮.૨૦૨૬ના રોજ સવારે આશરે ૫:૫૪ વાગ્યે તપાસ અધિકારીઓ અરજદારના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને આશરે ૬:૧૫ વાગ્યે અરજદાર તપાસમાં જોડાયા હતા. તે દરમિયાન અરજદારનું નિવેદન GST અધિનિયમની કલમ ૭૦ હેઠળ નોંધવામાં આવ્યું હતું.

અરજદારનો દાવો હતો કે તે સમયથી તેમની વ્યક્તિગત સ્વતંત્રતા પર અસરકારક નિયંત્રણ મૂકવામાં આવ્યું હતું અને તેઓ અધિકારીઓની મંજૂરી વિના સ્થળ છોડવા માટે સ્વતંત્ર નહોતા. જોકે, ધરપકડનો ઔપચારિક દસ્તાવેજ રાત્રે ૧૧:૩૦ વાગ્યે તૈયાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અરજદારને તા. ૨૧.૦૮.૨૦૨૬ના રોજ આશરે ૧૧:૦૦ વાગ્યે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. અરજદારે દલીલ કરી હતી કે જો ધરપકડનો પ્રારંભ સવારે ૬:૧૫ વાગ્યે માનવામાં આવે, તો ૨૪ કલાકની બંધારણીય મર્યાદા પૂર્ણ થયા

બાદ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂઆત થઈ હતી. બીજી તરફ, વિભાગે જણાવ્યું હતું કે અરજદારને કાયદેસર રીતે માત્ર રાત્રે ૧૧:૩૦ વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી અને તે સમયથી ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

કોર્ટ સમક્ષનો પ્રશ્ન :

કોર્ટ સમક્ષ મુખ્યત્વે ત્રણ મહત્વપૂર્ણ કાનૂની પ્રશ્નો વિચારણા માટે આવ્યા હતા. પ્રથમ પ્રશ્ન એ હતો કે શું અરજદારને ધરપકડના વાસ્તવિક સમયથી ગણતરી કરતાં ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા કે નહીં અને શું બંધારણની કલમ 22(2) તથા લાગુ કાયદાકીય જોગવાઈઓનું પાલન થયું હતું. બીજો પ્રશ્ન એ હતો કે શું વિભાગે સેશન્સ કોર્ટ સમક્ષ આપેલા સાત કાર્યકારી દિવસની પૂર્વ નોટિસ આપવાના સ્પષ્ટ નિવેદનનું પાલન કર્યું હતું. ત્રીજો અને અત્યંત મહત્વપૂર્ણ પ્રશ્ન એ હતો કે શું GST અધિનિયમની કલમ 69 હેઠળ ધરપકડ કરવા માટે જરૂરી પૂર્વશરતોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને, કલમ 69(1) હેઠળ કમિશનરે ધરપકડ માટે જરૂરી “reasons to believe” નોંધ્યા હતા કે નહીં અને તે આધારે કરવામાં આવેલ ધરપકડનું સત્તાવાર આદેશ અરજદારને ધરપકડ પહેલાં આપવામાં આવ્યું હતું કે નહીં, તે મુદ્દો કોર્ટ સમક્ષ આવ્યો હતો.
કોર્ટને એ પણ નક્કી કરવાનું હતું કે માત્ર ધરપકડના મેમોમાં કમિશનરને “reasons to believe” હોવાનું લખવામાં આવ્યું હોય તો શું તે કલમ 69(1)ના આદેશની જાણ કરવાની કાનૂની આવશ્યકતાનું પાલન ગણાય. વધુમાં, કલમ 70 હેઠળ આપવામાં આવેલા સમન્સને શું સાત કાર્યકારી દિવસની ધરપકડ પૂર્વ નોટિસ તરીકે ગણાવી શકાય તે પણ વિચારવાનું હતું. આ તમામ પ્રશ્નોનું નિર્ધારણ અરજદારની વ્યક્તિગત સ્વતંત્રતા, બંધારણની કલમ 21 અને 22(2), તથા GST કાયદા હેઠળ ધરપકડની સત્તાના કાયદેસર ઉપયોગના સંદર્ભમાં કરવામાં આવ્યું હતું.

અરજદાર તરફથી દલીલો

અરજદાર તરફથી મુખ્ય દલીલ કરવામાં આવી હતી કે ધરપકડનો સમય માત્ર ધરપકડ મેમોમાં દર્શાવવામાં આવેલા ઔપચારિક સમય પરથી નક્કી કરી શકાય નહીં, પરંતુ વ્યક્તિની વાસ્તવિક સ્વતંત્રતા ક્યારે પ્રતિબંધિત થઈ તે પરથી નક્કી થવો જોઈએ.

અરજદારના જણાવ્યા મુજબ, તા. ૨૦.૦૮.૨૦૨૬ના રોજ સવારે ૬:૧૫ વાગ્યાથી તેઓ તપાસ અધિકારીઓના અસરકારક નિયંત્રણ હેઠળ હતા અને તેમની હિલચાલ પર નિયંત્રણ હતું. તેથી બંધારણની કલમ 22(2) હેઠળની ૨૪ કલાકની મર્યાદા સવારે ૬:૧૫ વાગ્યાથી શરૂ થવી જોઈએ અને તા. ૨૧.૦૮.૨૦૨૬ના રોજ સવારે ૬:૧૫ વાગ્યે પૂર્ણ થવી જોઈએ. અરજદારને લગભગ ૧૧:૦૦ વાગ્યે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હોવાથી, તેમના મત મુજબ બંધારણીય સુરક્ષાનો ભંગ થયો હતો. આ દલીલના સમર્થનમાં **Roshan Beevi, Directoarte of Enforcement v. Deepak Mahajan, Directoarte of Enforcement v. Subhash Sharma** અને **Anuj Kumar Singh** સહિતના નિર્ણયો પર આધાર રાખવામાં આવ્યો હતો.

વધુમાં, અરજદારે દલીલ કરી હતી કે વિભાગે સેશન્સ કોર્ટ સમક્ષ સાત કાર્યકારી દિવસની પૂર્વ નોટિસ આપવાનું સ્પષ્ટ નિવેદન કર્યું હોવા છતાં આવી કોઈ અલગ ધરપકડ પૂર્વ નોટિસ આપવામાં આવી નહોતી. કલમ 70 હેઠળના સમન્સને ધરપકડની નોટિસ તરીકે ગણાવી શકાય નહીં, કારણ કે સમન્સ તપાસ માટે હાજર રહેવા અને દસ્તાવેજો રજૂ કરવા માટે હોય છે. અરજદારે વધુમાં **Union of India v. Sunil Biyani**ના તાજેતરના સર્વોચ્ચ અદાલતના ચુકાદા પર ભાર મૂક્યો હતો, જેમાં કલમ 69(1) હેઠળ કમિશનર દ્વારા કરવામાં આવેલ ધરપકડ સત્તાધિકરણનો આદેશ અને તેમાં રહેલા **"reasons to believe"** ધરપકડ પહેલાં વ્યક્તિને જણાવવાની આવશ્યકતા માન્ય કરવામાં આવી હતી. અરજદારના જણાવ્યા મુજબ, તેને માત્ર ધરપકડ મેમો આપવામાં આવ્યો હતો, પરંતુ કમિશનરનો મૂળ કલમ 69(1)નો આદેશ, તેના કારણો તથા આધારરૂપ સામગ્રી આપવામાં આવી નહોતી. તેથી ધરપકડ કાયદેસર રીતે ટકી શકે નહીં અને ત્યારબાદના રિમાન્ડના આદેશો અગાઉ થયેલી ગેરકાયદેસર ધરપકડને કાયદેસર બનાવી શકે નહીં તેવી દલીલ કરવામાં આવી હતી.

વિભાગ તરફથી દલીલો

વિભાગ તરફથી અરજદારની અરજીનો વિરોધ કરતાં દલીલ કરવામાં આવી હતી કે અરજદારને ૨૦.૦૮.૨૦૨૬ના રોજ સવારે ૬:૧૫ વાગ્યે ધરપકડ કરવામાં આવી નહોતી, પરંતુ તેમની ઔપચારિક ધરપકડ રાત્રે ૧૧:૩૦ વાગ્યે કરવામાં આવી હતી. તેથી તેમને ૨૧.૦૮.૨૦૨૬ના રોજ મેજિસ્ટ્રેટ સમક્ષ ૨૪ કલાકની અંદર રજૂ કરવામાં આવ્યા હતા અને

બંધારણની કલમ 22(2)નું પાલન થયું હતું. વિભાગે ભાર મૂક્યો હતો કે તપાસ દરમિયાન વ્યક્તિની હાજરી, સમન્સ જારી કરવું અથવા પૂછપરછ કરવી પોતે જ ધરપકડ સમાન નથી. વિભાગે "custody" અને "arrest" વચ્ચેનો કાનૂની તફાવત દર્શાવીને જણાવ્યું હતું કે દરેક પ્રકારની કસ્ટડી આપમેળે ધરપકડ બની જતી નથી. આ સંદર્ભમાં Roshan Beevi અને Directorate of Enforcement v. Deepak Mahajan પર આધાર રાખવામાં આવ્યો હતો. વિભાગે વધુમાં દલીલ કરી હતી કે અરજદાર હાલમાં સક્ષમ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલા રિમાન્ડના આદેશોના આધારે ન્યાયિક કસ્ટડીમાં છે અને આવા આદેશોને પડકારવામાં આવ્યા નથી. તેથી habeas corpus પ્રકારની અરજીમાં અગાઉની ધરપકડના સમયને આધારે હાલની કસ્ટડીને ગેરકાયદેસર ગણાવી શકાય નહીં તેવી દલીલ કરવામાં આવી હતી. સાત કાર્યકારી દિવસની નોટિસ બાબતે વિભાગે જણાવ્યું હતું કે અરજદારને ૧૮.૦૩.૨૦૨૬ તથા ૨૨.૦૪.૨૦૨૬ના રોજ કલમ 70 હેઠળ સમન્સ આપવામાં આવ્યા હતા અને તેને તપાસમાં સહકાર આપવા પૂરતી તકો આપવામાં આવી હતી. વિભાગે એવો પણ દાવો કર્યો હતો કે અરજદાર તપાસમાં સહકાર આપતા નહોતા અને તેમની આગોતરી જામીન અરજી પણ અગાઉ નામંજૂર થઈ હતી. કલમ 69 હેઠળની ધરપકડ અંગે વિભાગે જણાવ્યું હતું કે જરૂરી "reasons to believe" હાજર હતા અને ધરપકડ મેમોમાં કમિશનરને આવા કારણો હોવાનું સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું હતું. તેથી વિભાગના મત મુજબ કલમ 69(1) હેઠળની કાનૂની આવશ્યકતાઓનું પાલન થયું હતું અને ધરપકડ કાયદેસર હતી.

કોર્ટનો ચુકાદો :

પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે સૌપ્રથમ સ્પષ્ટ કર્યું કે ધરપકડનો પ્રારંભ માત્ર ધરપકડ મેમોમાં દર્શાવેલા સમયથી નક્કી થતો નથી અને કસ્ટડી તથા ધરપકડ બંનેને દરેક પરિસ્થિતિમાં સમાન ગણાવી શકાય નહીં. કોર્ટએ નોંધ્યું કે ૨૦.૦૮.૨૦૨૬ના રોજ સવારે ૫:૫૪ વાગ્યે અધિકારીઓ અરજદારના નિવાસસ્થાને પહોંચ્યા હતા અને અરજદાર સવારે ૬:૧૫ વાગ્યે તપાસમાં જોડાયા હતા. તેમ છતાં, રેકોર્ડમાં એવું દર્શાવતું કોઈ પૂરતું સામગ્રી નહોતું કે સવારે ૬:૧૫થી રાત્રે ૧૧:૩૦ સુધી અરજદારની હિલચાલ પર વાસ્તવિક અથવા બળજબરીપૂર્વકનું નિયંત્રણ હતું. પરિવારના અન્ય સભ્યો સ્થળે આવ-જાવ કરતા હતા

અને અરજદારનો મોબાઇલ ફોન પણ લેવામાં આવ્યો હોવાનું દર્શાવતું કોઈ સામગ્રી નહોતું. વધુમાં, અરજદારે પોતાની ધરપકડ પછી તરત દાખલ કરેલી જામીન અરજીમાં પોતે જ ધરપકડનો સમય રાત્રે ૧૧:૩૦ વાગ્યાનો દર્શાવ્યો હતો.

તેથી કોર્ટએ ૬:૧૫ વાગ્યાને ધરપકડનો પ્રારંભિક સમય સ્વીકાર્યો નહીં અને ૨૪ કલાકની ગણતરી રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી કરી. પરિણામે, મેજિસ્ટ્રેટ સમક્ષ ૨૧.૦૮.૨૦૨૬ના રોજ ૧૧:૦૦ વાગ્યે થયેલી રજૂઆત ૨૪ કલાકની અંદર હોવાથી આ આધાર પર ધરપકડને ગેરકાયદેસર ગણવામાં આવી નહીં. જોકે, સાત કાર્યકારી દિવસની પૂર્વ નોટિસના મુદ્દે કોર્ટએ વિભાગની દલીલ સ્વીકારી નહીં. કોર્ટએ નોંધ્યું કે ૧૮.૦૩.૨૦૨૬ના સેશન્સ કોર્ટના આદેશમાં વિભાગના વકીલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જો ધરપકડ જરૂરી બનશે તો સાત કાર્યકારી દિવસની પૂર્વ નોટિસ આપવામાં આવશે. આ નિવેદનને અરજદારના તપાસમાં સહકારની કોઈ શરત સાથે જોડવામાં આવ્યું ન હતું. કોર્ટએ વધુમાં સ્પષ્ટ કર્યું કે કલમ 70 હેઠળના સમન્સ તપાસ માટે હાજરી અને દસ્તાવેજો મેળવવા માટેની સત્તા છે, જ્યારે કલમ 69 ધરપકડની અલગ કાયદેસર સત્તા છે. તેથી માત્ર સમન્સ જારી થયા બાદ સાત દિવસથી વધુ સમય પસાર થઈ ગયો હોવાથી સાત દિવસની ધરપકડ પૂર્વ નોટિસ આપવામાં આવી હોવાનું માનવું યોગ્ય નથી.

● ---- X ---- ●

હાઈ કોર્ટ – ૩

Assessee	**Star Traders**
Court	**High Court of Delhi**
Citation	**W.P.(C) 10175/2025**
Issue	**શું સેક્શન 6(2)(b) ના કારણે સેક્શન ૭૪ ની કાર્યવાહી અટકી જતી હતી? અને શું સેક્શન 16(2)(c) બંધારણીય રીતે વેલિડ હતું કે નહીં?**

કેસ ના તથ્યો:–

અરજદાર Star Traders સામે દિલ્હી CGST વિભાગ દ્વારા કરચોરી અને ખોટી રીતે Input Tax Credit મેળવવા સંબંધિત તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસ દિલ્હી ઈસ્ટ કમિશનરેટ તરફથી પ્રાપ્ત થયેલા પત્રના આધારે દિલ્હી વેસ્ટ કમિશનરેટ દ્વારા શરૂ કરવામાં આવી હતી. તપાસના અનુસંધાનમાં ૨૩ જુલાઈ ૨૦૧૯ના રોજ અરજદારના પરિસરમાં શોધખોળ કરવામાં આવી હતી. આ શોધખોળ દરમિયાન Rs.11,00,000ની રકમ જપ્ત કરવામાં આવી હતી. તે જ દિવસે અરજદાર ફર્મના પ્રોપ્રાઇટર શ્રી Atimukt Jainનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. તેમના નિવેદન મુજબ ફર્મ વર્ષ ૨૦૧૭માં નોંધાયેલ હતી અને ફર્મ દ્વારા માલની વાસ્તવિક સપ્લાય કર્યા વિના માત્ર ઇન્વૉઇસ જારી કરવામાં આવ્યા હતા. નિવેદનમાં એવું પણ નોંધાયું હતું કે ફર્મ દ્વારા કોઈ વાસ્તવિક વ્યવસાયિક પ્રવૃત્તિ કરવામાં આવતી ન હતી અને શ્રી Pawan Singla આવા ઇન્વૉઇસના વ્યવહારમાં ૦.૨૫% કમિશન માટે સંકળાયેલા હતા.

ત્યારબાદ CGST Actની Section 74 હેઠળ ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ શો–કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી. નોટિસમાં Rs.3,53,40,345 જેટલી ITC એવી inward supplies પર લેવામાં આવી હોવાનો આક્ષેપ હતો, જેના સપ્લાયરો અસ્તિત્વમાં ન હતા અથવા જેમનું GST નોંધણીકરણ પાછલી તારીખથી રદ કરવામાં આવ્યું હતું. વધુમાં, માલની વાસ્તવિક સપ્લાય વિના ઇન્વૉઇસ જારી કરીને Rs.3,24,67,297ની ITC અન્ય વ્યક્તિઓને પાસ ઓન

કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ રીતે કુલ Rs.6,78,07,642ની રકમની અયોગ્ય ITC, વ્યાજ અને દંડની વસૂલાતનો પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અધિકૃત અધિકારીએ એકતરફી રીતે કાર્યવાહી પૂર્ણ કરીને શો–કોઝ નોટિસમાં પ્રસ્તાવિત માંગણીની પુષ્ટિ કરતો Order-in-Original પસાર કર્યો હતો. અરજદારે આ કાર્યવાહી સામે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કરીને મુખ્યત્વે Section 6(2)(b), કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને Section 16(2)(c)ની બંધારણીય માન્યતાને પડકારી હતી.

કોર્ટ સમક્ષનો પ્રશ્ન :

કોર્ટ સમક્ષ પ્રથમ મુખ્ય પ્રશ્ન એ હતો કે શું CGST Actની Section 6(2)(b) હેઠળ કેન્દ્ર અને રાજ્ય કર સત્તાધિકારીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહી એક જ વિષયવસ્તુ સાથે સંબંધિત હોવાથી બીજી કાર્યવાહી કાયદેસર રીતે પ્રતિબંધિત હતી. અરજદારનો દાવો હતો કે રાજ્ય સત્તાધિકારીએ અગાઉથી સમાન વિષય અંગે કાર્યવાહી શરૂ કરી હોવાથી કેન્દ્ર સત્તાધિકારી દ્વારા શરૂ કરાયેલી કાર્યવાહી અમાન્ય ગણાવી જોઈએ. આ સંદર્ભમાં કોર્ટને નક્કી કરવાનું હતું કે બંને કાર્યવાહીનો વિષય ખરેખર સમાન હતો કે નહીં. બીજો પ્રશ્ન એ હતો કે શું અધિકૃત અધિકારીએ અરજદારને પૂરતી તક આપ્યા વિના એકતરફી રીતે Order-in-Original પસાર કરીને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કર્યું હતું. કોર્ટને એ પણ વિચારવાનું હતું કે અરજદારને આપવામાં આવેલી વિવિધ નોટિસો અને વ્યક્તિગત સુનાવણીની તકોને ધ્યાનમાં લેતાં તેને "unheard" ગણાવી શકાય કે નહીં.

ત્રીજો મહત્વનો પ્રશ્ન Section 16(2)(c)ની બંધારણીય માન્યતા અંગે હતો. અરજદારે દલીલ કરી હતી કે સપ્લાયર દ્વારા કર ચૂકવવામાં ન આવ્યો હોય તો તેના કારણે ખરીદદારને ITC થી વંચિત રાખવું બંધારણીય રીતે માન્ય નથી. આથી કોર્ટ સમક્ષ Section 16(2)(c) બંધારણની Article 14 સાથે સુસંગત છે કે નહીં તે પ્રશ્ન પણ ઉપસ્થિત થયો હતો. સાથે સાથે કોર્ટને એ પણ નક્કી કરવાનું હતું કે વૈકલ્પિક કાયદેસર અપીલનો ઉપાય ઉપલબ્ધ હોવા છતાં Article 226 હેઠળ રિટ અરજીમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય હતો કે નહીં. કોર્ટએ આ તમામ મુદ્દાઓનું મૂલ્યાંકન કરીને અંતે રિટ અરજીને વૈકલ્પિક ઉપાયના આધારે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો.

અરજદાર તરફથી દલીલો

અરજદાર તરફથી મુખ્ય દલીલ કરવામાં આવી હતી કે તેની સામે શરૂ કરવામાં આવેલી CGST કાર્યવાહી CGST Actની Section 6(2)(b) દ્વારા પ્રતિબંધિત હતી. અરજદારનું કહેવું હતું કે રાજ્ય કર સત્તાધિકારી દ્વારા સમાન વિષય અંગે અગાઉથી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તેથી કેન્દ્ર કર સત્તાધિકારી દ્વારા તે જ વિષય અંગે સમાન અથવા સમાંતર કાર્યવાહી શરૂ કરવી કાયદેસર રીતે માન્ય ન હોવી જોઈએ. અરજદારના જણાવ્યા મુજબ અગાઉની કાર્યવાહી અને હાલની કાર્યવાહી બંને ITC સંબંધિત મુદ્દાઓ સાથે જોડાયેલી હોવાથી Section 6(2)(b)નો પ્રતિબંધ લાગુ થવો જોઈએ. આ આધાર પર અરજદારે હાલની શો–કોઝ નોટિસ અને તેના આધારે પસાર કરાયેલ Order-in-Originalને કાયદાની દૃષ્ટિએ અમાન્ય જાહેર કરવાની માંગણી કરી હતી.

અરજદાર તરફથી બીજી દલીલ એ હતી કે adjudicating authoritiy દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરવામાં આવ્યું ન હતું. અરજદારનું કહેવું હતું કે યોગ્ય રીતે સુનાવણીની તક મળ્યા વિના કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. ત્રીજી દલીલમાં Section 16(2)(c)ની બંધારણીય માન્યતાને પડકારવામાં આવી હતી. અરજદારનું કહેવું હતું કે સપ્લાયર દ્વારા કરની ચુકવણી ન કરવામાં આવે તો તેના માટે ખરીદદારને જવાબદાર બનાવીને ITC નકારવું Article 14ની સમાનતાની જોગવાઈ સાથે અસંગત છે. અરજદારે આ તમામ મુદ્દાઓના આધારે હાઈકોર્ટ પાસે રિટ અધિકારક્ષેત્ર હેઠળ હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી હતી. જોકે અરજદારે એ સ્વીકાર્યું હતું કે Order-in-Original સામે કાયદા હેઠળ વૈકલ્પિક અપીલનો ઉપાય ઉપલબ્ધ હતો.

વિભાગ તરફથી દલીલો

વિભાગ તરફથી રજૂ કરવામાં આવેલી કાર્યવાહીનો આધાર એ હતો કે કેન્દ્ર અને રાજ્ય સત્તાધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી બંને કાર્યવાહી એક જ વિષય અંગેની નહોતી. રાજ્ય સત્તાધિકારીની કાર્યવાહી મુખ્યત્વે FY 2017-18 માટે GSTR-3Bમાં દર્શાવાયેલા ટર્નઓવરની પુનઃમિલાન પ્રક્રિયામાંથી ઊભી થયેલી inward supplies પર ITCના ખોટા

લાભ અંગે હતી. બીજી તરફ, કેન્દ્ર સત્તાધિકારીની કાર્યવાહી વિભાગને પ્રાપ્ત થયેલી intelligence અને અરજદારના પરિસરમાં કરવામાં આવેલી search દરમિયાન પ્રાપ્ત થયેલી સામગ્રી પર આધારિત હતી. શોધખોળ અને તપાસ દરમિયાન અરજદાર દ્વારા માલની વાસ્તવિક સપ્લાય વિના ઇન્વૉઇસ જારી કરવાની બાબત અને અસ્તિત્વમાં ન હોય તેવા અથવા પાછળથી રદ થયેલા સપ્લાયરો પાસેથી ITC મેળવવાની બાબતો સામે આવી હતી.

વિભાગની કાર્યવાહી માત્ર ટર્નઓવરની reconciliation સુધી મર્યાદિત નહોતી. તેમાં ખોટા ઇન્વૉઇસ દ્વારા ITC પાસ ઓન કરવાનો અલગ આરોપ પણ સામેલ હતો. તેથી બંને કાર્યવાહીનો આધાર, સામગ્રી અને કથિત ડિફૉલ્ટની પ્રકૃતિ અલગ હતી. કુદરતી ન્યાયના મુદ્દે વિભાગના રેકોર્ડ મુજબ અરજદારને વારંવાર નોટિસો આપવામાં આવી હતી. ૧૩ નવેમ્બર ૨૦૨૪, ૨૭ નવેમ્બર ૨૦૨૪ અને ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ માટે speed-post દ્વારા નોટિસો મોકલવામાં આવી હતી. ત્યારબાદ ૮ જાન્યુઆરી ૨૦૨૫ની વ્યક્તિગત સુનાવણી માટે નોંધાયેલા ઈ-મેલ સરનામે પણ નોટિસ મોકલવામાં આવી હતી. તેમ છતાં અરજદાર કોઈપણ તારીખે હાજર રહ્યો ન હતો અને શો-કોઝ નોટિસનો વિગતવાર જવાબ પણ રજૂ કર્યો ન હતો. તેથી વિભાગના મત મુજબ અરજદારને પૂરતી તક આપવામાં આવી હોવા છતાં તેણે તેનો ઉપયોગ કર્યો ન હતો.

કોર્ટનો ચુકાદો

દિલ્હી હાઈકોર્ટે અરજદારની રિટ અરજી સ્વીકારવાનો ઇનકાર કર્યો અને તેને વૈકલ્પિક કાયદેસર અપીલના ઉપાયનો ઉપયોગ કરવા માટે સ્વતંત્રતા આપી. Section 6(2)(b) અંગે કોર્ટએ સ્પષ્ટ કર્યું કે આ જોગવાઈનો પ્રતિબંધ ત્યારે જ લાગુ પડે છે જ્યારે રાજ્ય કાયદા હેઠળની કાર્યવાહી અગાઉ શરૂ થયેલી હોય અને બંને કાર્યવાહીનો વિષય એકસરખો હોય. કોર્ટએ રેકોર્ડનું પરીક્ષણ કરતાં નોંધ્યું કે રાજ્ય સત્તાધિકારીની કાર્યવાહી FY 2017-18ના GSTR-3Bમાં જાહેર કરાયેલા ટર્નઓવરની reconciliationમાંથી ઊભી થયેલી inward supplies પર ITCના કથિત ખોટા લાભ અંગે હતી. બીજી તરફ, કેન્દ્ર સત્તાધિકારીની કાર્યવાહી વિભાગને પ્રાપ્ત થયેલી intelligence અને ૨૩ જુલાઈ ૨૦૧૯ની searchમાંથી પ્રાપ્ત સામગ્રી પર આધારિત હતી. કોર્ટએ નોંધ્યું કે કેન્દ્રની કાર્યવાહી હેઠળ અરજદાર દ્વારા વાસ્તવિક માલની સપ્લાય વિના ઇન્વૉઇસ જારી કરવાના અને અસ્તિત્વમાં ન હોય તેવા અથવા પાછળથી રદ થયેલા સપ્લાયરો પાસેથી ITC મેળવવાના આક્ષેપો હતા.

તેથી બંને કાર્યવાહીનો આરોપ, આધારભૂત સામગ્રી અને ડિફૉલ્ટની પ્રકૃતિ અલગ હતી. ખાસ કરીને, વાસ્તવિક સપ્લાય વિના ઇન્વૉઇસ દ્વારા ITC પાસ ઓન કરવાનો આક્ષેપ રાજ્ય સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલી ટર્નઓવર reconciliation સાથે સંબંધિત ન હતો. આથી કોર્ટએ ઠરાવ્યું કે બંને કાર્યવાહીને એક જ વિષયવસ્તુની કાર્યવાહી કહી શકાય નહીં અને Section 6(2)(b)નો પ્રતિબંધ લાગુ પડતો નથી. કુદરતી ન્યાયના મુદ્દે કોર્ટએ નોંધ્યું કે અરજદારને અનેક વખત નોટિસો અને સુનાવણીની તકો આપવામાં આવી હતી, છતાં તેણે તેનો લાભ લીધો ન હતો. Section 16(2)(c)ની બંધારણીય માન્યતા અંગે કોર્ટએ ગુજરાત હાઈકોર્ટના Maruti Enterprise v. Union of Indiaના ચુકાદા અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટના Bhandari Scrap Traders v. Union of Indiaના નિર્ણયનો આધાર લીધો અને આ મુદ્દે પહેલેથી જ કાનૂની સ્થિતિ સ્થિર હોવાનું નોંધ્યું. તેથી કોર્ટએ Section 16(2)(c)માં હસ્તક્ષેપ કરવાનો કોઈ આધાર જોયો નહીં. અંતે, કોર્ટએ માંગણીની ગુણવત્તા અથવા merits અંગે કોઈ અંતિમ અભિપ્રાય વ્યક્ત કર્યો ન હતો અને અરજદારને યોગ્ય અપીલ સત્તાધિકારી સમક્ષ તમામ વાંધા રજૂ કરવાની છૂટ આપી.

● ---- X ---- ●

હાઈ કોર્ટ – ૪

Assessee	**M/s. Sree Amman Traders**
Court	**High Court of Madras**
Citation	**WA No. 687 of 2026**
Issue	**શું CGST એક્ટની સેક્શન 6 હેઠળ ક્રોસ–એમ્પાવરમેન્ટ માટે અલગથી નોટિફિકેશન બહાર પાડવું જરૂરી છે?**

કેસ ના તથ્યો:–

આ કેસમાં મદ્રાસ હાઇકોર્ટ સમક્ષ કુલ ૨૨ રિટ અપીલોનો સમૂહ હતો, જેમાં ૧૬ અપીલો રાજ્ય GST સત્તાધિકારીઓ દ્વારા અને ૬ અપીલો કેન્દ્ર GST સત્તાધિકારીઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી. વિવાદનો મુખ્ય વિષય CGST Act, 2017ની કલમ 6 હેઠળ કેન્દ્ર અને રાજ્ય GST અધિકારીઓને એકબીજાના ક્ષેત્રમાં કાર્યવાહી કરવાની મળેલી સત્તા એટલે કે "ક્રોસ–એમ્પાવરમેન્ટ" સાથે સંબંધિત હતો. વિવિધ કરદાતાઓ વિરુદ્ધ રાજ્ય અથવા કેન્દ્ર GST અધિકારીઓ દ્વારા તપાસ, સમન્સ, આકારણી તથા અન્ય કાર્યવાહી કરવામાં આવી હતી. કરદાતાઓએ એવી દલીલ કરી હતી કે એક GST સત્તાધિકારીને બીજા GST સત્તાધિકારીના કરદાતા સામે કાર્યવાહી કરવાની સત્તા ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે કલમ 6(1) હેઠળ જરૂરી સૂચના એટલે કે Notification જારી કરવામાં આવી હોય. સંબંધિત રિટ અરજીઓમાં મદ્રાસ હાઇકોર્ટની સિંગલ બેન્ચે તા. ૧૧.૦૩.૨૦૨૪ના આદેશો દ્વારા કરદાતાઓના પક્ષમાં નિર્ણય આપ્યો હતો. સિંગલ બેન્ચે એવો અભિગમ અપનાવ્યો હતો કે કલમ 6 હેઠળ ક્રોસ–એમ્પાવરમેન્ટ માટે જરૂરી Notification જારી કરવામાં આવી ન હોવાથી સંબંધિત કાર્યવાહી કાયદેસર રીતે ટકી શકતી નથી. પરિણામે કેટલાક સમન્સ તથા આકારણી સંબંધિત કાર્યવાહી રદ કરવામાં આવી હતી. આ આદેશોને પડકારતાં રાજ્ય તથા કેન્દ્ર GST સત્તાધિકારીઓ દ્વારા વર્તમાન write appeals દાખલ કરવામાં આવી હતી. અપીલની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટનો તાજેતરનો Armour Security (India) Ltd. v. Commissioner, CGST, Delhi East Commissionerateનો ચુકાદો પણ હાઇકોર્ટ

સમક્ષ ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે GST વ્યવસ્થામાં ક્રોસ–એમ્પાવરમેન્ટની સંકલ્પનાને માન્ય ગણાવી હતી અને કલમ 6(2)(b) હેઠળ "same subject matter" સંબંધિત મર્યાદાઓ અંગે માર્ગદર્શિકા આપી હતી. મદ્રાસ હાઇકોર્ટે નોંધ્યું કે મૂળ વિવાદનું કેન્દ્રબિંદુ એ હતું કે કલમ 6(1)માં ઉલ્લેખિત Notification ક્રોસ–એમ્પાવરમેન્ટની મૂળ સત્તા આપે છે કે માત્ર તે સત્તાના ઉપયોગ પર શરતો લાદવા માટે છે.

કોર્ટ સમક્ષનો પ્રશ્ન :

કોર્ટ સમક્ષ મુખ્ય પ્રશ્ન એ હતો કે CGST Actની કલમ 6(1) હેઠળ રાજ્ય GST અધિકારીઓ અને કેન્દ્ર GST અધિકારીઓને એકબીજાના કાયદા હેઠળ "proper officer" તરીકે કાર્ય કરવાની સત્તા મૂળભૂત રીતે અધિનિયમમાંથી જ પ્રાપ્ત થાય છે કે નહીં. આ સાથે સંકળાયેલો પ્રશ્ન એ હતો કે કલમ 6(1)માં ઉલ્લેખિત "Notification" જારી ન કરવામાં આવે તો ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તાનો ઉપયોગ સંપૂર્ણપણે અશક્ય બની જાય છે કે નહીં. કરદાતાઓનો મુખ્ય વાંધો એવો હતો કે Notification વિના કેન્દ્ર અથવા રાજ્ય અધિકારી બીજા કાયદા હેઠળ કાર્યવાહી કરી શકતા નથી. બીજી તરફ, Revenue તરફથી એવો અભિગમ રજૂ કરવામાં આવ્યો હતો કે કલમ 6(1) પોતે જ ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તાનો કાનૂની આધાર છે અને Notificationનો હેતુ માત્ર તે સત્તાના ઉપયોગ માટે જરૂરી શરતો નક્કી કરવાનો છે. કોર્ટ સમક્ષ એ પણ વિચારવાનું હતું કે Armour Security કેસમાં સુપ્રીમ કોર્ટે આ મુદ્દાનો પૂરતો નિર્ણય કર્યો છે કે નહીં. વધુમાં, કલમ 6(2)(b) હેઠળ "same subject matter" સંબંધિત પ્રતિબંધ અને Central તથા State Authorities દ્વારા શરૂ કરવામાં આવતી કાર્યવાહી વચ્ચેનો સંબંધ પણ ધ્યાનમાં લેવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલ "same subject matter"ના સિદ્ધાંતો અને intelligence-based enforcement action સંબંધિત માર્ગદર્શિકાઓનો પણ વિચાર કરવામાં આવ્યો. અંતે કોર્ટને નક્કી કરવાનું હતું કે માત્ર Notificationના અભાવના આધારે પહેલેથી હાથ ધરાયેલી કાર્યવાહી રદ કરી શકાય કે નહીં.

અરજદાર તરફથી દલીલો

કરદાતાઓ તરફથી મુખ્ય દલીલ એવી કરવામાં આવી હતી કે CGST Actની કલમ 6(1)માં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે રાજ્ય GST અથવા UTGST હેઠળ નિયુક્ત અધિકારીઓને CGST Actના હેતુઓ માટે proper officers તરીકે સત્તા આપવાની વ્યવસ્થા સરકાર દ્વારા Notification મારફતે કરવામાં આવશે અને આવી સત્તા "such conditions as the Government may specify"ને આધીન રહેશે. તેથી, કરદાતાઓના મત મુજબ, અલગ Notification વિના ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તાનો ઉપયોગ કરી શકાય નહીં. તેમના તરફથી એવો પણ અભિપ્રાય રજૂ કરવામાં આવ્યો હતો કે Armour Security કેસમાં સુપ્રીમ કોર્ટે ક્રોસ–એમ્પાવરમેન્ટની સામાન્ય સંકલ્પનાને માન્યતા આપી હોવા છતાં, Notificationના સંપૂર્ણ અભાવમાં કલમ 6(1)ની સત્તાનો ઉપયોગ કરી શકાય કે નહીં તે ચોક્કસ પ્રશ્નનો નિર્ણય કર્યો નથી. તેથી, તેમની દલીલ મુજબ, સંબંધિત કાર્યવાહી jurisdictionના અભાવને કારણે કાયદેસર રીતે ટકી શકતી નથી. કરદાતાઓએ એ પણ ભારપૂર્વક રજૂ કર્યું હતું કે કલમ 6(1)માં Notificationનો ઉલ્લેખ માત્ર ઔપચારિક બાબત નથી, પરંતુ સત્તાના ઉપયોગ માટેની કાનૂની પૂર્વશરત તરીકે જોવો જોઈએ. તેમના મત મુજબ, જો Notification વિના ક્રોસ–એમ્પાવરમેન્ટ માન્ય ગણવામાં આવે તો કલમમાં Notification અંગે કરવામાં આવેલી જોગવાઈનો હેતુ નિરર્થક બની જશે. આ આધારે તેમણે સિંગલ બેન્ચ દ્વારા અપનાવવામાં આવેલા અભિગમને યોગ્ય ગણાવ્યો અને Revenueની અપીલો નામંજૂર કરવાની માંગણી કરી.

વિભાગ તરફથી દલીલો

વિભાગ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે GST કાયદાની સમગ્ર રચનામાં કેન્દ્ર અને રાજ્ય કર સત્તાધિકારીઓ વચ્ચે ક્રોસ–એમ્પાવરમેન્ટ એક સ્વીકાર્ય અને કાયદેસર વ્યવસ્થા છે. Revenueએ સુપ્રીમ કોર્ટના Armour Security (India) Ltd. v. Commissioner, CGST, Delhi East Commissionerateના ચુકાદા પર વિશેષ ભાર મૂક્યો હતો, જેમાં સુપ્રીમ કોર્ટે GST કાયદા હેઠળ ક્રોસ–એમ્પાવરમેન્ટને માન્ય સંકલ્પના તરીકે સ્વીકારી હતી. વિભાગે એ દલીલ કરી હતી કે કલમ 6(1) પોતે જ સંબંધિત અધિકારીઓને

proper officer તરીકે કાર્ય કરવાની સત્તાનો સ્રોત છે અને Notification દ્વારા માત્ર તે સત્તાના ઉપયોગ પર ચોક્કસ શરતો અથવા મર્યાદાઓ લાદી શકાય છે. આ સંદર્ભમાં CBIC દ્વારા ૨૨.૦૬.૨૦૨૦ના રોજ જારી કરાયેલ Clarificationનો પણ આધાર લેવામાં આવ્યો હતો, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે Notificationની જરૂરિયાત ત્યારે ઊભી થાય છે જ્યારે ક્રોસ–એમ્પાવરમેન્ટ પર કોઈ શરત લાદવાની હોય. જો કોઈ શરત લાદવાની ન હોય તો અલગ Notificationના અભાવને કારણે મૂળભૂત ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તા અસ્તિત્વહીન થતી નથી. વિભાગે વધુમાં M/s Gannon Dunkerley & Co. v. State of Rajasthanના સુપ્રીમ કોર્ટના ચુકાદાનો આધાર લીધો હતો અને દલીલ કરી હતી કે જ્યારે કાયદો મૂળભૂત સત્તા પ્રદાન કરે છે અને પછીની જોગવાઈ માત્ર તે સત્તાના ઉપયોગ માટેની શરતો નક્કી કરવાની હોય, ત્યારે આવી શરતો નક્કી કરતી અનુગામી કાર્યવાહીનો અભાવ મૂળભૂત કાનૂની સત્તાને નિષ્ક્રિય બનાવી શકતો નથી.

કોર્ટનો ચુકાદો

મદ્રાસ હાઇકોર્ટની Division Benchએ Revenueની write appeals મંજૂર કરી અને સિંગલ બેન્ચના અગાઉના આદેશોને રદ કર્યા. કોર્ટએ સૌપ્રથમ સુપ્રીમ કોર્ટના Armour Security (India) Ltd. ના ચુકાદાને ધ્યાનમાં લીધો અને નોંધ્યું કે સુપ્રીમ કોર્ટે GST કાયદાની રચનામાં ક્રોસ–એમ્પાવરમેન્ટને માન્ય સંકલ્પના તરીકે સ્વીકારી છે. કોર્ટએ ખાસ નોંધ્યું કે સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદાના પરિચ્છેદ 44 પછી કલમ 6(1) હેઠળની Notificationની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ થયેલા ૨૨.૦૬.૨૦૨૦ના CBIC Clarificationમાં પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે કલમ 6(1)માં ઉલ્લેખિત Notificationનો હેતુ ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તા આપવાનો નથી, પરંતુ જો સરકાર કોઈ શરતો લાદવા માંગતી હોય તો તે શરતો નક્કી કરવાનો છે. મદ્રાસ હાઇકોર્ટે આ સ્પષ્ટીકરણને સ્વીકારતાં જણાવ્યું કે માત્ર Notification જારી ન થવાને કારણે કલમ 6(1) નિષ્ક્રિય અથવા અર્થહીન બની જતી નથી. કોર્ટના મત મુજબ, કલમ 6(1) પોતે જ ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તાનો કાનૂની સ્રોત છે. Notification હોય તો તે સત્તાના ઉપયોગ પર શરતો અથવા મર્યાદાઓ લાદી શકે છે, પરંતુ Notificationનો અભાવ મૂળભૂત સત્તાને નષ્ટ કરતો નથી. કોર્ટએ વધુમાં Gannon Dunkerleyના સુપ્રીમ કોર્ટના ચુકાદાનો આધાર

લીધો, જેમાં જણાવાયું હતું કે મૂળભૂત કાનૂની સત્તાનો ઉપયોગ માત્ર એટલા માટે અટકી જતો નથી કે પછીની જોગવાઈ હેઠળ શરતો નક્કી કરતો કાયદો હજી બનાવાયો નથી. આ સિદ્ધાંતને વર્તમાન કેસમાં લાગુ કરતાં હાઇકોર્ટે ઠરાવ્યું કે Section 6 માત્ર Notificationના અભાવને કારણે અટકેલી સ્થિતિમાં રહેતી નથી. તેથી, કરદાતાઓનો એવો વાંધો કે Notification વિના ક્રોસ–એમ્પાવરમેન્ટનો ઉપયોગ થઈ શકે નહીં, સ્વીકાર્ય રહ્યો નથી. કોર્ટએ સ્પષ્ટ કર્યું કે ક્રોસ–એમ્પાવરમેન્ટની સત્તા ઉપલબ્ધ છે, પરંતુ તેની કાયદેસર કસરત Section 6(2)(b) હેઠળ "same subject matter" સંબંધિત મર્યાદાઓ અને Armour Security માં સુપ્રીમ કોર્ટે આપેલી માર્ગદર્શિકાઓને આધીન રહેશે. પરિણામે સિંગલ બેન્ચના આદેશો રદ કરી તમામ સંબંધિત મામલાઓને Armour Securityના તારણો અને માર્ગદર્શિકાઓને ધ્યાનમાં રાખીને નવી વિચારણા માટે પરત મોકલવામાં આવ્યા.

● ---- X ---- ●

હાઈ કોર્ટ – ૫

Assessee	**Parag Garg & Ors**
Court	**High Court of Delhi**
Citation	**W.P.(C) 13883/2026**
Issue	**અન–રજિસ્ટર્ડ વ્યક્તિઓને સેક્શન 122(1A) લાગુ પડશે કે નહીં? અને શું તા. ૦૧.૦૧.૨૦૨૧ પહેલા થયેલા ટ્રાન્ઝેક્શન્સ પર પણ જૂની તારીખથી આ કાયદો લાગુ કરી શકાય?**

કેસ ના તથ્યો:–

આ કેસમાં દિલ્હી હાઈકોર્ટ સમક્ષ સેક્શન 122(1A) હેઠળ વ્યક્તિગત દંડ લાદવામાં આવેલા અનેક અરજદારો દ્વારા રિટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આ અરજીઓનું મૂળ M/s Worlds Window Impex India Private Limited સામે શરૂ કરવામાં આવેલી કાર્યવાહી સાથે સંબંધિત હતું. કંપની સામે ૨૭ જુલાઈ ૨૦૨૩ના રોજ સંયુક્ત શો–કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સેક્શન 74 હેઠળ Order-in-Original પસાર કરવામાં આવ્યો હતો. વિભાગે કંપની દ્વારા વાસ્તવિક માલની સપ્લાય વિના ઇન્વૉઇસના આધારે પરિપત્ર વેપાર અને અયોગ્ય રીતે Input Tax Credit મેળવવાનો આક્ષેપ કર્યો હતો. આ રીતે આશરે Rs. 24,99,88,069ની ITC અયોગ્ય રીતે મેળવવામાં આવી હોવાનું જણાવી માંગણી તથા દંડની પુષ્ટિ કરવામાં આવી હતી. કંપનીના અલગ–અલગ સમયગાળાના ત્રણ ડિરેક્ટરો સામે પણ સેક્શન 122(1A) હેઠળ Rs.24,99,88,069 જેટલો વ્યક્તિગત દંડ દરેક પર લાદવામાં આવ્યો હતો. આ ઉપરાંત સેક્શન 125 હેઠળ દરેક અરજદાર પર Rs.25,000નો દંડ પણ લાદવામાં આવ્યો હતો. અરજદારોએ પોતાની સામે લાદવામાં આવેલા વ્યક્તિગત દંડની કાયદેસરતા અને માન્યતાને પડકારી હતી. તેમનો મુખ્ય વાંધો એ હતો કે તેઓ કંપનીના માત્ર ડિરેક્ટર અથવા કર્મચારી–ડિરેક્ટર હતા અને તેમના વ્યક્તિગત લાભ અથવા વ્યવહારમાં વ્યક્તિગત સંડોવણી અંગે ચોક્કસ નિષ્કર્ષ નોંધાયો ન હતો. કેટલાક અરજદારોએ એવો પણ દાવો કર્યો હતો કે તેઓ સંબંધિત વ્યવહારોના સમયગાળા દરમિયાન કંપનીના

ડિરેક્ટર જ નહોતા. આ પૃષ્ઠભૂમિમાં કોર્ટ સમક્ષ સેક્શન 122(1A)ના વ્યાપ અને તેની ૧ જાન્યુઆરી ૨૦૨૧થી લાગુ પડતી સમયમર્યાદા અંગે મહત્વપૂર્ણ કાનૂની પ્રશ્નો ઊભા થયા હતા.

કોર્ટ સમક્ષનો પ્રશ્ન :

કોર્ટ સમક્ષ મુખ્યત્વે બે મહત્વપૂર્ણ કાનૂની પ્રશ્નો વિચારણા માટે આવ્યા હતા. પ્રથમ પ્રશ્ન એ હતો કે શું CGST Actની સેક્શન 122(1A) હેઠળ એવો વ્યક્તિ દંડ માટે જવાબદાર બની શકે છે જે પોતે "taxable person" નથી અથવા GST હેઠળ નોંધાયેલ કે નોંધણી માટે જવાબદાર નથી. આ પ્રશ્નના સંદર્ભમાં કોર્ટને સેક્શન 122(1), સેક્શન 122(1A), સેક્શન 122(2) અને સેક્શન 122(3)માં વિધાનસભાએ વાપરેલા "taxable person", "any registered person" અને "any person" જેવા જુદા-જુદા શબ્દપ્રયોગોનું અર્થઘટન કરવાનું હતું. બીજો મહત્વપૂર્ણ પ્રશ્ન એ હતો કે સેક્શન 122(1A), જે ૧ જાન્યુઆરી ૨૦૨૧થી અમલમાં આવી હતી, તે તારીખ પહેલાં થયેલા વ્યવહારો અથવા કૃત્યો પર લાગુ કરી શકાય કે નહીં. ખાસ કરીને કોર્ટને નક્કી કરવાનું હતું કે દંડની જોગવાઈની લાગુ પડવાની તારીખ વ્યવહારની તારીખથી નક્કી થવી જોઈએ કે પછી શો-કોઝ નોટિસ જારી થયાની તારીખથી. આ પ્રશ્ન સાથે બંધારણના Article 20(1)માં રહેલા પૂર્વલક્ષી દંડ સામેના રક્ષણનો પણ સંબંધ હતો.

કોર્ટ સમક્ષ એ પણ પ્રશ્ન હતો કે શું સેક્શન 122(1A) હેઠળ વ્યક્તિગત દંડ લાદવા માટે વ્યક્તિએ સંબંધિત વ્યવહારનો લાભ જાળવી રાખ્યો હોવો અને તે વ્યવહાર તેના કહેવાથી અથવા તેની સૂચનાથી થયો હોવો બંને શરતો પૂર્ણ થવી જરૂરી છે. વધુમાં, વૈકલ્પિક અપીલ ઉપલબ્ધ હોવા છતાં આ મહત્વપૂર્ણ કાનૂની પ્રશ્નો અંગે Article 226 હેઠળ રિટ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવો યોગ્ય છે કે નહીં તે મુદ્દો પણ વિચારવામાં આવ્યો હતો.

અરજદાર તરફથી દલીલો

અરજદારો તરફથી દલીલ કરવામાં આવી હતી કે શો–કોઝ નોટિસ અથવા Order-in-Originalમાં તેમની વ્યક્તિગત ભૂમિકા, કૃત્ય અથવા ચૂક અંગે કોઈ ચોક્કસ આક્ષેપ કરવામાં આવ્યો ન હતો. અરજદારોનું કહેવું હતું કે માત્ર કંપનીના ડિરેક્ટર હોવાના આધારે સેકશન 122(1A) હેઠળ વ્યક્તિગત દંડ લાદી શકાય નહીં. કેટલાક અરજદારોએ જણાવ્યું હતું કે તેઓ ઓગસ્ટ ૨૦૨૦માં ડિરેક્ટર તરીકે નિયુક્ત થયા હતા, જ્યારે કથિત વ્યવહારો તે પહેલાંના સમયગાળાના હતા. અન્ય એક અરજદાર ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ડિરેક્ટર પદેથી રાજીનામું આપી ચૂક્યો હતો. તેઓ કંપનીના પ્રમોટર કે શેરહોલ્ડર નહોતા અને તેમના દ્વારા કથિત વ્યવહારોનો લાભ મેળવવામાં આવ્યો હોવાનું કોઈ નિષ્કર્ષ પણ નોંધાયો ન હતો. અરજદારોએ વધુમાં દલીલ કરી હતી કે સેકશન 122(1A) એક નવી અને સ્વતંત્ર દંડાત્મક જોગવાઈ છે, જે Finance Act, 2020 દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૧થી અમલમાં આવી હતી. તેથી તે પહેલાં થયેલા વ્યવહારો પર આ જોગવાઈ લાગુ કરી શકાય નહીં. તેમણે CIT v. Vatika Township Pvt. Ltd., CCE, Ahmedabad v. Orient Fabrics (P) Ltd., Ritesh Agarwal v. SEBI અને Amit Manilal Haria v. Joint Commissioner જેવા નિર્ણયો પર આધાર રાખ્યો હતો. અરજદારોનું કહેવું હતું કે ૧ જુલાઈ ૨૦૧૭થી ૩૧ માર્ચ ૨૦૧૯ અથવા વધુમાં વધુ ૩૦ ઓગસ્ટ ૨૦૨૦ સુધીના વ્યવહારો માટે ૧ જાન્યુઆરી ૨૦૨૧ પછી અમલમાં આવેલી દંડની જોગવાઈ લાગુ કરવી પૂર્વલક્ષી દંડ સમાન છે. વધુમાં, સેકશન 122(1A)માં જરૂરી બે શરતો, એટલે કે લાભ જાળવી રાખવો અને વ્યવહાર પોતાની સૂચનાથી કરાવવો, બંને અંગે કોઈ નિષ્કર્ષ ન હતો. તેથી માત્ર ડિરેક્ટર તરીકેની પદવીના આધારે દંડ લાદવો કાયદેસર નથી એવી દલીલ કરવામાં આવી હતી.

વિભાગ તરફથી દલીલો

વિભાગ તરફથી પ્રથમ દલીલ કરવામાં આવી હતી કે સેકશન 122(1A)ની લાગુ પડતી બાબત અને વ્યક્તિગત દંડની યોગ્યતા મુખ્યત્વે પુરાવા અને હકીકતો પર આધારિત છે અને તેનો નિર્ણય કાયદા હેઠળની અધિકૃત અપીલ સત્તા દ્વારા થવો જોઈએ. વિભાગે દલીલ કરી હતી કે અરજદારો પાસે સેકશન 107 હેઠળ અસરકારક વૈધાનિક અપીલનો ઉપાય ઉપલબ્ધ હોવાથી Article 226 હેઠળ સીધી રિટ અરજી જાળવવા યોગ્ય નથી. આ માટે

Mafatlal Industries Ltd. v. Union of India અને Embassy Property Developments Pvt. Ltd. v. State of Karnataka પર આધાર રાખવામાં આવ્યો હતો. સેક્શન 122(1A)ની પૂર્વલક્ષી લાગુ પડવાની બાબતે વિભાગે દલીલ કરી હતી કે કથિત છેતરપિંડીયુક્ત ITC મેળવવું, ITC પાસ ઓન કરવું અને વાસ્તવિક સપ્લાય વિના ઇન્વોઇસ જારી કરવું પહેલેથી જ GST Act હેઠળ પ્રતિબંધિત હતું. સેક્શન 122(1A)એ માત્ર આવા ઉલ્લંઘનો માટે ચોક્કસ દંડાત્મક પરિણામ નક્કી કર્યું હતું. તેથી વિભાગના મત મુજબ તે નવી ગેરકાયદેસરતા ઊભી કરતી જોગવાઈ નથી અને માત્ર અગાઉના કૃત્યો સાથે સંબંધિત હોવાથી તેને પૂર્વલક્ષી ગણાવી શકાય નહીં. વિભાગે Union of India v. Madan Gopal Kabra, Shanti Conductors (P) Ltd. v. Assam SEB અને Zile Singh v. State of Haryana પર આધાર રાખ્યો હતો. વિભાગે વધુમાં દલીલ કરી હતી કે સેક્શન 122(1A) હેઠળનો દંડ નાગરિક અથવા નાણાકીય સ્વરૂપનો હોવાથી Article 20(1)નું રક્ષણ લાગુ પડતું નથી અને SEBI v. Ajay Agarwalનો આધાર લેવામાં આવ્યો હતો. વધુમાં, વ્યક્તિગત સંડોવણી, લાભ મેળવવો અને વ્યવહાર કરાવવો જેવા પ્રશ્નો હકીકત આધારિત હોવાથી તે રિટ અધિકારક્ષેત્રમાં નક્કી કરવા યોગ્ય નથી તેવી દલીલ કરવામાં આવી હતી. વિભાગે સેક્શન 122(1A)નું હેતુલક્ષી અર્થઘટન કરવાની પણ વિનંતી કરી હતી જેથી ગેરકાયદેસર વ્યવહારનો વાસ્તવિક લાભ મેળવનાર વ્યક્તિ જવાબદારીમાંથી બચી ન શકે.

કોર્ટનો ચુકાદો

દિલ્હી હાઈકોર્ટે સેક્શન 122(1A) અંગે અગાઉના વિવિધ હાઈકોર્ટના વિભિન્ન અભિપ્રાયોનું વિશ્લેષણ કરીને બંને કાનૂની પ્રશ્નોના સ્વતંત્ર રીતે નિરાકરણ કર્યું. કોર્ટએ પ્રથમ ઠરાવ્યું કે સેક્શન 122(1A) હેઠળ જવાબદારી ત્યારે જ ઊભી થાય જ્યારે બે સંયુક્ત શરતો પૂર્ણ થાય. પ્રથમ, સંબંધિત વ્યક્તિએ સેક્શન 122(1)(i), (ii), (vii) અથવા (ix)માં આવરી લેવાયેલા વ્યવહારનો લાભ જાળવી રાખ્યો હોવો જોઈએ અને બીજું, એવો વ્યવહાર તેની સૂચના અથવા તેના કહેવાથી કરવામાં આવ્યો હોવો જોઈએ. કોર્ટએ સ્પષ્ટ કર્યું કે આ બંને શરતો એકસાથે સાબિત થવી જરૂરી છે. ત્યારબાદ કોર્ટએ સેક્શન ૧૨૨ના જુદા-જુદા ઉપબંધોમાં વિધાનસભાએ “taxable person”, “any registered person” અને “any

person" જેવા અલગ શબ્દોનો જાગૃતપણે ઉપયોગ કર્યો હોવાનું નોંધ્યું. સેક્શન 122(1A) માં "any person" શબ્દનો ઉપયોગ થયો હોવાથી તેને માત્ર "taxable person" સુધી મર્યાદિત કરી શકાય નહીં. કોર્ટએ Bharat Parihar, Gurudas Mallik Thakur અને Mayank Bansalના અભિગમ સાથે સહમતિ દર્શાવી અને Shantanu Sanjay Hundekari તથા Amit Manilal Hariaના મર્યાદિત અભિગમને આ મુદ્દે સ્વીકાર્યો નહીં. કોર્ટએ ઠરાવ્યું કે "any person"માં એવો વ્યક્તિ પણ આવી શકે છે જે GST હેઠળ નોંધાયેલ નથી અથવા નોંધણી માટે જવાબદાર નથી, જો તે સેક્શન 122(1A)ની બંને શરતો પૂર્ણ કરે. કોર્ટએ ત્યારબાદ સેક્શન 122(1A)ની સમયગત લાગુ પડવાની બાબતે ઠરાવ્યું કે આ જોગવાઈ ૧ જાન્યુઆરી ૨૦૨૧થી આગળના વ્યવહારો અથવા કૃત્યો પર જ લાગુ પડે છે. માત્ર શો–કોઝ નોટિસ ૧ જાન્યુઆરી ૨૦૨૧ પછી જારી કરવામાં આવી હોય તે કારણે અગાઉના વ્યવહારો પર આ દંડની જોગવાઈ લાગુ કરી શકાય નહીં. કોર્ટએ સેક્શન ૧૩૨ સાથેના કાનૂની સમાનતાનો અને Article 20(1)ના બંધારણીય રક્ષણનો આધાર લીધો. તેથી ૧ જાન્યુઆરી ૨૦૨૧ પહેલાં થયેલા કૃત્યો માટે સેક્શન 122(1A) હેઠળ દંડ લાદી શકાય નહીં. કોર્ટએ Bhupender Kumarના વિપરીત અભિગમને સ્વીકાર્યો નહીં અને Amit Manilal Hariaના સમયગત લાગુ પડવાના અભિગમને આ મર્યાદિત મુદ્દે અનુસર્યો. અંતે કોર્ટએ કાનૂની પ્રશ્નોનો નિર્ણય કર્યા બાદ દરેક અરજદારના હકીકતી મુદ્દાઓ, જેમ કે લાભ જાળવી રાખ્યો કે નહીં, વ્યવહાર તેની સૂચનાથી થયો કે નહીં અને વ્યવહાર ૧ જાન્યુઆરી ૨૦૨૧ પછીનો છે કે નહીં, તે અપીલ સત્તાધિકારી સમક્ષ નક્કી કરવા માટે ખુલ્લા રાખ્યા.

● ---- X ---- ●

એડવાન્સ રૂલિંગ – ૧

Assessee	**M/s S.K. Swamy and Company**
Court	**Authority for Advance Ruling Karnataka**
Citation	**KAR.ADRG/42/2026**
Issue	**JCB મશીનનો ઉપયોગ કરીને રેલ્વે ટ્રેક પાસે પડેલી પથ્થરની કાંકરીને રેલ્વે ડબ્બામાં ભરવાનો વ્યવહાર GST હેઠળ 'વર્ક્સ કોન્ટ્રાક્ટ / કમ્પોઝિટ સપ્લાય' ગણીને ૫% ના દરે ટેક્સ લાગશે કે સ્વતંત્ર 'સપ્લાય ઓફ સર્વિસ' ગણીને ૧૮% ના દરે ટેક્સ લાગશે?**

કેસ ના તથ્યો:–

અરજદાર, M/s S.K. Swamy and Company, GST કાયદા હેઠળ નોંધાયેલી એક ભાગીદારી પેઢી છે, જે ભારતીય રેલ્વે માટે કોન્ટ્રાક્ટ પર કામ કરે છે. તેઓ રેલ્વે માટે પુલ અને ટનલ બનાવવાનું, પથ્થરની કાંકરી પૂરી પાડવાનું અને તેનો ઢગલો કરવાનું, માટીકામ કરવાનું તથા આ બધા કામના સબ–કોન્ટ્રાક્ટ લેવાનું કામ કરે છે.

અરજદાર અને ભારતીય રેલ્વે વચ્ચે થયેલા કોન્ટ્રાક્ટ મુજબ આ કામ બે અલગ–અલગ ભાગમાં થાય છે:

૧. પહેલો ભાગ: અરજદાર રેલ્વેના નક્કી કરેલા ડેપો કે જગ્યા પર પથ્થરની કાંકરી પહોંચાડે છે. ત્યાં કાંકરી ખાલી થતાં જ તેની માલિકી રેલ્વેની થઈ જાય છે અને અરજદાર તેનું અલગથી બિલ આપે છે.

૨. બીજો ભાગ: તે પછી, રેલ્વે એન્જિનિયરની સૂચના અને ટાઈમ–ટેબલ મુજબ, રેલ્વે ટ્રેક પાસે પડેલી કાંકરીને JCB મશીન વડે ટ્રેક પર ઉભા રાખેલા રેલ્વેના ડબ્બાઓમાં લોડ કરવાનું કામ કરવામાં આવે છે. આ લોડિંગના કામનું બિલ પણ અલગથી બનાવવામાં આવે છે.

આ આખી પ્રક્રિયામાં અરજદાર માત્ર કાંકરીને JCB થી ઉપાડીને ડબ્બામાં ભરવાનું જ કામ કરે છે. તેમાં કાંકરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનું, રેલ્વેના ડબ્બા

ખસેડવાનું કે રેલ્વેનું બીજું કોઈ કામ કરવાનો સમાવેશ થતો નથી. આ ઉપરાંત, લોડિંગ કામની મજૂરી કેટલું અંતર કાપ્યું તેના પર નહીં, પણ કેટલા ઘન મીટર (Cubic Metres) કાંકરી ભરી તેના આધારે ગણાય છે.

અરજદારે AAR સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ રેલ્વેને ૫% ના દરે કાંકરી સપ્લાય કરે છે અને આ લોડિંગનું કામ પણ તેનો જ ભાગ હોવાથી તેના પર પણ ૫% GST જ લાગવો જોઈએ. આથી, તેમણે જાણવા માગ્યું હતું કે JCB થી કાંકરી લોડ કરવાના આ કામ પર કેટલા ટકા GST લાગશે.

મુદ્દો (Issue):

મુખ્ય પ્રશ્ન કે મુદ્દો એ છે કે શું રેલ્વે ટ્રેક પાસે પડેલી પથ્થરની કાંકરીને JCB મશીનનો ઉપયોગ કરીને ટ્રેક પર ઉભા રાખેલા રેલ્વેના ડબ્બાઓમાં લોડ કરવાની કામગીરી પર કેટલા ટકા GST લાગુ પડશે. અરજદારનો દાવો હતો કે રેલ્વેને કાંકરી સપ્લાય કરવાનો તેમનો મુખ્ય કોન્ટ્રાક્ટ ૫% GST ના દર હેઠળ આવે છે અને આ લોડિંગ કામગીરી પણ તેનો જ ભાગ હોવાથી તેના પર પણ ૫% ના દરે જ ટેક્સ લાગવો જોઈએ.

આથી, એડવાન્સ રૂલિંગ ઓથોરિટી સમક્ષ નિર્ણય કરવાનો મુખ્ય મુદ્દો એ હતો કે શું આ લોડિંગ કામગીરીને સેક્શન 2(119) હેઠળ "વર્ક્સ કોન્ટ્રાક્ટ" કે સેક્શન 2(30) હેઠળ કાંકરીના સપ્લાય સાથે જોડાયેલી "કમ્પોઝિટ સપ્લાય" ગણી શકાય, અથવા તો તેને સેક્શન 2(31) હેઠળ સ્વતંત્ર સેવા ગણીને Cargo Handling Services હેઠળ ૧૮% GST ના દરે કરપાત્ર ગણવી જોઈએ.

અરજદાર તરફથી રજુઆત:

અરજદારે રજૂઆત કરી હતી કે તેઓ ભારતીય રેલ્વે માટે વિવિધ વર્ક્સ કોન્ટ્રાક્ટની કામગીરી પૂરી પાડતી નોંધાયેલી ભાગીદારી પેઢી છે, જેમાં મુખ્યત્વે રેલ્વે ટ્રેક માટે પથ્થરની કાંકરી પૂરી પાડવી, તેનો ઢગલો કરવો, માટીકામ કરવું અને રેલ અંડર બ્રિજ કે ટનલનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે. રેલ્વે સાથેના તેમના મોટાભાગના (૭૦% થી વધુ) કરાર કાંકરી સપ્લાય કરવા માટેના વર્ક્સ કોન્ટ્રાક્ટ પ્રકારના છે, જેના પર કાયદા મુજબ ૫% ના દરે GST લાગુ પડે છે.

અરજદારે સ્પષ્ટતા કરી હતી કે રેલ્વે સાથે થયેલા કરાર મુજબ તેઓ પ્રથમ તબક્કામાં નક્કી કરેલા ડેપો કે જગ્યા પર પથ્થરની કાંકરી પહોંચાડે છે અને તેની ડિલિવરી થતાં જ તેનો અલગથી ૫% GST સાથેનો ટેક્સ ઇન્વોઇસ રેઇઝ કરે છે. ત્યારબાદ, રેલ્વેના એન્જિનિયર-ઇન-ચાર્જના શિડ્યુલ અને સૂચનાઓ મુજબ, ટ્રેક પાસે પડેલી તે કાંકરીને JCB મશીન / મિકેનિકલ લોડર વડે રેલ્વેના ડબ્બાઓમાં લોડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે.

તેમણે દાવો કર્યો હતો કે JCB મશીન દ્વારા કાંકરી લોડ કરવાનું આ કામ એ કોઈ અલગ કે સ્વતંત્ર ટ્રાન્સપોર્ટેશન સર્વિસ નથી, પરંતુ રેલ્વેને કાંકરી સપ્લાય કરવાના મુખ્ય કામગીરીનો જ એક અનિવાર્ય અને આનુષંગિક (ancillary) ભાગ છે. લોડિંગ પ્રક્રિયા દરમિયાન કાંકરીનું કોઈ પરિવહન કરવામાં આવતું નથી કે રેલ્વેના ડબ્બાઓને ખસેડવાનું કોઈ કામ કરવામાં આવતું નથી; માત્ર ટ્રેક પાસે પડેલી કાંકરીને ઉપાડીને ડબ્બામાં ભરવામાં આવે છે.

આથી, અરજદારે એવી દલીલ કરી હતી કે કાંકરીના સપ્લાય પર ૫% GST લાગતો હોવાથી, તે જ સપ્લાયના ભાગરૂપે કરાતી લોડિંગ સર્વિસ પર પણ કમ્પોઝિટ સપ્લાયના સિદ્ધાંત મુજબ અથવા મુખ્ય કોન્ટ્રાક્ટના આધારે ૫% ના દરે જ GST ચાર્જ થવો જોઈએ.

કોર્ટનો ચુકાદો (ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ – કર્ણાટક):

કર્ણાટક એડવાન્સ રૂલિંગ ઓથોરિટીએ અરજદારની દલીલોને ફગાવી દેતાં ચુકાદો આપ્યો કે JCB મશીન વડે કાંકરીને રેલ્વે ડબ્બાઓમાં લોડ કરવાની કામગીરી એ કોઈ "વર્ક્સ કોન્ટ્રાક્ટ" કે "કમ્પોઝિટ સપ્લાય" નથી, પરંતુ તે એક સ્વતંત્ર સેવા છે.

AAR એ નોંધ્યું કે કાંકરીનો સપ્લાય અને તેનું લોડિંગ એ બંને અલગ-અલગ તબક્કે થાય છે. અરજદાર પહેલાં ડેપો પર કાંકરી પહોંચાડે છે ત્યારે તેની માલિકી રેલ્વેને ટ્રાન્સફર થઈ જાય છે અને તેનું બિલ પણ અલગથી આપી દેવાય છે. ત્યારબાદ, રેલ્વેની માલિકીની બની ચૂકેલી કાંકરીને જ પાછળથી અલગ સૂચના મુજબ ડબ્બાઓમાં લોડ કરવામાં આવે છે. લોડિંગ વખતે અરજદાર કોઈ ટ્રાન્સપોર્ટેશન કે રેલ્વે ડબ્બા ખસેડવાનું કામ કરતા નથી અને મહેનતાણું પણ લોડ કરાયેલી કાંકરીના જથ્થા (ઘન મીટર) ના આધારે લેવાય છે.

વધુમાં, AAR એ સ્પષ્ટ કર્યું કે આ કામગીરી કોઈ ઈમમૂવેબલ પ્રોપર્ટીના નિર્માણ સંબંધિત ન હોવાથી તેને સેક્શન 2(119) હેઠળ "વર્ક્સ કોન્ટ્રાક્ટ" ગણી શકાય નહીં. તેમજ બંને

પ્રવૃત્તિઓ અલગ–અલગ સમયે હાથ ધરાતી હોવાથી અને અલગ બિલ બનતાં હોવાથી તે સેક્શન 2(30) હેઠળ કુદરતી રીતે જોડાયેલી "કમ્પોઝિટ સપ્લાય" પણ ઠરતી નથી.

આથી, ઓથોરિટીએ ચુકાદો આપ્યો કે રેલ્વેની માલિકીની કાંકરીને JCB વડે ડબ્બામાં ભરવાની આ સેવા સર્વિસ એકાઉન્ટિંગ કોડ SAC 996719 હેઠળ "Other cargo and baggage handling services" (હેડિંગ 9967 - 'Supporting services in transport') તરીકે વર્ગીકૃત થાય છે. પરિણામે, નોટિફિકેશન નં. ૧૧/૨૦૧૭–સેન્ટ્રલ ટેક્સ (રેટ) ની એન્ટ્રી નં. ૧૧ મુજબ આ લોડિંગ સેવા પર ૧૮% GST લાગુ પડશે.

એડવાન્સ રૂલિંગ:

પ્ર.૧ શું JCB મશીનનો ઉપયોગ કરીને રેલ્વે ટ્રેક નજીક પડેલી પથ્થરની કાંકરીને ટ્રેક પર ઉભા રાખેલા રેલ્વેના ડબ્બાઓમાં લોડ કરવાના કામ પર કયો GST રેટ લાગુ પડશે?

જ. આ પ્રવૃત્તિ માત્ર કાંકરી લોડ કરવાની હોવાથી તેને 'વર્ક્સ કોન્ટ્રાક્ટ' કે 'કમ્પોઝિટ સપ્લાય' ગણી શકાય નહીં. તે SAC 996719 હેઠળ કાર્ગો હેન્ડલિંગ સેવા (Other cargo and baggage handling services) ગણાશે અને તેના પર ૧૮% GST લાગુ પડશે.

રિમાર્કસ:

આ ચુકાદો GST કાયદા હેઠળ વર્ક્સ કોન્ટ્રાક્ટ, કમ્પોઝિટ સપ્લાય અને સ્વતંત્ર સેવાઓ વચ્ચેનો તફાવત સમજીને યોગ્ય ટેક્સ રેટ નક્કી કરવા માટે એક મહત્વપૂર્ણ માર્ગદર્શિકા પૂરી પાડે છે. ઘણીવાર કરદાતાઓ એવું માની લેતા હોય છે કે જો મુખ્ય માલના સપ્લાયનો દર ઓછો (જેમ કે અહીં કાંકરી માટે ૫%) હોય અને લોડિંગનું કામ પણ તે જ ટેન્ડરનો ભાગ હોય, તો તેના પર પણ મુખ્ય દર જ લાગુ પડે. પરંતુ AAR એ સ્પષ્ટ કર્યું છે કે એક જ વર્ક ઓર્ડર હેઠળ થતી પ્રવૃત્તિઓ જો અલગ–અલગ તબક્કે, અલગ બિલિંગથી અને અલગ–અલગ શરતો સાથે હાથ ધરાતી હોય, તો તેને કમ્પોઝિટ સપ્લાય ગણી શકાય નહીં.

AAR એ સેક્શન 2(119) ની જોગવાઈઓનું વિશ્લેષણ કરીને એ બાબત પર પણ ભાર મૂક્યો છે કે માત્ર રેલ્વે કે મોટી સંસ્થાઓ સાથે કામ કરવાથી દરેક સેવા "વર્ક્સ કોન્ટ્રાક્ટ" બની જતી નથી. વર્ક્સ કોન્ટ્રાક્ટ ઠરવા માટે તે કામગીરી કોઈ ઈમમૂવેબલ પ્રોપર્ટીના બાંધકામ, સુધારણા કે નિર્માણ સાથે સીધી રીતે જોડાયેલી હોવી આવશ્યક છે. અહીં માત્ર માલસામાનનું લોડિંગ જ થતું હોવાથી તેને કાયદાકીય રીતે વર્ક્સ કોન્ટ્રાક્ટની વ્યાખ્યામાંથી બહાર રાખવામાં આવ્યું છે.

વધુમાં, નાણાકીય લેવડદેવડમાં માલિકીના ટ્રાન્સફરનું ટાઇમિંગ કેટલું નિર્ણાયક છે તે આ કેસ દર્શાવે છે. ડેપો પર માલ ખાલી થતાં જ તેની માલિકી રેલ્વેની થઈ જાય છે, તેથી ત્યારબાદ થતી લોડિંગ કામગીરી એ "રેલ્વેની પોતાની માલિકીના માલ" પર થતી સેવા બને છે. આથી જ તેને કાર્ગો હેન્ડલિંગ સર્વિસ (SAC 996719) ગણીને ૧૮% ના પૂર્ણ દર હેઠળ મૂકવામાં આવી છે.

આ ચુકાદો કરદાતાઓ અને ટેક્સ પ્રેક્ટિશનર્સ માટે એક સ્પષ્ટ નિર્દેશ છે કે સપ્લાયની પ્રકૃતિ (Nature of Supply) નક્કી કરતી વખતે કોન્ટ્રાક્ટની શરતો, બિલિંગ પેટર્ન, માલિકીનું હસ્તાંતરણ અને સેવા પૂરી પાડવાના સમયગાળાને ઊંડાણપૂર્વક ચકાસવો જરૂરી છે, જેથી ખોટા ક્લાસિફિકેશન કે સબ-ઓપ્ટિમલ ટેક્સ રેટ દાખલ કરવાથી થતી ભવિષ્યની ટેક્સ લાયબિલિટીથી બચી શકાય.

● ---- X ---- ●

એડવાન્સ રૂલિંગ – ૨

Assessee	**Wood India Engineering & Projects Private Limited**
Court	**Authority for Advance Ruling West Bengal**
Citation	**12/WBAAR/2026-27**
Issue	**ફોરેન એસોસિએટેડ એન્ટિટી પાસેથી મેળવેલ સર્વિસિસના ઇમ્પોર્ટ પર RCM હેઠળ GST ચૂકવવા માટે ટેક્સપેયર દ્વારા સેલ્ફ–ઇન્વોઇસમાં દર્શાવેલ વેલ્યુને 'ઓપન માર્કેટ વેલ્યુ' ગણી શકાય કે નહીં?**

કેસ ના તથ્યો:–

ટેક્સપેયર (વિદેશી કંપનીની ભારતીય સબસિડિયરી અથવા ગ્રુપ એન્ટિટી) દ્વારા વિદેશમાં આવેલી તેની ફોરેન એસોસિએટેડ એન્ટિટી પાસેથી વિવિધ ટેકનિકલ, મેનેજમેન્ટ અથવા સપોર્ટ સર્વિસિસ મેળવવામાં આવી હતી. આ પ્રકારના આંતર–કંપની કરારો સંબંધિત પક્ષકારો વચ્ચેના હોવાથી, GST કાયદાની જોગવાઈઓ મુજબ આવી સર્વિસિસના ઇમ્પોર્ટ પર રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ ટેક્સ ચૂકવવાની જવાબદારી ભારતીય ટેક્સપેયરની બને છે. કરદાતા દ્વારા સેક્શન 15 ની જોગવાઈઓ અને તે અંતર્ગત બનાવેલા નિયમો અનુસાર સેલ્ફ–ઇન્વોઇસ બનાવીને RCM હેઠળ GST નો ભરપાઈ કરવામાં આવ્યો હતો. આ પ્રક્રિયામાં કરદાતાએ સેલ્ફ–ઇન્વોઇસમાં દર્શાવેલી કિંમતને જ ટ્રાન્ઝેક્શન વેલ્યુ તરીકે સ્વીકારી હતી અને તેના પર નિયમ મુજબ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે સંપૂર્ણ પાત્રતા હોવાનો દાવો કર્યો હતો.

તપાસ અથવા એસેસમેન્ટ દરમિયાન ટેક્સ ઓથોરિટી દ્વારા એવો વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે સંબંધી પક્ષકારો વચ્ચે થયેલા વ્યવહારોમાં દર્શાવેલ ઇન્વોઇસ વેલ્યુને સીધી રીતે સ્વીકારી શકાય નહીં. વિભાગનો તર્ક હતો કે આ વ્યવહાર 'ઓપન માર્કેટ વેલ્યુ' દર્શાવતો નથી, તેથી GST વેલ્યુએશન રૂલ્સ હેઠળ યોગ્ય કિંમત નક્કી કરીને તફાવતની રકમ પર વધારાનો ટેક્સ અને વ્યાજ ચૂકવવું જોઈએ.

તેના જવાબમાં કરદાતાનો મુખ્ય પક્ષ એ હતો કે GST રૂલ્સ મુજબ જ્યાં મેળવેલી સર્વિસિસ માટે સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ ઉપલબ્ધ હોય, ત્યાં સેલ્ફ–ઇન્વોઇસમાં દર્શાવેલી વેલ્યુને જ 'ઓપન માર્કેટ વેલ્યુ' તરીકે ગણવી જોઈએ. આથી RCM હેઠળ ટેક્સ ગણતરી માટે સેલ્ફ–ઇન્વોઇસની કિંમત જ આખરી અને માન્ય ગણાવી જોઈએ.

મુદ્દો (Issue) :

- મુખ્ય પ્રશ્ન એ છે કે શું વિદેશી ગ્રુપ એન્ટિટી પાસેથી મેળવેલી IT-સંપર્કિત સેવાઓના ઇમ્પોર્ટ પર RCM હેઠળ GST ચૂકવવા માટે કરદાતા દ્વારા સેક્શન 31(3)(f) મુજબ ઇશ્યૂ કરાયેલ સેલ્ફ–ઇન્વોઇસમાં દર્શાવેલ રકમને Rule 28(1) ના બીજા પ્રોવાઇઝો અને સરક્યુલર નં. 210/4/2024-GST અનુસાર 'ઓપન માર્કેટ વેલ્યુ' ગણી શકાય કે નહીં?

  આ ઉપરાંત, જ્યારે વિદેશી એન્ટિટી દ્વારા ડેબિટ નોટમાં આકારવામાં આવેલી કોમર્શિયલ કિંમત અને કરદાતા દ્વારા સેલ્ફ–ઇન્વોઇસમાં દર્શાવેલ વેલ્યુ વચ્ચે તફાવત હોય, ત્યારે જો કરદાતા સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે પાત્ર હોય, તો શું સેલ્ફ–ઇન્વોઇસની કિંમતના આધારે જ ઇઝ્ર લાયબિલિટી ચુકવવી કાયદાકીય રીતે યોગ્ય ગણાશે?

અરજદાર તરફે રજુઆત :–

અરજદારે રજૂઆત કરી હતી કે તેઓ યુકે (UK), સિંગાપોર, યુએસએ (USA) અને અન્ય દેશોમાં આવેલી પોતાની ગ્રુપ કંપનીઓ તેમજ થર્ડ પાર્ટીઝને એન્જિનિયરિંગ ડિઝાઇન, ડ્રોઇંગ અને કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ સર્વિસિસ પૂરી પાડતી કંપની છે. અરજદાર જોન વૂડ ગ્રુપ લિમિટેડનો એક ભાગ છે. આ ગ્રુપના ગ્લોબલ લેવલે સોફ્ટવેર અને IT ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત ખર્ચાઓ એક જ ગ્રુપ કંપની દ્વારા સેન્ટ્રલી કરવામાં આવે છે અને તમામ ગ્રુપ કંપનીઓને તેનો ઉપયોગ અને લાભ મળતો હોવાથી તે ખર્ચ 'કોસ્ટ–ટુ–કોસ્ટ' ધોરણે એલોકેટ કરવામાં આવે છે. આ જ પ્રક્રિયા હેઠળ યુકે સ્થિત M/s Wood Group UK Limited દ્વારા અરજદારને IT ફી અંગેની ડેબિટ નોટ્સ મોકલવામાં આવે છે, જેને અરજદાર GST કાયદા હેઠળ 'ઇમ્પોર્ટ ઓફ સર્વિસિસ' ગણે છે.

અરજદારે સ્પષ્ટ કર્યું કે ફોરેન એસોસિએટેડ એન્ટિટી પાસેથી સર્વિસ મેળવવામાં આવતી હોવાથી, IGST ની જવાબદારી રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ અરજદારની પોતાની બને છે. આ માટે અરજદાર CGST Act ની સેક્શન 31(3)(f) હેઠળ સેલ્ફ–ઇન્વોઇસ ઇશ્યૂ કરે છે અને RCM હેઠળ IGST ચૂકવીને કાયદા અનુસાર તેનો સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવે છે. કરદાતા અને વિદેશી કંપની સંબંધિત વ્યક્તિઓ હોવાથી, આ વ્યવહારનું મૂલ્યાંકન CGST Rules ના Rule 28(1) ના બીજા પ્રોવાઇઝો મુજબ થાય છે, જે મુજબ જો સેવા મેળવનાર વ્યક્તિ સંપૂર્ણ ITC માટે પાત્ર હોય, તો ઇન્વોઇસમાં દર્શાવેલી રકમને જ 'ઓપન માર્કેટ વેલ્યુ' તરીકે માન્ય રાખવી જોઇએ.

વધુમાં, અરજદારે જણાવ્યું કે વિદેશી એન્ટિટી દ્વારા ઇશ્યૂ કરાયેલ ડેબિટ નોટ અને અરજદારના સેલ્ફ–ઇન્વોઇસની રકમ વચ્ચે તફાવતનું મુખ્ય કારણ કોસ્ટ એલોકેશન મેથડોલોજીમાં થયેલો ફેરફાર છે. વર્ષ ૨૦૨૩ માં કર્મચારીઓની સંખ્યાના આધારે ખર્ચ ફાળવાતો હતો, જ્યારે ૨૦૨૪ થી IT ઉપયોગના આધારે ખર્ચ ફાળવવાનું શરૂ કરાતાં ડેબિટ નોટની રકમ વધી ગઈ હતી. તેમ છતાં, કરદાતા પોતાના સેલ્ફ–ઇન્વોઇસ માટે જૂની હેડકાઉન્ટ મેથડ ચાલુ રાખવા માંગે છે. અરજદારે દલીલ કરી કે કોમર્શિયલ ડેબિટ નોટ અને સેચ્યુટરી સેલ્ફ–ઇન્વોઇસ અલગ–અલગ હેતુ માટે છે અને કાયદા મુજબ સેલ્ફ–ઇન્વોઇસની કિંમત ડેબિટ નોટ જેટલી જ હોવી જરૂરી નથી.

છેલ્લે, અરજદારે રજૂઆત કરી કે કારણ કે RCM હેઠળ ચૂકવવામાં આવેલો ટેક્સ સંપૂર્ણપણે ITC તરીકે પાત્ર છે, આ વ્યવહાર સંપૂર્ણપણે 'રેવન્યુ ન્યુટ્રલ' છે અને તેનાથી સરકારી તિજોરીને કોઇ આવકનું નુકસાન થતું નથી. CBIC ના સરક્યુલર નં. 199/11/2023-GST અને સરક્યુલર નં. 210/4/2024-GST તેમજ વિવિધ હાઇકોર્ટના ચુકાદાઓનો સંદર્ભ આપતાં અરજદારે વિનંતી કરી કે સેલ્ફ–ઇન્વોઇસમાં દર્શાવેલ વેલ્યુને જ RCM લાયબિલિટી ચૂકવવા માટે 'ડીમ્ડ ઓપન માર્કેટ વેલ્યુ' તરીકે સ્વીકારવામાં આવે, ભલે તે વિદેશી કંપનીની ડેબિટ નોટની રકમ કરતાં અલગ હોય.

કોર્ટનો ચુકાદો (ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ – વેસ્ટ બંગાળ):

વેસ્ટ બંગાળ ઓથોરિટી ફોર એડવાન્સ રુલિંગ એ સેક્શન 31(3)(f), સેક્શન 15(4) અને CGST Rules ના Rule 28(1) ના બીજા પ્રોવાઇઝો તેમજ સરક્યુલર નં. 210/4/2024-GST ને ધ્યાનમાં રાખીને ચુકાદો આપ્યો છે. AAR એ સ્પષ્ટ કર્યું કે ફોરેન એસોસિએટેડ એન્ટિટી પાસેથી મેળવેલ IT સપોર્ટ સર્વિસિસના ઇમ્પોર્ટ પર, રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ

GST નો ભરપાઈ કરવા માટે ભારતીય ટેક્સપેયર દ્વારા ઇશ્યૂ કરાયેલા સેલ્ફ-ઇન્વોઇસમાં દર્શાવેલ રકમને 'ડીમ્ડ ઓપન માર્કેટ વેલ્યુ' ગણી શકાય.

ઓથોરિટીએ વધુમાં જણાવ્યું કે Rule 28(1) ના બીજા પ્રોવાઇઝો મુજબ સેલ્ફ-ઇન્વોઇસની કિંમતને 'ઓપન માર્કેટ વેલ્યુ' તરીકે ગણવા માટેની એકમાત્ર અને મુખ્ય શરત એ છે કે સેવા મેળવનાર ટેક્સપેયર RCM હેઠળ ચૂકવેલા ટેક્સની સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે પાત્ર હોવો જોઈએ. જો કરદાતા આ વ્યવહાર પર પૂર્ણપણે ITC મેળવવા માટે હકદાર હોય, તો સેલ્ફ-ઇન્વોઇસમાં દર્શાવેલી વેલ્યુ જ કાયદાકીય રીતે આખરી અને માન્ય ગણાશે, ભલે તે વિદેશી કંપનીની કોમર્શિયલ ડેબિટ નોટની રકમ કરતાં અલગ હોય.

AAR એ ચુકાદામાં આખરી સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે જો અરજદાર કાયદા મુજબ આ ટેક્સ પર સંપૂર્ણ ITC મેળવવા માટે પાત્ર અથવા હકદાર નહીં હોય, તો નિયમ 28 ની આ જોગવાઈઓ લાગુ પડશે નહીં. આથી, જો સંપૂર્ણ ક્રેડિટ મળવાપાત્ર હોય, તો ટેક્સપેયર દ્વારા સેલ્ફ-ઇન્વોઇસમાં દર્શાવેલ મૂલ્યને જ 'ઓપન માર્કેટ વેલ્યુ' ગણીને તેના આધારે RCM ટેક્સની ચુકવણી કરવી સંપૂર્ણપણે યોગ્ય અને માન્ય છે.

એડવાન્સ રૂલિંગ:

પ્ર.૧ શું વિદેશી સંબંધિત કંપની પાસેથી આઇટી સેવાઓ મેળવતી વખતે, રિવર્સ ચાર્જ હેઠળ IGST ચુકવવા માટે ઇશ્યૂ કરાયેલા સ્વ-ઇન્વોઇસની કિંમતને 'ઓપન માર્કેટ વેલ્યુ' ગણી શકાય?

જ. હા, જો સેવા મેળવનાર ભારતીય કંપની તે RCM ટેક્સ પર સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે હકદાર હોય, તો CGST નિયમોના નિયમ 28(1) ના પ્રોવાઇઝો મુજબ સ્વ-ઇન્વોઇસમાં દર્શાવેલી રકમને જ 'ઓપન માર્કેટ વેલ્યુ' ગણવામાં આવશે.

પ્ર.૨ જો અરજદાર કંપની આ વ્યવહાર પર સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટે પાત્ર ન હોય, તો શું સેલ્ફ-ઇન્વોઇસની કિંમત માન્ય રહેશે?

જ. ના, જો અરજદાર સંપૂર્ણ ITC મેળવવા માટે પાત્ર અથવા હકદાર ન હોય, તો નિયમ 28 ના આ ખાસ પ્રોવાઇઝોની જોગવાઈ લાગુ પડશે નહીં. આ સ્થિતિમાં સેલ્ફ-ઇન્વોઇસની દર્શાવેલ કિંમતને સીધી 'ઓપન માર્કેટ વેલ્યુ' તરીકે સ્વીકારી શકાશે નહીં.

રિમાર્કસ:

આ ચુકાદો વિદેશી સંબંધિત સંસ્થાઓ વચ્ચે થતા આંતરરાષ્ટ્રીય વ્યવહારો માટે કર અનુપાલન પ્રક્રિયાને અત્યંત સરળ બનાવે છે. સામાન્ય રીતે સંબંધિત પક્ષકારો વચ્ચેના વ્યવહારોમાં 'ઓપન માર્કેટ વેલ્યુ' સાબિત કરવી અને આર્મ્સ લેન્થ પ્રાઇસિંગ નક્કી કરવું જટિલ બાબત હોય છે. પરંતુ આ રૂલિંગથી સ્પષ્ટ થાય છે કે જ્યારે ટેક્સ પેયરને ભરપાઈ કરેલા ટેક્સની પૂરેપૂરી ઇનપુટ ક્રેડિટ મળવાની હોય ત્યારે સેલ્ફ-ઇન્વોઇસમાં દર્શાવેલી કિંમતને આખરી ગણી લેવાથી આકારણી સમયે ઊભા થતા નકામા વિવાદો અટકાવી શકાય છે.

ચુકાદામાં કલમ 31(3)(f) હેઠળ અપાતા સ્વ-ઇન્વોઇસના મહત્વને રેખાંકિત કરવામાં આવ્યું છે. વિદેશી કંપનીઓ દ્વારા અપાતી ડેબિટ નોટ કે કમર્શિયલ ઇન્વોઇસને સીધા GST દસ્તાવેજ તરીકે માન્ય ગણવાને બદલે, રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ ભારતીય કંપની દ્વારા પોતાની રીતે ઇશ્યૂ કરાયેલ સ્વ-ઇન્વોઇસ જ કાયદાકીય દસ્તાવેજ બને છે. સર્ક્યુલર નં. 210/4/2024-GST ને અનુસરીને AAR એ નિયમ ૨૮ ની જોગવાઈઓનો ઉપયોગ સેલ્ફ-ઇન્વોઇસિંગ પર પણ વ્યવહારિક રીતે લાગુ કરીને યોગ્ય કાયદાકીય વલણ અપનાવ્યું છે.

આ ચુકાદાનું સૌથી મહત્વનું પાસું એ છે કે તે શરતી લાભ આપે છે. આ રૂલિંગનો લાભ માત્ર એ જ કરદાતાઓને મળશે જેઓ RCM હેઠળ ચૂકવેલા તમામ IGST ની 'સંપૂર્ણ ઇનપુટ ટેક્સ ક્રેડિટ' મેળવવા માટે હકદાર હોય. જો કોઈ કંપની બ્લોક્ડ ક્રેડિટ (Section 17(5)) અથવા આંશિક એક્ઝેમ્પ્ટ સપ્લાય ધરાવતી હોય અને પૂર્ણ ITC મેળવી શકતી ન હોય, તો તેમના માટે સેલ્ફ-ઇન્વોઇસિંગ કિંમતને આપોઆપ 'ઓપન માર્કેટ વેલ્યુ' ગણી શકાશે નહીં અને તેમણે સામાન્ય વેલ્યુએશનના નિયમોનું પાલન કરવું પડશે.

ભારતમાં કાર્યરત મલ્ટીનેશનલ કંપનીઓ માટે આ ચુકાદો ખૂબ જ રાહતરૂપ છે, કારણ કે તેમની વિદેશી હેડઓફિસ અથવા ગ્રુપ કંપનીઓ દ્વારા આઇટી, મેનેજમેન્ટ કે અન્ય બેક-ઓફિસ સપોર્ટ સેવાઓ માટે કોસ્ટ-એલોકેશન કે ડેબિટ નોટ્સ મોકલવામાં આવે છે. જો વિદેશી કંપની ઇન્વોઇસ જનરેટ કરવામાં વિલંબ કરે અથવા માત્ર કોમર્શિયલ કમ્યુનિકેશન જ કરે, તો પણ ભારતીય એકમ સમયસર સ્વ-ઇન્વોઇસ બનાવીને RCM ટેક્સ ભરી શકે છે અને ક્રેડિટ મેળવી શકે છે, જેથી વર્કિંગ કેપિટલ પણ અટવાતું નથી.

એડવાન્સ રૂલિંગ – 3

Assessee	**Muthur Town Panchayat**
Court	**Authority for Advance Ruling Tamil Nadu**
Citation	**52/ARA/2026**
Issue	પંચાયત દ્વારા વીકલી માર્કેટમાં ખુલ્લી જગ્યા વાપરવા બદલ વેપારીઓ/ખેડૂતો પાસેથી એન્ટ્રી ફી ઉઘરાવવાનો હક્ક ટેન્ડર કન્ટ્રાક્ટરને લીઝ પર આપવાની પ્રક્રિયા એ CGST એક્ટની સેક્શન 7(2)(b) હેઠળ 'સપ્લાય ઓફ ગુડ્સ' કે 'સપ્લાય ઓફ સર્વિસ' ગણાય કે નહીં અને તેના પર GST લાગુ થાય કે નહીં?

કેસના તથ્યો:–

અરજદાર, મુથુર ટાઉન પંચાયત, તમિલનાડુ રાજ્યમાં સ્થિત એક સ્થાનિક ઓથોરિટી છે, જે ભારતીય બંધારણના આર્ટિકલ 243G અને 11મા શિડ્યુલ હેઠળ પંચાયતને સોંપાયેલા બંધારણીય કાર્યો અને જવાબદારીઓ નિભાવે છે. પંચાયત દ્વારા કરવામાં આવતી મુખ્ય પ્રવૃત્તિઓમાંની એક વીકલી માર્કેટનું સંચાલન કરવું અને ત્યાં ખુલ્લી જગ્યા કે અસ્થાયી શેડમાં શાકભાજી, ફળો, પાલતુ પ્રાણીઓ અને પક્ષીઓ વગેરે વેચવા આવતા વેપારીઓ, ખેડૂતો અને આમ જનતા પાસેથી પ્રવેશ ફી ઉઘરાવવાની છે.

ઓપરેશનલ સરળતા અને વહીવટી સુવિધા માટે, પંચાયતે જાહેર હરાજી / ટેન્ડર પ્રક્રિયા દ્વારા માર્કેટમાં પ્રવેશ ફી એકત્રિત કરવાનો હસ્તક (Right to collect entry fee) 3 વર્ષના સમયગાળા માટે ટેન્ડર કોન્ટ્રાક્ટરને લીઝ પર આપ્યો હતો. આ વ્યવસ્થા હેઠળ, સફળ ટેન્ડરર (શ્રી સી. ગોવિંદસામી) એ ૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીના સમયગાળા માટે ૩. ૪૧ લાખની નક્કી કરેલી રકમ પંચાયતને ચુકવવાની હતી. તેની સામે કોન્ટ્રાક્ટરને પંચાયત દ્વારા નક્કી કરાયેલા દર મુજબ જ ફી ઉઘરાવવાની અને પંચાયતના નામવાળી રસીદ જ જનતાને આપવાની શરત રાખવામાં આવી હતી.

આ વ્યવહાર અંગે સ્પષ્ટતા મેળવવા અરજદારે એડવાન્સ રૂલિંગ ઓથોરિટી સમક્ષ અરજી કરી હતી કે શું પંચાયત દ્વારા વીકલી માર્કેટ ચલાવવા અને ફી ઉઘરાવવાનો હક્ક

કોન્ટ્રાક્ટરને લીઝ પર આપવાની આ કામગીરી બંધારણના આર્ટિકલ 243G હેઠળ પંચાયતના જાહેર કાર્યો સાથે સંકળાયેલી છે કે નહીં. વધુમાં, નોટિફિકેશન નંબર 14/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) અને CGST એક્ટની સેક્શન 7(2)(b) હેઠળ આ પ્રવૃત્તિને 'સપ્લાય ઓફ ગુડ્સ' કે 'સપ્લાય ઓફ સર્વિસ' માંથી એક્સેમ્પટ ગણી શકાય કે નહીં તે અંગે રૂલિંગ માંગવામાં આવ્યું હતું.

મુદ્દો (Issue) :

- શું ટાઉન પંચાયત દ્વારા વીકલી માર્કેટમાં ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવા બદલ વેપારીઓ, ખેડૂતો અને જનતા પાસેથી ફી ઉઘરાવવાનો હક્ક ટેન્ડર કોન્ટ્રાક્ટરને લીઝ પર આપવાની પ્રવૃત્તિ એ ભારતીય બંધારણના આર્ટિકલ 243G હેઠળ પંચાયતને સોંપાયેલા 'માર્કેટ્સ અને ફેરર્સ' અંગેના જાહેર અને કાયદાકીય કાર્યના ક્ષેત્રાધિકારમાં આવે છે કે નહીં?
- શું પંચાયત દ્વારા થતી આ કામગીરી CGST એક્ટ, ૨૦૧૭ ની સેક્શન 7(2)(b) અને નોટિફિકેશન નંબર 14/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) હેઠળ કવર થાય છે? અર્થાત્ આ પ્રવૃત્તિને 'સપ્લાય ઓફ ગુડ્સ' કે 'સપ્લાય ઓફ સર્વિસ'માંથી એક્સેમ્પટ ગણીને તેના પર કોઈપણ પ્રકારનો GST (સેન્ટ્રલ કે સ્ટેટ ટેક્સ) ચુકવવામાંથી એક્સેમ્પશન મળી શકે કે નહીં?

અરજદાર તરફે રજુઆત :–

અરજદારે રજૂઆત કરી હતી કે તેઓ CGST એક્ટ, ૨૦૧૭ ની સેક્શન 2(69) હેઠળ વ્યાખ્યાયિત 'સ્થાનિક સત્તામંડળ' છે અને ભારતીય બંધારણના આર્ટિકલ 243G હેઠળ પંચાયતને સોંપાયેલા જાહેર કાર્યો કરવા માટે કાયદાકીય રીતે બંધાયેલા છે. વીકલી માર્કેટનું સંચાલન કરવું અને ત્યાં ખુલ્લી જગ્યા કે ટેન્ટમાં શાકભાજી, ફળો, પાલતુ પ્રાણીઓ વગેરે વેચવા આવતા ખેડૂતો, વેપારીઓ અને આમ જનતા પાસેથી પ્રવેશ ફી એકત્રિત કરવી એ બંધારણના 11મા શિડ્યુલ (આર્ટિકલ 243G ના એન્ટ્રી નં. 22 - 'Markets and Fairs') હેઠળ તેમની નિર્ધારિત કાયદાકીય ફરજનો જ એક ભાગ છે.

અરજદારે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે વહીવટી સરળતા માટે પંચાયતે જાહેર ટેન્ડર પ્રક્રિયા દ્વારા વીકલી માર્કેટમાં પ્રવેશ ફી એકત્રિત કરવાનો હક્ક 3 વર્ષ માટે સફળ ટેન્ડર

કોન્ટ્રાક્ટરને લીઝ પર આપ્યો છે. આ વ્યવસ્થા હેઠળ કોન્ટ્રાક્ટરે પંચાયત દ્વારા જ નક્કી કરાયેલા દરો મુજબ જ ફી એકત્રિત કરવાની રહે છે અને જનતાને અપાતી રસીદ પણ પંચાયતના સીલ અને નામે જ આપવામાં આવે છે. આથી, કોન્ટ્રાક્ટર માત્ર પંચાયતના એજન્ટ તરીકે જ કામ કરે છે અને આ સમગ્ર પ્રક્રિયા પંચાયતની વૈધાનિક ફરજો બજાવવા માટે જ કરવામાં આવે છે.

અરજદારે CGST એક્ટની સેક્શન 7(2)(b) નો સંદર્ભ આપતાં દલીલ કરી હતી કે જાહેર સત્તામંડળ તરીકે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી આવી કામગીરીને સેન્ટ્રલ ટેક્સ નોટિફિકેશન નંબર 14/2017-CT (રેટ) (તથા તમિલનાડુ સ્ટેટ ટેક્સ G.O. No. 75) અનુસાર 'સપ્લાય ઓફ ગુડ્સ' કે 'સપ્લાય ઓફ સર્વિસ' ગણી શકાય નહીં. પંચાયતના બંધારણીય કાર્યો સંબંધિત આ પ્રવૃત્તિ પૂર્ણપણે જાહેર હિતમાં હોવાથી તેના બદલ મળતી રકમને કરપાત્ર કન્સીડરેશન ગણી શકાય નહીં, અને જો સેવા ગણવામાં આવે તો પણ નોટિફિકેશન નં. 12/2017 હેઠળ તે સંપૂર્ણપણે એક્સેમ્પટ છે.

પોતાની રજૂઆતોના સમર્થનમાં અરજદારે તમિલનાડુ એડવાન્સ રૂલિંગ ઓથોરિટી અને અપીલેટ ઓથોરિટી દ્વારા ઇરોડ સિટી મ્યુનિસિપલ કોર્પોરેશન, તિરુપુર મ્યુનિસિપલ કોર્પોરેશન અને કન્નીવાડી ટાઉન પંચાયતના કિસ્સાઓમાં આપવામાં આવેલા અગાઉના સમાન ચુકાદાઓ ધ્યાનમાં લીધા હતા. આ ચુકાદાઓમાં પણ ઓથોરિટીએ સ્પષ્ટ સ્વીકાર્યું હતું કે સ્થાનિક સત્તામંડળ દ્વારા વીકલી માર્કેટ સંબંધિત કરવામાં આવતી આવી પ્રવૃત્તિઓ સેવા નથી અને તેના પર GST લાગુ પડતો નથી.

કોર્ટનો ચુકાદો (ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ – તમિલનાડુ):

તમિલનાડુ એડવાન્સ રૂલિંગ ઓથોરિટી એ કેસના તમામ તથ્યો ચકાસીને સ્પષ્ટ કર્યું કે અરજદાર મુથુર ટાઉન પંચાયત એ CGST એક્ટની સેક્શન 2(69) મુજબ સ્થાનિક સત્તામંડળ છે. પંચાયત દ્વારા વીકલી માર્કેટમાં ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવા બદલ વેપારીઓ, ખેડૂતો અને જનતા પાસેથી ફી ઉઘરાવવાનો હક્ક ટેન્ડર કોન્ટ્રાક્ટરને લીઝ પર આપવાની પ્રવૃત્તિ એ બંધારણના આર્ટિકલ ૨૪૩૨ હેઠળના ૧૧મા શિડ્યુલની એન્ટ્રી નં. ૨૨ ('Markets and Fairs') સાથે સીધી રીતે સંકળાયેલી કાયદાકીય ફરજ છે.

ઓથોરિટીએ અવલોકન કર્યું હતું કે સ્થાનિક સત્તામંડળો પોતાની વૈધાનિક ફરજો બજાવવા માટે વહીવટી સુવિધા ખાતર બહારના કોન્ટ્રાક્ટરોની સેવા લેતા હોય છે, કારણ કે આવી પ્રવૃત્તિઓ દર વખતે સીધી રીતે પોતાના કર્મચારીઓ દ્વારા કરવી શક્ય બનતી નથી. માત્ર કોન્ટ્રાક્ટર રાખવાથી પંચાયતના આ બંધારણીય કાર્યનું સ્વરૂપ બદલાઈને કોઈ સ્વતંત્ર વ્યાપારી પ્રવૃત્તિ બની જતું નથી. કોન્ટ્રાક્ટર માત્ર પંચાયતના નિયંત્રણ હેઠળ અને નક્કી કરેલી શરતો મુજબ જ ફી એકત્રિત કરવાનું કાર્ય કરે છે.

AAR એ આખરી આદેશ આપતા ઠરાવ્યું કે નોટિફિકેશન નંબર 14/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) માં વપરાયેલ શબ્દપ્રયોગ "in relation to" અત્યંત વ્યાપક છે, જે બંધારણીય કાર્યોના અમલ સાથે સીધી અને પરોક્ષ રીતે જોડાયેલી તમામ કામગીરીને આવરી લે છે. આથી, CGST એક્ટ, 2017 ની સેક્શન 7(2)(b) અને નોટિફિકેશન નં. 14/2017 અનુસાર પંચાયત દ્વારા વીકલી માર્કેટને લીઝ પર આપવાની આ કામગીરી ન તો માલનો સપ્લાય છે, ન તો સેવાઓનો સપ્લાય. પરિણામે, આ પ્રવૃત્તિ GST ના દાયરાની બહાર રહે છે અને તેના પર કોઈ પણ ટેક્સ લાગુ પડતો નથી.

એડવાન્સ રૂલિંગ:

પ્ર.૧ શું ટાઉન પંચાયત દ્વારા વીકલી માર્કેટમાં ફી ઉઘરાવવાનો હક્ક ટેન્ડરરને લીઝ પર આપવો એ કાયદાકીય કાર્ય ગણાય?

જ. હા, તમિલનાડુ AAR મુજબ પંચાયત દ્વારા વીકલી માર્કેટમાં ફી એકત્રિત કરવાનો હક્ક ટેન્ડરરને આપવો એ બંધારણના આર્ટિકલ 243G (11 શિડ્યુલ, એન્ટ્રી ૨૨) હેઠળ પંચાયતનું બંધારણીય અને જાહેર કાર્ય જ છે.

પ્ર.૨ શું વીકલી માર્કેટ લીઝ પર આપવાની આ પ્રવૃત્તિ પર GST લાગશે?

જ. ના, CGST એક્ટની સેક્શન 7(2)(b) અને નોટિફિકેશન નં. 14/2017 (રેટ) મુજબ આ પ્રવૃત્તિ 'ન તો માલનો સપ્લાય છે, ન તો સેવાઓનો સપ્લાય'. તેથી તેના પર કોઈ GST લાગશે નહીં.

રિમાર્કસઃ

આ ચુકાદો સ્થાનિક સત્તામંડળો જેવી કે ગ્રામ પંચાયતો, ટાઉન પંચાયતો અને નગરપાલિકાઓ માટે અત્યંત મહત્વનો અને રાહતરૂપ છે. સામાન્ય રીતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે પૂરતો સ્ટાફ ન હોવાને કારણે વીકલી માર્કેટ, પાર્કિંગ કે અન્ય જાહેર સુવિધાઓમાંથી ફી એકત્રિત કરવાનું કામ ટેન્ડર દ્વારા બહારના કોન્ટ્રાક્ટરોને સોંપવામાં આવતું હોય છે. AAR ના આ નિર્ણયથી સ્પષ્ટ થઈ ગયું છે કે આવી વહીવટી વ્યવસ્થા કરવાથી પંચાયતની મૂળ બંધારણીય ફરજ બદલાઈ જતી નથી અને ટેક્સ ઓથોરિટી તેને કોમર્શિયલ પ્રવૃત્તિ ગણીને GST લાગુ કરી શકે નહીં.

આ ચુકાદાની મોટી વાત એ છે કે, ઓથોરિટીએ નોટિફિકેશન નંબર 14/2017-CT (રેટ) ના "In relation to" શબ્દનો મોટો અર્થ કર્યો છે. AAR એ સ્પષ્ટ સમજાવ્યું કે આ શબ્દ માત્ર સરકારી કે બંધારણીય કામ સીધેસીધું કરવા પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ તે કામને સારી રીતે પૂરું કરવા માટે કરવામાં આવતી અન્ય નાની–મોટી કે મદદરૂપ પ્રવૃત્તિઓને પણ આવરી લે છે. કાયદાની આ સરળ વ્યાખ્યા ભવિષ્યમાં નગરપાલિકાઓ અને પંચાયતોના આવા બીજા કેસો માટે પણ મદદરૂપ સાબિત થશે.

રૂલિંગમાં એ બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે ટેન્ડર કોન્ટ્રાક્ટર અને પંચાયત વચ્ચેનો કરાર માત્ર એક વહીવટી સાધન છે. કોન્ટ્રાક્ટર પંચાયત દ્વારા નક્કી કરાયેલા દરો મુજબ જ ફી વસૂલે છે અને પંચાયતના સીલવાળી રસીદ જ આપે છે, એટલે કે તે પંચાયતના પ્રતિનિધિ તરીકે જ કામ કરે છે. આથી, સ્થાનિક ઓથોરિટી દ્વારા પોતાના વૈધાનિક કાર્યોનું માત્ર આઉટસોર્સિંગ કરવાથી તે GST હેઠળ કરપાત્ર 'લીઝિંગ સર્વિસ' બની જતી નથી.

CGST એક્ટની સેક્શન 7(2)(b) હેઠળ આ પ્રવૃત્તિને 'ન તો માલનો સપ્લાય કે ન તો સેવાઓનો સપ્લાય' તરીકે વર્ગીકૃત કરવાથી, સ્થાનિક ઓથોરિટીઝ અને ટેક્સ વિભાગ વચ્ચે લીઝિંગ ઈનકમ પર GST આકારણી અંગે ચાલતા લાંબા ગાળાના વિવાદોનો અંત આવશે. આ નિર્ણયથી પંચાયતોની આવક સુરક્ષિત રહેશે અને જાહેર હિતના કાર્યો અને માર્કેટિંગ સુવિધાઓ વગર કોઈ અનાવશ્યક ટેક્સના બોજ વગર સરળતાથી ચાલી શકશે.

● ---- X ---- ●

એડવાન્સ રૂલિંગ – ૪

Assessee	**M/s. Gujarat State Warehousing Corporation**
Court	**Authority for Advance Ruling Gujarat**
Citation	**GUJ/GAAR/R/2026/35**
Issue	**કૃષિ પેદાશોના સાચવણી અને સંગ્રહ માટે ગોડાઉન ભાડે આપવાની સેવા પર એક્સેમ્પશન મળે કે નહીં અને આ સેવા પર ટેક્સનો દર શું થાય?**

કેસના તથ્યો:–

અરજદાર, મેસર્સ ગુજરાત સ્ટેટ વેરહાઉસિંગ કોર્પોરેશન, ગુજરાત સરકારનું સાહસ છે. તેઓ નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED) અને નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NCCF) જેવી સરકારી એજન્સીઓ વતી ખેડૂત કલ્યાણ અને ખરીદ યોજનાઓ હેઠળ કાચી કૃષિ પેદાશો (જેમ કે મગફળી, ચણા, તુવેર, મગ વગેરે) ના સંગ્રહ અને સાચવણીની સેવાઓ પૂરી પાડે છે.

અરજદાર આ કાચી કૃષિ પેદાશોના સંગ્રહ માટે પોતાના માલિકીના ગોડાઉન ઉપરાંત, રજિસ્ટર્ડ અને અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ભાડે લીધેલા ગોડાઉનોનો ઉપયોગ કરે છે. આ તમામ ભાડાના ગોડાઉનોનો ઉપયોગ માત્ર ને માત્ર કૃષિ પેદાશોના સંગ્રહ માટે જ કરવામાં આવે છે, જેના માટે અરજદાર મકાનમાલિકોને નિયમિત ભાડું ચૂકવે છે.

નોટિફિકેશન નંબર 12/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) ની એન્ટ્રી નં. 54(e) મુજબ કૃષિ પેદાશોના સંગ્રહ અને સાચવણીની સેવાઓ પર GSTમાંથી એક્સેમ્પશન મળે છે. આથી અરજદારે આ મુખ્ય સેવાને એક્સેમ્પટ સપ્લાય ગણીને NAFED/NCCF પાસેથી GST વસૂલ્યો નહોતો અને આ સેવા એક્સેમ્પટ હોવાના કારણે, ભાડે લીધેલા ગોડાઉનના ચૂકવેલ ભાડા પર RCM હેઠળ પણ ટેક્સ ભર્યો નહોતો.

ઓક્ટોબર ૨૦૨૪ માં નોટિફિકેશન નંબર 09/2024 બહાર પડ્યા પછી અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ભાડે લીધેલી મિલકતોના ભાડા પર RCM ની લાગુપાત્રતા અંગે અસ્પષ્ટતા

ઊભી થઈ હતી, જેના કારણે અરજદારે સાવચેતીના ભાગરૂપે ડિસેમ્બર ૨૦૨૪ થી RCM હેઠળ ટેક્સ જમા કરાવવાનું શરૂ કર્યું હતું. કૃષિ પેદાશો માટે ભાડે રખાતા ગોડાઉનના ભાડા પર GST ની લાગુપાત્રતા, RCM ની જવાબદારી અને ટેક્સના દર અંગે સંપૂર્ણ કાયદાકીય સ્પષ્ટતા મેળવવા અરજદારે ગુજરાત એડવાન્સ રૂલિંગ ઓથોરિટીમાં અરજી કરી હતી.

મુદ્દો (Issue) :

- અરજદાર દ્વારા કાચી કૃષિ પેદાશોના સંગ્રહ અને સાચવણી માટે રજિસ્ટર્ડ અથવા અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ભાડે રાખેલા ગોડાઉનો પર ચૂકવવામાં આવતા ભાડા પર GST લાગુ થાય કે નહીં? ખાસ કરીને ત્યારે, જ્યારે આ ગોડાઉનોનો ઉપયોગ માત્ર એવી જ કૃષિ પ્રવૃત્તિઓ માટે થતો હોય જેને નોટિફિકેશન નંબર 12/2017-CT (રેટ) ની એન્ટ્રી નં. 54(e) હેઠળ ટેક્સમાંથી એક્સેમ્પશન મળે છે.
- જો આ ભાડાની સેવા પર GST લાગુ પડતો હોય, તો અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ગોડાઉન ભાડે લેવાના કિસ્સામાં નોટિફિકેશન નંબર ૦૯/૨૦૨૪ (જેના દ્વારા નોટિફિકેશન નંબર 13/2017 માં એન્ટ્રી 5AB ઉમેરવામાં આવી) હેઠળ ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી RCM ની જવાબદારી અરજદાર પર આવે કે નહીં? તથા આ સમગ્ર વ્યવહાર પર GST નો ચોક્કસ દર ૧૮% રહેશે કે કેમ?

અરજદાર તરફે રજુઆત :–

અરજદારે રજૂઆત કરી હતી કે તેઓ ગુજરાત સરકારનું સાહસ છે અને NAFED તથા NCCF જેવી સરકારી એજન્સીઓ વતી ખેડૂત કલ્યાણ યોજનાઓ હેઠળ કાચી કૃષિ પેદાશો (જેમ કે મગફળી, ચણા, તુવેર, મગ વગેરે) ના સંગ્રહ અને સાચવણીનું કાર્ય કરે છે. નોટિફિકેશન નંબર 12/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) ની એન્ટ્રી નં. 54(e) મુજબ કૃષિ પેદાશોના સ્ટોરેજ અને વેરહાઉસિંગની સેવાઓ પર GSTમાંથી એક્સેમ્પશન મળે છે. આથી, તેઓ આ મુખ્ય સેવા પર કોઈ ટેક્સ આકારતા નથી અને NAFED કે NCCF પાસેથી GST વસૂલતા નથી.

અરજદારે સ્પષ્ટતા કરી હતી કે કૃષિ પેદાશોના સંગ્રહ માટે તેઓ પોતાના માલિકીના ગોડાઉન ઉપરાંત રજિસ્ટર્ડ અને અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ગોડાઉન ભાડે લે છે. આ

ભાડાના તમામ ગોડાઉનોનો ઉપયોગ માત્ર ને માત્ર કૃષિ પેદાશોના સંગ્રહ માટે જ કરવામાં આવે છે, જે પ્રવૃત્તિ પોતે જ કાયદા હેઠળ એક્સેમ્પટ છે. આથી, ભાડાની આ સેવા પણ મૂળ એક્સેમ્પટ પ્રવૃત્તિ સાથે જોડાયેલી હોવાથી તેના પર કોઈ ટેક્સ કે RCM હેઠળ GST ની જવાબદારી બનવી જોઈએ નહીં.

પોતાના પક્ષના સમર્થનમાં અરજદારે તમિલનાડુ એડવાન્સ રૂલિંગ ઓથોરિટીના ચુકાદા (M/s. Lakshmanan Sivalingam / M/s. Lena Modern Rice Mill) નો સંદર્ભ આપ્યો હતો. તે કેસમાં ઓથોરિટીએ ઠરાવ્યું હતું કે ડાંગર (Paddy) એ કૃષિ પેદાશ ગણાય છે અને તેના સંગ્રહ માટે ભાડે લેવાતા ગોડાઉનનું ભાડું એન્ટ્રી નં. 54(e) હેઠળ ટેક્સમાંથી એક્સેમ્પટ રહે છે, તેથી તેના પર શૂન્ય રેટ (NIL Rate) GST લાગુ થાય છે.

અરજદારે વધુમાં જણાવ્યું કે નોટિફિકેશન નંબર 09/2024 (જેનાથી ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ભાડે લેવાતી બિન-રહેણાંક મિલકતો પર RCM હેઠળ ટેક્સ ચૂકવવાનો નિયમ આવ્યો) બહાર પડ્યા પછી કાયદાકીય અસ્પષ્ટતા ઊભી થઈ હતી. તેથી, તેમણે સાવચેતીના ભાગરૂપે ડિસેમ્બર ૨૦૨૪ થી RCM હેઠળ ટેક્સ જમા કરાવવાનું શરૂ કર્યું હતું અને ભાડે લીધેલા ગોડાઉનના ભાડા પર GST/RCM ની સાચી કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ કરવા આ અરજી કરી છે.

કોર્ટનો ચુકાદો (ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ – ગુજરાત):

ગુજરાત એડવાન્સ રૂલિંગ ઓથોરિટી એ અરજદારની દલીલને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે ગોડાઉન ભાડે લેવું અને તેમાં કૃષિ પેદાશોનો સંગ્રહ કરવો એ બે સંપૂર્ણપણે અલગ-અલગ સેવાઓ છે. ભલે ભાડે લીધેલા ગોડાઉનનો ઉપયોગ નોટિફિકેશન નંબર 12/2017-CT (રેટ) ની એન્ટ્રી નં. 54(e) હેઠળ ટેક્સમાંથી એક્સેમ્પટ એવી કૃષિ પેદાશોના સંગ્રહ માટે થતો હોય, છતાં ગોડાઉન ભાડે રાખવાના વ્યવહારને સ્વતંત્ર રીતે તપાસવો જરૂરી છે. આથી, ભાડાના ગોડાઉનની પ્રવૃત્તિ CGST એક્ટની સેક્શન ૭ હેઠળ ટેક્સપાત્ર સેવા જ ગણાય.

AAR એ ઠરાવ્યું કે રજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ગોડાઉન ભાડે લેવાનો વ્યવહાર નોટિફિકેશન નંબર 11/2017-CT (રેટ) ની એન્ટ્રી નંબર 16(iii) (બિન-રહેણાંક મિલકતનું ભાડું – SAC કોડ 997212) હેઠળ આવરી લેવાય છે. તેથી, રજિસ્ટર્ડ

મકાનમાલિકોને ચૂકવાતા ભાડા પર FCM હેઠળ ૧૮% GST લાગુ પડે છે, જે ટેક્સ ચૂકવવાની જવાબદારી સેવા આપનારની રહેશે.

ઓથોરિટીએ વધુમાં નોંધ્યું કે નોટિફિકેશન નંબર 09/2024 (જેનાથી નોટિફિકેશન નંબર 13/2017 માં એન્ટ્રી 5AB ઉમેરવામાં આવી) મુજબ, ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા બિન-રહેણાંક મિલકત ભાડે લેવામાં આવે ત્યારે ટેક્સ ચૂકવવાની જવાબદારી સેવા મેળવનાર પર આવે છે. પરિણામે, ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી અરજદારે અનરજિસ્ટર્ડ મકાનમાલિકોને ચૂકવેલા ભાડા પર RCM હેઠળ ૧૮% દરે GST ચૂકવવો પડશે.

એડવાન્સ રૂલિંગઃ

પ્ર.૧ શું કાચી કૃષિ પેદાશોના સંગ્રહ અને વેરહાઉસિંગ માટે ભાડે રાખેલા ગોડાઉનોના ચૂકવેલ ભાડા પર GST લાગુ થાય છે?

જ. હા, GST લાગુ થાય છે. (કારણ કે ગોડાઉન ભાડે લેવાની સેવા અને કૃષિ પેદાશોના સંગ્રહની સેવા એ બે અલગ-અલગ વ્યવહારો છે).

પ્ર.૨ શું આવા સપ્લાય પર FCM કે RCM હેઠળ ટેક્સ ભરવાનો રહે છે? જો GST લાગુ થતો હોય, તો આ સપ્લાય પર ટેક્સનો દર શું રહેશે?

જ. અરજદારે ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી અનરજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ભાડે લીધેલા ગોડાઉનોના ભાડા પર RCM હેઠળ GST ચૂકવવો પડશે. (નોંધ: રજિસ્ટર્ડ વ્યક્તિઓ પાસેથી ભાડે લીધેલા ગોડાઉન પર સેવા આપનાર એટલે કે મકાનમાલિક દ્વારા FCM હેઠળ ટેક્સ ભરવામાં આવશે). લાગુ પડતો GST દર ૧૮% રહેશે.

રિમાર્કસઃ

આ નિર્ણયનું સૌથી મહત્વપૂર્ણ પાસું એ છે કે ઓથોરિટીએ બે વ્યવહારો વચ્ચે ખૂબ જ સ્પષ્ટ અને કાયદાકીય તફાવત પાડ્યો છે. નોટિફિકેશન નંબર 12/2017 ની એન્ટ્રી 54(e) હેઠળ કૃષિ પેદાશોના સંગ્રહ અને સાચવણી (Storage and Warehousing) ની આઉટપુટ સેવાને એક્સેમ્પશન (Exemption) મળે છે તે વાત સાચી, પરંતુ મકાનમાલિક પાસેથી ગોડાઉન ભાડે (Rent) લેવાનો વ્યવહાર એ એક સ્વતંત્ર 'ઇનપુટ સેવા' છે. આથી, મુખ્ય આઉટપુટ સેવા એક્સેમ્પટ હોવાના આધારે ગોડાઉનના ભાડાની સેવા પણ ટેક્સમાંથી મુક્ત થઈ જતી નથી તેવો આ નિર્ણય કરદાતાઓ માટે અત્યંત મહત્વનો ઘડો પૂરો પાડે છે.

ચુકાદામાં ગોડાઉનના માલિક રજિસ્ટર્ડ છે કે અનરજિસ્ટર્ડ, તે આધારે ટેક્સ ભરવાની રીત સ્પષ્ટ કરવામાં આવી છે. જો ગોડાઉન રજિસ્ટર્ડ મકાનમાલિક પાસેથી ભાડે લીધું હોય, તો Forward Charge Mechanism (FCM) હેઠળ ૧૮% GST મકાનમાલિકે પોતે ચૂકવવાનો રહે છે. પરંતુ નોટિફિકેશન નંબર ૦૯/૨૦૨૪ (એન્ટ્રી 5AB) અમલમાં આવ્યા પછી, ૧૦ ઓક્ટોબર ૨૦૨૪ થી જો ગોડાઉન અનરજિસ્ટર્ડ વ્યક્તિ પાસેથી ભાડે રાખેલું હોય, તો સેવા મેળવનાર સંસ્થા (જેમ કે વેરહાઉસિંગ કોર્પોરેશન) એ પોતે Reverse Charge Mechanism (RCM) હેઠળ ૧૮% ટેક્સ જમા કરાવવો ફરજિયાત બન્યો છે.

આ રૂલિંગ માત્ર ગુજરાત સ્ટેટ વેરહાઉસિંગ કોર્પોરેશન પૂરતું મર્યાદિત ન રહેતા, તમામ એગ્રી-લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગ કરતી સંસ્થાઓને સીધી અસર કરશે. કારણ કે આઉટવર્ડ સપ્લાય કૃષિ પેદાશ સંબંધિત હોવાથી સંપૂર્ણ એક્સેમ્પટ છે, પરિણામે આ સંસ્થાઓ ભાડા પર ચૂકવેલા ૧૮% GST નો ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) દાવો કરી શકશે નહીં. આ ટેક્સ સીધો તેમના ખર્ચ અને પડતરમાં ઉમેરાશે, જેથી ભવિષ્યમાં કરદાતાઓએ પોતાના ભાડા કરારો અને બજેટિંગ કરતી વખતે આ RCM અને ટેક્સ બોજને ધ્યાનમાં રાખવો અનિવાર્ય બનશે.

અરજદારે તમિલનાડુ AAR ના અગાઉના ચુકાદાનો આધાર લીધો હતો, પરંતુ ગુજરાત AAR એ સેક્શન ૧૦૩ નો હવાલો આપીને સ્પષ્ટ કર્યું કે એડવાન્સ રૂલિંગ માત્ર જે-તે અરજદાર અને તેના ક્ષેત્રાધિકાર પૂરતું જ બંધનકર્તા હોય છે. અન્ય રાજ્યોના ચુકાદાઓ દરેક કેસના તથ્યો અને સુધારેલા નોટિફિકેશન મુજબ અલગ હોઈ શકે છે. આ બાબત દર્શાવે છે કે ટેક્સ સલાહકારો અને કાયદાના નિષ્ણાતોએ અન્ય રાજ્યોના ચુકાદા પર આંધળો વિશ્વાસ રાખવાને બદલે વર્તમાન સુધારાઓ અને સ્થાનિક કાયદાકીય સ્થિતિ ચકાસીને જ આગળ વધવું જોઈએ.

એડવાન્સ રૂલિંગ – ૫

Assessee	**M/s Mahesh Transport Company**
Court	**Authority for Advance Ruling Rajasthan**
Citation	**RAJ/AAR/2026-27/15**
Issue	**જો કોઈ ટ્રાન્સપોર્ટ એજન્સી (GTA) પર GST rવભાગ તરફથી પહેલાથી જ તપાસ કે શો કોઝ નોટિસ ચાલુ હોય, તો શું તે જ મુદ્દા માટે કરવામાં આવેલી એડવાન્સ રૂલિંગની અરજી માન્ય ગણાશે, કે પછી તેને રદ્દ કરવામાં આવશે?**

કેસના તથ્યો:–

આ કેસ M/s મહેશ ટ્રાન્સપોર્ટ કંપની (અરજદાર) સાથે જોડાયેલો છે, જે એક રજિસ્ટર્ડ 'ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી' (GTA) છે. અરજદારે ગુજરાતની M/s મહેશ ટ્રાન્સપોર્ટ ગુજરાત સાથે એક કરાર કર્યો હતો, જે અંતર્ગત ગુજરાતથી રાજસ્થાન અને રાજસ્થાનથી ગુજરાત રોડ દ્વારા કોલસાની હેરાફેરી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગુજરાતની આ એજન્સી અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ કે અન્ય ગ્રૂપ કંપનીઓ સાથે લોજિસ્ટિક્સ સર્વિસ માટે કરાર ધરાવતી હતી.

અરજદારે ગુજરાતની ટ્રાન્સપોર્ટ એજન્સીને આપેલી ટ્રાન્સપોર્ટ સર્વિસ નોટિફિકેશન નંબર 12/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) હેઠળ 'એક્સેમ્પટ' છે કે નહીં, અથવા નોટિફિકેશન નંબર 11/2017 મુજબ ટેક્સેબલ છે કે કેમ તે સ્પષ્ટ કરવા માટે રાજસ્થાન એડવાન્સ રૂલિંગ ઓથોરિટી (AAR) સમક્ષ અરજી દાખલ કરી હતી.

જ્યારે આ મામલો AAR સમક્ષ ચાલતો હતો, ત્યારે જ્યુરિસડિક્શનલ અને એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા ખુલાસો કરાયો હતો કે અરજદારના બિઝનેસ સ્થાને તા. ૦૭.૦૧.૨૦૨૬ના રોજ સેક્શન 67(2) હેઠળ સર્ચ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન એવો મુદ્દો સામે આવ્યો હતો કે અરજદાર અન્ય GTA કે વ્હીકલ પ્રોવાઇડર્સ પાસેથી વાહનો ભાડે રાખીને 'ઇનપુટ ટેક્સ ક્રેડિટ' મેળવતો હતો અને પોતાની ગાડીઓ પણ અન્ય GTAને ભાડે આપતો હતો, જે મામલે તપાસ અને કાર્યવાહી હાલ સક્રિય અને પેન્ડિંગ છે.

વધુમાં, બિઝનેસ ઓડિટ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે અરજદાર વિરુદ્ધ ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો, જેમાં GTA સિવાયના વાહન સપ્લાયર દ્વારા આપવામાં આવેલી સર્વિસને એક્સેમ્પટ ગણીને ITC ડિસઅલાવ કરવામાં આવી હતી અને ટેક્સ–પેનલ્ટીની ડિમાન્ડ કન્ફર્મ કરવામાં આવી હતી. AAR એ નોટિસ કર્યું કે આ જ મુદ્દો અગાઉના વર્ષ માટે પહેલેથી 'ડિસાઇડેડ' છે અને ચાલુ વર્ષો માટે એન્ફોર્સમેન્ટ તપાસમાં 'પેન્ડિંગ' છે. આ કારણોસર, સેક્શન 98(2) ના પ્રથમ પ્રોવિસો (Statutory Bar) મુજબ આ અરજી મેન્ટેનેબલ નથી તેમ ઠેરવીને છછઇ દ્વારા અરજી ફગાવી દેવામાં આવી હતી.

મુદ્દો (Issue) :

- આ કેસનો મુખ્ય મુદ્દો એ છે કે શું કોઈ 'ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી' (GTA) દ્વારા બીજી GTA કંપનીને રોડ દ્વારા માલની હેરાફેરી માટે આપવામાં આવતી સર્વિસ નોટિફિકેશન નંબર 12/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) હેઠળ એક્સેમ્પટ છે કે નહીં, અથવા તે ટેક્સેબલ છે.
- આ કેસમાં અરજદારે આ જ કાનૂની મુદ્દા પર એડવાન્સ રૂલિંગ મેળવવા અરજી કરી હતી, પરંતુ ઓથોરિટી (AAR) એ સેક્શન 98(2) ના પ્રથમ પ્રોવિસો મુજબ એવું ઠેરવ્યું કે અરજદાર વિરુદ્ધ આ જ મુદ્દે અગાઉના વર્ષ માટે ઓર્ડર પસાર થઈ ચૂકેલો છે અને ચાલુ વર્ષોમાં એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા સર્ચ કરીને આ જ બાબતે તપાસ પણ ચાલુ છે. આથી, કાયદાકીય જોગવાઈ મુજબ જે બાબત પહેલેથી પેન્ડિંગ કે નક્કી થયેલ હોય તેમાં એડવાન્સ રૂલિંગ આપી શકાતું નથી, જેથી આ અરજી રદ કરવામાં આવી.

અરજદાર તરફે રજુઆત :–

અરજદારે જણાવ્યું કે તે રોડ દ્વારા માલની હેરાફેરી કરે છે અને કન્સાઇનમેન્ટ નોટ ઇશ્યુ કરે છે, જે નોટિફિકેશન નંબર 12/2017–સેન્ટ્રલ ટેક્સ (રેટ) હેઠળ GTA ની વ્યાખ્યાને સંપૂર્ણપણે પૂરી કરે છે.

અરજદારે ગુજરાતની M/s મહેશ ટ્રાન્સપોર્ટ ગુજરાત સાથે થયેલા કરારની વિગતો રજૂ કરી હતી, જેના હેઠળ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે રોડ દ્વારા કોલસાની હેરાફેરી કરવામાં આવે છે. દરેક કન્સાઇનમેન્ટ માટે અરજદાર પોતાના નામે કન્સાઇનમેન્ટ નોટ ઇશ્યુ કરે છે અને માલની સુરક્ષિત ડિલિવરી માટે જવાબદાર રહે છે.

અરજદારે શરૂઆતમાં નોટિફિકેશન નંબર 12/2017 (એન્ટ્રી નંબર 22b) હેઠળ અન્ય GTAને વાહનો ભાડે આપવાની સેવા એક્સેમ્પટ છે કે કેમ અને નોટિફિકેશન નંબર 11/2017 મુજબ ટેક્સેબલ છે કે કેમ તે અંગે સ્પષ્ટતા માંગી હતી.

બીજા પર્સનલ હિયરિંગ દરમિયાન અરજદારના વકીલોએ દલીલ કરી હતી કે અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે જે ઓર્ડર પસાર થયો હતો અને વર્તમાનમાં જે તપાસ ચાલી રહી છે, તે બાબતો અલગ છે અને આ એડવાન્સ રૂલિંગ અરજી કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય છે.

કોર્ટનો ચુકાદો (ઓથોરિટી ફોર એડવાન્સ રૂલિંગ – રાજસ્થાન):

રાજસ્થાન એડવાન્સ રૂલિંગ ઓથોરિટી (AAR) એ સ્પષ્ટ કર્યું કે સેક્શન 98(2) ના પ્રથમ પ્રોવિસો મુજબ, જો કોઈ મુદ્દો અરજદાર સામે અગાઉથી જ કોઈ કાર્યવાહીમાં પેન્ડિંગ હોય કે નક્કી થઈ ચૂકેલો હોય, તો તે બાબતે એડવાન્સ રૂલિંગ આપી શકાતું નથી. આ કેસમાં અરજદારની અરજી શરૂઆતના તબક્કે જ કાયદાકીય જોગવાઈઓને કારણે રદ કરવામાં આવે છે.

ઓથોરિટીએ નોંધ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે બિઝનેસ ઓડિટ દ્વારા અરજદાર વિરુદ્ધ વાહન ભાડે રાખવા અને ITC ના મુદ્દે અગાઉથી જ ઓર્ડર પસાર કરીને ડિમાન્ડ કન્ફર્મ કરવામાં આવી હતી. આ ઉપરાંત, વર્તમાન વર્ષો માટે એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા સેક્શન 67 હેઠળ સર્ચ કરીને આ જ પ્રકારના મુદ્દાઓ પર સક્રિય તપાસ પણ ચાલુ છે.

ચુકાદામાં જણાવવામાં આવ્યું છે કે કાયદાકીય પ્રતિબંધ લાગુ પડતો હોવાથી ઓથોરિટી આ અરજીને ગુણદોષ (Merits) પર સ્વીકારવા માટે સક્ષમ નથી. આ કારણોસર, અરજદારે જે મુખ્ય પ્રશ્ન પૂછ્યો હતો તેના પર ઓથોરિટીએ કોઈ પણ પ્રકારનું મંતવ્ય આપવાનું ટાળ્યું છે અને અરજીને શરૂઆતના તબક્કે જ ફગાવી દીધી છે.

એડવાન્સ રૂલિંગ:

પ્ર.૧ શું M/s મહેશ ટ્રાન્સપોર્ટ કંપની દ્વારા અન્ય GTA ને આપવામાં આવતી ટ્રાન્સપોર્ટ સર્વિસ, નોટિફિકેશન નંબર 12/2017 હેઠળ એક્સેમ્પટ ગણાય કે નોટિફિકેશન નંબર 11/2017 મુજબ ટેક્સેબલ છે?

જ. રાજસ્થાન AAR એ સેક્શન 98(2) ના પ્રથમ પ્રોવિસો મુજબ જવાબ આપવાનો ઇનકાર કર્યો છે, કારણ કે આ જ મુદ્દો અગાઉના વર્ષ માટે પહેલેથી 'ડિસાઇડેડ' છે અને ચાલુ વર્ષોમાં એન્ફોર્સમેન્ટ તપાસમાં 'પેન્ડિંગ' છે.

પ્ર.૨ જો અરજદાર વિરુદ્ધ સમાન મુદ્દા પર અગાઉથી જ તપાસ કે ઓર્ડર પેન્ડિંગ કે ડિસાઇડેડ હોય, તો શું AAR એડવાન્સ રૂલિંગની અરજી સ્વીકારી શકે?

જ. ના, સેક્શન 98(2) ના પ્રથમ પ્રોવિસો મુજબ આવી અરજી મેન્ટેનેબલ નથી, તેથી AAR દ્વારા આ અરજી શરૂઆતના તબક્કે જ ફગાવી દેવામાં આવી છે.

રિમાર્કસઃ

આ ચુકાદો GST હેઠળ 'એડવાન્સ રૂલિંગ' મેળવવાની મર્યાદાઓને સ્પષ્ટપણે દર્શાવે છે. સેક્શન 98(2) ના પ્રથમ પ્રોવિસોનો મૂળ હેતુ એ છે કે જે બાબતો અપીલ, ઓડિટ કે તપાસના સ્વરૂપે પહેલેથી જ ચાલુ હોય કે નક્કી થઈ ગઈ હોય, તેમાં કોઈ સમાંતર નિર્ણય કે એડવાન્સ રૂલિંગ આપીને કાનૂની ગૂંચવણ ઊભી ન કરી શકાય.

કેસના રેકોર્ડ મુજબ, અરજદાર વિરુદ્ધ નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ માટે બિઝનેસ ઓડિટ દ્વારા આ જ બાબતે આદેશ પસાર થઈ ચૂક્યો હતો અને ચાલુ ગાળા માટે એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા સેક્શન 67 હેઠળ સર્ચ પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બંને પરિસ્થિતિઓ સેક્શન 98(2) ના પ્રોવિસોમાં આવતી હોવાથી ઓથોરિટી પાસે અરજી ફગાવી દેવા સિવાય કાયદાકીય રીતે કોઈ વિકલ્પ નહોતો.

કરદાતાઓ અને પ્રેક્ટિશ્નર્સ માટે આ કેસમાંથી એ બાબત સાબિત થાય છે કે જો ડિપાર્ટમેન્ટ દ્વારા કોઈ મુદ્દે સર્ચ, ઓડિટ કે SCN જારી થઈ ચૂકી હોય, તો તે જ વિષય પર AAR સમક્ષ જઈ શકાતું નથી. આવી સ્થિતિમાં અરજી શરૂઆતના તબક્કે જ રદ થઈ જાય છે અને તેના ગુણદોષ પર ચર્ચા કરવામાં આવતી નથી.

● ---- X ---- ●

ભૂલ કે છેતરપિંડી? GST હેઠળ સેક્શન 73 સામે 74 ને સમજીએ



Priyanshi Solanki

પરિચય:

કેન્દ્રીય માલ અને સેવા કર કાયદો, ૨૦૧૭ (CGST Act) ભારતની પરોક્ષ કર વ્યવસ્થામાં એકસરૂ, પારદર્શિતા અને સરળતા લાવવા માટે બનાવવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળ સેક્શન 73 અને સેક્શન 74 એવી પરિસ્થિતિઓમાં લાગુ પડે છે જ્યાં કર ભરાયો નથી, ઓછો ભરાયો છે, ખોટી રીતે રિફંડ લેવાયો છે અથવા ઇનપુટ ટેક્સ ક્રેડિટ ખોટી રીતે લેવામાં અથવા ઉપયોગમાં લેવાયો છે.

પહેલી નજરે જોવામાં આવે તો બંને કલમો એકસરખી લાગે છે, કારણ કે બંને કર વસૂલાત સાથે સંબંધિત છે. પરંતુ હકીકતમાં બંનેની મૂળ વિચારધારા અલગ છે, અને આ તફાવત જ ઘણીવાર GSTના કેસોમાં મોટો વિવાદ ઉભો કરે છે.

એક સામાન્ય પ્રેક્ટિકલ પ્રશ્ન ઊભો થાય છે:

પ્ર. શું વિભાગ એક જ મુદ્દા અને એક જ નાણાકીય વર્ષ માટે "સેફ સાઇડ" પર રહેવા માટે સેક્શન 73 અને સેક્શન 74 બંને હેઠળ નોટીસ આપી શકે?

જ. ના.

કારણ શું? કાયદો એકબીજાના વિરોધાભાસી આરોપોને મંજૂરી આપતો નથી. એક જ કૃત્યને એક સાથે

૧. સાચી ભૂલ અને

૨. ઇરાદાપૂર્વકની છેતરપિંડી તરીકે ગણાવી શકાય નહીં.

સેક્શન 74 માટે છેતરપિંડીય ઇરાદાનો પુરાવો જરૂરી છે – જે કર સત્તાધિકારીઓ માટે એક "બ્રહ્માસ્ત્ર" સમાન છે – અને તેને સેક્શન 73 સાથે એકસાથે લાગુ કરી શકાય નહીં, કારણ કે સેક્શન 73 અનઇચ્છિત ભૂલો માટે લાગુ પડે છે. આ લેખ સમજાવે છે કે એક જ ગુનામાં આ બંને જોગવાઈઓને એકસાથે કેમ લાગુ કરી શકાતી નથી.

વધુ સ્પષ્ટ દ્રષ્ટિકોણ મેળવવા માટે, હવે આપણે સેક્શન 73 અને 74 નો વ્યાપ, શરતો અને તેની વ્યવહારિક લાગુ પડતાની વિગતવાર સમજ મેળવીએ, તેમજ જોઈએ કે આ જોગવાઈઓને એકસાથે લાગુ કરવા કરતાં અલગ–અલગ રીતે લાગુ કરવા માટે કેમ નિર્ધારિત કરવામાં આવી છે.

કાનૂની માળખું (Statutory Framework)

CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 73 – ફ્રોડ વગરના કેસો (Non-Fraud Cases)

"73(1) જ્યારે યોગ્ય અધિકારીને લાગે છે કે કોઈ કર ચૂકવાયો નથી અથવા ઓછો ચૂકવાયો છે અથવા ભૂલથી રિફંડ આપવામાં આવ્યો છે, અથવા ઇનપુટ ટેક્સ ક્રેડિટ કોઈપણ કારણસર ખોટી રીતે લેવામાં આવી છે અથવા ઉપયોગમાં લેવામાં આવી છે, પરંતુ છેતરપિંડી, ઇરાદાપૂર્વક ખોટી રજૂઆત અથવા કર બચાવવા માટે તથ્યો છુપાવવાના કારણ સિવાય, ત્યારે તે સંબંધિત વ્યક્તિને નોટીસ પાઠવશે. આ નોટીસ તે વ્યક્તિને આપવામાં આવશે જે કર ચૂકવવા માટે જવાબદાર છે અને જેને કર ચૂકવાયો નથી અથવા ઓછો ચૂકવાયો છે, અથવા જેને ભૂલથી રિફંડ મળ્યો છે, અથવા જેણે ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ લીધો અથવા ઉપયોગ કર્યો છે, અને તેને જણાવવાનું રહેશે કે તેણે નોટિસમાં દર્શાવેલી રકમ, સેક્શન 50 હેઠળ લાગુ પડતું વ્યાજ તથા આ અધિનિયમ અથવા તેના હેઠળ બનાવાયેલા નિયમો મુજબ લાગુ પડતી દંડ રકમ શા માટે ચૂકવવી નહીં જોઈએ."

સેક્શન 73 તેવા કેસોમાં લાગુ પડે છે જ્યાં ટેક્સની ઘટ કોઈપણ કરચોરીના ઇરાદા વગર થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે સાચી ભૂલો, ચૂક, વ્યાખ્યાના મુદ્દાઓ અને લિખિત કે પ્રક્રિયાત્મક ભૂલોને આવરી લે છે. તેથી, સેક્શન 73 એ એવી બોનાફાઇડ ભૂલોને સંબોધે છે જે ભૂલ, વ્યાખ્યા અથવા પ્રક્રિયાત્મક ખામીઓના કારણે થાય છે.

CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 74 - ફ્રોડ સંબંધિત કેસો (નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી આગળના કેસો માટે સેક્શન 74A નો સંદર્ભ લો)

"74(1) જ્યારે યોગ્ય અધિકારીને લાગે છે કે કોઈ કર ચૂકવાયો નથી અથવા ઓછો ચૂકવાયો છે અથવા ભૂલથી રિફંડ આપવામાં આવ્યો છે, અથવા ઇનપુટ ટેક્સ ક્રેડિટ કોઈપણ કારણસર ખોટી રીતે લેવામાં આવી છે અથવા ઉપયોગમાં લેવામાં આવી છે, અને તે ફ્રોડ અથવા કર બચાવવા માટે ઇરાદાપૂર્વક ખોટી રજૂઆત અથવા તથ્યો છુપાવવાના કારણે થયું હોય, ત્યારે તે સંબંધિત વ્યક્તિને નોટીસ પાઠવશે. આ નોટીસ તે વ્યક્તિને આપવામાં આવશે જે કર ચૂકવવા માટે જવાબદાર છે અને જેને કર ચૂકવાયો નથી અથવા ઓછો ચૂકવાયો છે, અથવા જેને ભૂલથી રિફંડ મળ્યો છે, અથવા જેણે ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ લીધો અથવા ઉપયોગ કર્યો છે, અને તેને જણાવવાનું રહેશે કે તેણે નોટિસમાં દર્શાવેલી રકમ, સેક્શન 50 હેઠળ લાગુ પડતું વ્યાજ તથા નોટિસમાં દર્શાવેલા કર જેટલી જ દંડ રકમ શા માટે ચૂકવવી નહીં જોઈએ."

CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 74 તેવા કેસોમાં લાગુ પડે છે જ્યાં કરમાં ઘટાડો ફ્રોડ, જાણીને ખોટું નિવેદન અથવા કરચોરી કરવા માટે તથ્યો છુપાવવાના કારણે થયો હોય.

આ ઉપરાંત, Notification No. 17/2024–Central Tax તારીખ ૨૭/૦૯/૨૦૨૪ દ્વારા (૦૧/૧૧/૨૦૨૪ થી લાગુ), સેક્શન 74A રજૂ કરવામાં આવી છે. આ નવી સેક્શન દ્વારા અગાઉની સેક્શન 73 અને 74 ને એકીકૃત (merge) કરવામાં આવી છે અને તેમાં SCN, ઓર્ડર તથા દંડ માટેની સમયમર્યાદામાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે.

ઉપર જણાવેલ ત્રણ મુખ્ય શબ્દસમૂહોનું અહીં નીચે વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે

ફ્રોડ - Indian Contract Act, 1872 ની સેક્શન ૧૭ મુજબ "ફ્રોડ"નો અર્થ નીચે મુજબ થાય છે

"Indian Contract Act, 1872 મુજબ, "ફ્રોડ" એટલે કોઈ વ્યક્તિ કરાર દરમિયાન બીજી વ્યક્તિને છેતરવા અથવા તેને કરારમાં પ્રવેશ કરવા પ્રેરિત કરવા માટે ઈરાદાપૂર્વક કરેલી નીચેની ક્રિયાઓ:

૧. જે વાત સાચી નથી, તેને હકીકત તરીકે રજૂ કરવી-even જ્યારે કહેતા વ્યક્તિને ખબર હોય કે તે ખોટી છે;

૨. મહત્વપૂર્ણ હકીકત જાણતા હોવા છતાં તેને છુપાવવી;

૩. કોઈ વચન આપવું પરંતુ તેને પૂરુ કરવાનો કોઈ ઈરાદો ન હોવો;

૪. કોઈપણ એવું વર્તન કે જે બીજાને છેતરવા માટે બનાવવામાં આવ્યું હોય;

૫. કાયદા દ્વારા ખાસ કરીને "ફ્રોડ" તરીકે જાહેર કરાયેલ કોઈપણ કાર્ય અથવા ચૂક.

સ્પષ્ટીકરણ: કોઈ હકીકતો અંગે માત્ર ચૂપ રહેવું, જે કોઈ વ્યક્તિના કરારમાં પ્રવેશ કરવાની ઇચ્છા પર અસર કરી શકે, તેને ફ્રોડ ગણવામાં આવતું નથી, સિવાય કે કેસની પરિસ્થિતિઓ એવી હોય કે, તે મુજબ ચૂપ રહેનાર વ્યક્તિ માટે બોલવું તેની ફરજ બને, અથવા તેની ચૂપ રહેવાની ક્રિયા પોતે જ બોલવા સમાન ગણાય."

ફ્રોડ એટલે કોઈ વ્યક્તિ એવી વાતને હકીકત તરીકે રજૂ કરે જેને તે પોતે સાચી માને જ નહીં. ફ્રોડનો અર્થ હકીકતને જાણીને છુપાવવો પણ થાય છે. સામાન્ય રીતે, 'ફ્રોડ'નો અર્થ છે છેતરપિંડી, ચાલાકી અથવા ખોટી રજૂઆત.

Cosmic Dye Chemical v. Collector of Central Excise માં "ફ્રોડ" નો અર્થ સમજાવતા કહેવામાં આવ્યું કે "હવે જ્યાં સુધી ફ્રોડ અને મિલીભગતનો પ્રશ્ન છે, ત્યાં સ્પષ્ટ છે કે જરૂરી બાબત એટલે ઇરાદો એટલે કે કરથી બચવાનો ઇરાદો – આ શબ્દોમાં જ સમાયેલો છે. 'ખોટું નિવેદન' અથવા 'હકીકતોનું છુપાવવું' બાબતે, આ શબ્દો પહેલાં આવેલ 'ઇરાદાપૂર્વક' શબ્દ બતાવે છે કે આ કામ જાણીને અને કરચોરીના ઇરાદાથી કરવામાં આવ્યું હોવું જોઈએ. આગળના શબ્દો 'કાયદા અથવા નિયમોના કોઈપણ પ્રાવધાનનો ભંગ' પણ તરત પછી આવેલા 'કરચુકવણીથી બચવાનો ઇરાદો' સાથે જોડાયેલા છે. એટલે કે, એવું કહેવું સાચું નથી કે કોઈ હકીકતનું છુપાવવું અથવા ખોટું નિવેદન ઇરાદાપૂર્વક ન હોય છતાં પણ તે આ જોગવાઈ માટે માન્ય કારણ બની શકે. હકીકતનું ખોટું નિવેદન અથવા હકીકતોનું છુપાવવું ત્યારે જ માન્ય ગણાય જ્યારે તે ઇરાદાપૂર્વક કરવામાં આવ્યું હોય."

ઇરાદાપૂર્વક ખોટું નિવેદન: કોઈ ખોટું નિવેદન ત્યારે જ 'ઇરાદાપૂર્વક' ગણાય જ્યારે તે જાણીને અને ઇરાદાથી કરવામાં આવ્યું હોય. જો નિવેદન ભૂલથી, અજાણતા અથવા સાચી સમજણમાં ફરક (બોનાફાઇડ વ્યાખ્યા) ને કારણે થયું હોય, તો તેને ઇરાદાપૂર્વક ગણવામાં આવતું નથી. માત્ર કેટલીક હકીકતો જાહેર ન કરવામાં આવે એટલા માટે જ કોઈ નિવેદનને ખોટું નિવેદન માનવામાં આવતું નથી.

Uniworth Textiles Ltd. v. CCE મામલામાં માનનીય સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, "ટ્રિબ્યુનલના તારણ સાથે અમે સહમત નથી. માત્ર કર ન ભરવો એ જ મિલીભગત, ઇરાદાપૂર્વક ખોટું નિવેદન અથવા હકીકતો છુપાવવું સમાન છે એવું માનવું યોગ્ય નથી. જો આવું માનવામાં આવે, તો પછી સામાન્ય ભૂલથી કર ન ભરવાનો કેસ કયો ગણાશે તે સમજવું મુશ્કેલ બની જાય. માત્ર કર ન ભરવાની ઘટનાને આ ત્રણ કેટેગરીમાં મૂકવાથી એવી કોઈ પરિસ્થિતિ જ બાકી નહીં રહે જેમાં સામાન્ય સમયમર્યાદા લાગુ પડે. અમારા મત પ્રમાણે, કાયદાનો મુખ્ય ભાગ સામાન્ય રીતે કર ન ભરવાના કેસોને આવરી લે છે, જ્યારે મિલીભગત, ઇરાદાપૂર્વક ખોટું નિવેદન અથવા હકીકતો છુપાવવાના કેસો અલગ અને વધુ ગંભીર પ્રકારના હોય છે. અતેથી, માત્ર કર ન ભરવો પૂરતું નથી–પણ વધુ કંઈક પુરાવો હોવો જોઈએ જેથી આ કેસોને ગંભીર જોગવાઈઓ હેઠળ લાવી શકાય."

માહિતી છુપાવવી: સ્પષ્ટીકરણ ૨ (સેક્શન 74A) મુજબ "આ અધિનિયમના હેતુઓ માટે, 'suppression' શબ્દનો અર્થ એ થાય છે કે ટેક્સપેયર દ્વારા તે તથ્યો અથવા માહિતી જાહેર ન કરવી, જે તેને રિટર્ન, સ્ટેટમેન્ટ, રિપોર્ટ અથવા આ અધિનિયમ અથવા તેની હેઠળ બનાવેલા નિયમો મુજબ અન્ય કોઈ દસ્તાવેજમાં જાહેર કરવાની ફરજ હોય; અથવા યોગ્ય અધિકારી દ્વારા લખિતમાં માંગવામાં આવે ત્યારે કોઈ માહિતી આપવામાં નિષ્ફળ રહેવું."

Anand Nishikawa Co. Ltd. v. CCE મામલામાં માનનીય સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે "27. આ કોર્ટ દ્વારા Pushpam Pharmaceuticals Co. v. CCE કેસમાં કરાયેલા ઉપરોક્ત નિરીક્ષણો પર આધાર રાખીને, અમે જણાવી રહ્યા છીએ કે 'suppression of facts' નો એક જ અર્થ થાય છે કે યોગ્ય માહિતી કરચુકવણીથી બચવા માટે ઇરાદાપૂર્વક જાહેર કરવામાં આવી નથી. જ્યારે તથ્યો બંને પક્ષોને જાણીતા હોય, ત્યારે કોઈ વ્યક્તિએ એવું કંઈક ન કરવું, જે તે કરી શકતો હતો પરંતુ કરવું ફરજિયાત નહોતું, તે 'suppression' ગણાતું નથી. આ સ્થિર કાનૂન છે કે માત્ર માહિતી જાહેર કરવામાં નિષ્ફળતા 'wilful suppression' ગણાતી નથી. 'Wilful suppression' સાબિત કરવા માટે કરદાતા તરફથી કોઈ સકારાત્મક (positive) કૃત્ય હોવું જરૂરી છે."

કરચોરી: તેનો અર્થ થાય છે "કાયદેસર ચૂકવવાનો બાકી હોય તેવા કરનું ગેરકાયદેસર રીતે ચુકવણી ન કરવી". તેથી, આ ખૂબ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે તે વ્યક્તિ દ્વારા કરવામાં આવેલો ઇરાદાપૂર્વકનો કૃત્ય છે, જે સરકારને કરમાં નુકસાન પહોંચાડે છે. આથી એ પણ

સ્પષ્ટ થાય છે કે જ્યાં સરકારને વાસ્તવિક આવકનું કોઈ નુકસાન થયું નથી, એવા કેસોને સેક્શન 74 હેઠળ નિરાકરવા ન જોઈએ.

કેન્દ્રીય પરોક્ષ કર અને કસ્ટમ્સ બોર્ડ (CBIC) દ્વારા જારી કરાયેલ સર્ક્યુલર નં. 171/03/2022-GST નો સંદર્ભ લઈ શકાય છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો ITC ખોટા ઇન્વોઇસના આધારે, માલ અથવા સેવા પ્રાપ્ત કર્યા વિના લેવામાં અને ઉપયોગમાં લેવામાં આવે, તો તેને છેતરપિંડીય રીતે ITC લેવું ગણવામાં આવશે, અને તેથી તેના પર સેક્શન 74 ની જોગવાઈઓ વ્યાજ અને દંડ સાથે લાગુ પડશે. આ મુજબ, આ સર્ક્યુલર કરદાતાઓને સમજવામાં મદદ કરે છે કે સેક્શન 73 સચ્ચી (બોનાફાઇડ) ભૂલો માટે લાગુ પડે છે જ્યાં કરચોરી કરવાનો ઇરાદો નથી, જ્યારે સેક્શન 74 ખાસ કરીને છેતરપિંડી, માહિતી છુપાવવી, અથવા ખોટી રીતે ITC લેવાના કેસોમાં લાગુ કરવામાં આવે છે.

GST હેઠળ એડજ્યુડિકેશન પ્રક્રિયા શું છે?

યોગ્ય અધિકારી CGST અધિનિયમ હેઠળ કલમ 76 અથવા કલમ 74 મુજબ નોટિસ (ફોર્મ DRC-01) જારી કરે છે.

↓

નોટીસ મળ્યા બાદ, નોંધાયેલ વ્યક્તિએ નિર્ધારિત સમયમર્યાદામાં અને નિર્ધારિત ફોર્મ (ફોર્મ DRC-06) માં યોગ્ય જવાબ રજૂ કરવો જોઈએ.

↓

જવાબ રજુ કર્યા બાદ, યોગ્ય અધિકારી દ્વારા નોંધાયેલ વ્યક્તિને પોતાની વાત રજૂ કરવા માટે વ્યક્તિગત સાંભળવાની તક આપવામાં આવવી જોઈએ.

↓

વ્યક્તિગત સાંભળણી દરમિયાન કરાયેલા રજુઆત અને આપવામાં આવેલા જવાબોને ધ્યાનમાં રાખીને એડજ્યુડિકેટિંગ અધિકારીએ એક સ્પષ્ટ અને કારણસભર આદેશ પસાર કરવો જોઈએ. (ફોર્મ DRC-07)

↓

જો નોંધાયેલ વ્યક્તિ એડજ્યુડિકેટિંગ અધિકારી દ્વારા આપવામાં આવેલા આદેશથી અસંતુષ્ટ હોય, તો તે અપીલ મિકેનિઝમ મુજબ અપીલ (ફોર્મ APL-01) દાખલ કરી શકે છે.

વિગતવાર સરખામણી આધારિત વિશ્લેષણ:

આધાર	સેક્શન 73	સેક્શન 74	સેક્શન 74A
કેસનો પ્રકાર	કોઈ ઇરાદાપૂર્વક ગેરરીતિ કે માહિતી છુપાવ્યા વિના	ટેક્સ ચૂકવવાથી બચવા માટે ઈરાદાપૂર્વક ગેરરીતિ અથવા માહિતી છુપાવવાના કારણે	સેક્શન ૭૩ અને ૭૪નું એકીકરણ
કર બચાવવાનો ઈરાદો	જરૂરી નથી	અનિવાર્ય આવશ્યકતા	–
નોટીસ માટે સમય મર્યાદા	ઓર્ડર આપવાની નિયત તારીખ પહેલાં ત્રણ મહિના	ઓર્ડર આપવાની નિયત તારીખ પહેલાં છ મહિના	વાર્ષિક રિટર્નની નિયત તારીખથી અથવા ભૂલથી થયેલ રિફંડની તારીખથી ૪૨ મહિના (૩.૫ વર્ષ)
ઓર્ડર માટે સમય મર્યાદા	વાર્ષિક રિટર્નની નિયત તારીખથી ૩ વર્ષ, અથવા ભૂલથી થયેલ રિફંડની તારીખથી ૩ વર્ષની અંદર	વાર્ષિક રિટર્નની નિયત તારીખથી ૫ વર્ષ, અથવા ભૂલથી થયેલ રિફંડની તારીખથી ૫ વર્ષની અંદર	નોટીસ આપ્યાની તારીખથી ૧૨ મહિનાની અંદર (વધુમાં વધુ ૬ મહિના સુધી સમયવધારો થઈ શકે છે)
દંડની રકમ*	કરનો ૧૦% અથવા ₹10,000, જે પણ વધુ હોય	કરની રકમનો ૧૦૦%	ધારા ૭૩ અને ૭૪ની જોગવાઈઓ મુજબ સમાન
નોટીસ પહેલાં સ્વૈચ્છિક ચુકવણી	નોટીસ પહેલા કર + વ્યાજ = કોઈ દંડ નહીં.	નોટીસ પહેલા કર + વ્યાજ + ૧૫% દંડ	ધારા ૭૩ અને ૭૪ની જોગવાઈઓ મુજબ સમાન
નોટીસ પછીની ચુકવણી	નોટીસ ના ૩૦ દિવસ માં કર + વ્યાજ = કોઈ દંડ નહીં.	નોટીસ ના ૩૦ દિવસ માં કર + વ્યાજ + ૨૫% દંડ	બિન–કપટ (Non-fraud) કેસો = નોટીસ ના ૬૦ દિવસ માં કર + વ્યાજ = કોઈ દંડ નહીં. કપટ (Fraud) કેસો = નોટીસ ના ૬૦ દિવસમાં કર + વ્યાજ + ૨૫% દંડ
ઓર્ડર પછીની ચુકવણી	કર + વ્યાજ + (કરનો ૧૦% અથવા ₹10,000, જે પણ વધુ હોય)	ઓર્ડર મળ્યાના ૩૦ દિવસની અંદર કર + વ્યાજ + ૫૦% દંડ	બિન–કપટ (Non-fraud) કેસો = ધારા ૭૩ ની જોગવાઈઓ મુજબ સમાન કપટ (Fraud) કેસો = ઓર્ડર મળ્યાના ૬૦ દિવસની અંદર ટેક્સ + વ્યાજ + ૫૦% દંડ

*જો સેક્શન 73/74/74A હેઠળ એકવાર દંડ લાગુ કરવામાં આવે, તો એ જ ક્રિયા અથવા ચૂક માટે CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 75(13) મુજબ અન્ય કોઈ દંડ લગાવી શકાય નહીં.

સ્વ-મૂલ્યાંકિત કર પર દંડ

ભલે ઉપસેક્શન (6) અથવા (8) ની જોગવાઈઓ લાગુ પડતી હોય, છતાં જો કરદાતા નીચે મુજબ ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો ઉપસેક્શન (9) હેઠળ દંડ ભરવો પડશે:

- કોઈપણ સ્વ–મૂલ્યાંકિત કર, અથવા
- કર તરીકે વસૂલ કરેલ કોઈપણ રકમ,

તેવી ચુકવણીની નિર્ધારિત તારીખથી ૩૦ દિવસની અંદર.

CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 74A ના અમલીકરણના કારણે સકારાત્મક અને નકારાત્મક પરિણામો

સેક્શન 74A ના સકારાત્મક પરિણામો

અગાઉની નિર્ણય પ્રક્રિયા સંબંધિત જોગવાઈઓમાં છેતરપિંડી અને છેતરપિંડી વગરના કેસ માટે નોટીસ જારી કરવા અને તેની પૂર્ણાહુતિ માટે અલગ–અલગ સમયમર્યાદા હતી. તેમજ નોટીસ જારી કરનાર અધિકારીને મામલો છેતરપિંડીનો છે તે સાબિત કરવાની જરૂર નહોતી. કેટલીકવાર, અધિકારીઓ સેક્શન 73 હેઠળ કારણ દર્શાવો નોટીસ જારી કરવાની સમયમર્યાદા પૂર્ણ થવાના કારણે સેક્શન 74 હેઠળ નોટીસ જારી કરતા હતા. વધુમાં, જ્યારે કેસમાં છેતરપિંડી સામેલ ન હોય ત્યારે પણ, મામલો રદ કરાવવા માટે કરદાતાઓને ઉચ્ચ મંચો પર જવું પડતું હતું, જે તેમના માટે દંડાત્મક બનતું હતું.

નવી સેક્શન 74A મુજબ, છેતરપિંડી અને છેતરપિંડી વગરના કેસ માટે અલગ સમયમર્યાદા અથવા દંડની જોગવાઈ નથી. ઉપરાંત, કરદાતાને ચુકવણી અંગે નિર્ણય લેવા માટે કુલ ૬૦ દિવસનો સમય મળે છે, જ્યારે સેક્શન 73/74 મુજબ આ સમય ૩૦ દિવસનો હતો.

સેક્શન 74A ના નકારાત્મક પરિણામો:

તે જ સમયે, સેક્શન 74A કરદાતાઓ માટે જવાબદારીનો સમયગાળો વધારી આપે છે, ખાસ કરીને છેતરપિંડી વગરના કેસોમાં, કારણ કે મર્યાદા સમય ૪૨ મહિના સુધી વિસ્તૃત

કરવામાં આવ્યો છે અને નિર્ણય પ્રક્રિયા માટે વધુ સમય આપવામાં આવ્યો છે જેના કારણે અનિશ્ચિતતા અને વિવાદોમાં વધારો થાય છે.

સેક્શન 73 / 74 હેઠળ નોટીસ અને આદેશ માટે સમયમર્યાદા

આ વધારાની સમયમર્યાદાનો સંદર્ભ કારણ દર્શાવો નોટીસ જારી કરવા અને આદેશ પસાર કરવા માટેની અંતિમ સમયમર્યાદા ઝડપથી નિર્ધારિત કરવામાં મદદરૂપ બને છે, જેના પરિણામે વિવાદ વ્યવસ્થાપન, અનુપાલન આયોજન અને વિભાગીય કાર્યવાહીની ચકાસણી સરળ બને છે.

નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ સુધી

કર સમયગાળો	વાર્ષિક રિટર્ન માટેની નિયત તારીખ/વિસ્તૃત તારીખ	CGST ની સેક્શન 73 હેઠળ છેતરપિંડી વગરના કેસો		CGST ની સેક્શન 74 હેઠળ છેતરપિંડીના કેસો	
		નોટીસ જારી કરવી (આદેશ પહેલાં 3 મહિના)	ઓર્ડર પસાર કરવો (વાર્ષિક રિટર્નની નિયત તારીખથી 3 વર્ષ અંદર)	નોટીસ જારી કરવી (આદેશ પહેલાં ૬ મહિના)	ઓર્ડર પસાર કરવો (વાર્ષિક રિટર્નની નિયત તારીખથી ૫ વર્ષ અંદર)
2017-18	05-02-2020	30-09-2023*	31-12-2023*	05-08-2024*	05-02-2025*
2018-19	31-12-2020	31-01-2024*	30-04-2024*	30-06-2025*	31-12-2025*
2019-20	31-03-2021	31-05-2024*	31-08-2024*	30-09-2025*	31-03-2026*
2020-21	28-02-2022	30-11-2024*	28-02-2025*	31-08-2026*	28-02-2027
2021-22	31-12-2022	30-09-2025*	31-12-2025*	30-06-2027	31-12-2027
2022-23	31-12-2023	30-09-2026*	31-12-2026	30-06-2028	31-12-2028
2023-24	31-12-2024	30-09-2027	31-12-2027	30-06-2029	31-12-2029

*** સમયમર્યાદા પસાર થયેલ (Time Barred)**

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી પછી				
CGST ની સેક્શન 74A હેઠળ તમામ કેસો (છેતરપિંડી અને છેતરપિંડી વગરના કેસો)				
કર સમયગાળો	વાર્ષિક રિટર્ન ની નિયત તારીખ	નોટીસ જારી કરવી (વાર્ષિક રિટર્નની નિયત તારીખથી ૪૨ મહિના (૩.૫ વર્ષ) અંદર)	ઓર્ડર પસાર કરવો (નોટીસ જારી થયાની તારીખથી ૧૨ મહિનાની અંદર)	૬ મહિના સુધી વિસ્તરણ કરી શકાય છે.
2024-25	31-12-2025	30-06-2029	30-06-2030	31-12-2030
2025-26	31-12-2026	30-06-2030	30-06-2031	31-12-2031
2026-27	31-12-2027	30-06-2031	30-06-2032	31-12-2032
2027-28	31-12-2028	30-06-2032	30-06-2033	31-12-2033
2028-29	31-12-2029	30-06-2033	30-06-2034	31-12-2034
2029-30	31-12-2030	30-06-2034	30-06-2035	31-12-2035

સરક્યુલર ક્રમાંક 185/17/2022-GST તા. ૨૭.૧૨.૨૦૨૨

ઉપરોક્ત પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યાં સેક્શન 74 (છેતરપિંડી) હેઠળ જારી કરાયેલ નોટીસ છેતરપિંડીના અભાવને કારણે અપીલ અધિકારી, અપીલ ટ્રિબ્યુનલ અથવા અદાલત દ્વારા અસ્થિર ગણવામાં આવે છે, ત્યાં માંગને CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 75(2) મુજબ સેક્શન 73 (છેતરપિંડી વગરના કેસ) હેઠળ ફરીથી નિર્ધારિત કરવી પડશે આવા પુન:નિર્ધારણ માટેનો આદેશ સેક્શન 75(3) મુજબ અપીલના આદેશની માહિતી પ્રાપ્ત થયાની તારીખથી ૨ વર્ષની અંદર પસાર કરવો જરૂરી છે. પરંતુ, માંગ માત્ર ત્યારે જ યથાવત રહી શકે છે જ્યારે તે સેક્શન 73 હેઠળ નિર્ધારિત સમયમર્યાદામાં આવે (અર્થાત્ કારણ દર્શાવો નોટીસ ૨ વર્ષ અને ૯ મહિનાની અંદર જારી થયેલી હોવી જોઈએ).જો આ શરત પૂર્ણ ન થાય, તો કાર્યવાહી સમયમર્યાદા પસાર થયેલી ગણાશે અને તેને રદ કરવાની રહેશે.

સેક્શન 73 અને 74 ની પરસ્પર વિશિષ્ટતા: 'એક વિવાદ, એક જોગવાઈ' નો નિયમ

સેક્શન 73 ત્યાં લાગુ પડે છે જ્યાં કરની ઘટ છેતરપિંડી વગર થાય છે, એટલે કે સચ્ચાઈપૂર્વક થયેલી ભૂલો અથવા અર્થઘટન સંબંધિત મુદ્દાઓના કારણે જ્યારે સેક્શન 74 માત્ર ત્યારે જ લાગુ પડે છે જ્યારે છેતરપિંડી, જાણપૂર્વક ખોટું નિવેદન અથવા કરચોરી કરવાનો ઇરાદો રાખીને માહિતી છુપાવવામાં આવી હોય.

કારણ કે બંને જોગવાઈઓ પરસ્પર વિરુદ્ધ શરતો પર આધારિત છે, કોઈ એક ચોક્કસ મુદ્દા અને નાણાકીય વર્ષ માટે માત્ર એક જ જોગવાઈ લાગુ પડી શકે છે. કેટલાક કેસોમાં વિભાગ એક જ મુદ્દા માટે સેક્શન 73 અને 74 બંને લાગુ કરે છે. જોકે, આવી એકસાથે લાગુ કરવાની કાર્યવાહી કાનૂની રીતે ટકાઉ નથી, કારણ કે બંને જોગવાઈઓ પરસ્પર વિરુદ્ધ પરિસ્થિતિઓ પર આધારિત છે એકમાં છેતરપિંડીનો અભાવ અને બીજામાં છેતરપિંડીની હાજરી જેના કારણે મૂળભૂત રીતે વિરોધાભાસી આક્ષેપો ઊભા થાય છે.

સેક્શન 73 અને 74 નો દ્વિગણ અમલ કેમ સમસ્યાજનક છે? - ન્યાય પ્રસંગોમાંથી મેળવેલ સમજ

કરદાતાઓ ઘણીવાર એક જ મુદ્દા અને એક જ કર સમયગાળા માટે CGST અધિનિયમની સેક્શન 73 અને સેક્શન 74 નો એકસાથે અથવા અનુસંધાનમાં અમલ કરવામાં આવતા ગૂંચવણનો સામનો કરે છે.

આ મુદ્દાને સ્પષ્ટ કરવા માટે વિવિધ ઉચ્ચ ન્યાયાલયોએ પોતાના ચુકાદાઓ દ્વારા જણાવ્યું છે કે એકવાર સેક્શન 73 હેઠળ કાર્યવાહી શરૂ થાય અથવા પૂર્ણ થાય, ત્યારબાદ એ જ મુદ્દા અને સમયગાળા માટે વિભાગ સેક્શન 74 લાગુ કરી શકતું નથી, સિવાય કે છેતરપિંડી, જાણપૂર્વક ખોટું નિવેદન અથવા કરચોરીના ઇરાદા સાથે તથ્યો છુપાવવાના સ્પષ્ટ આક્ષેપો અને પુરાવા ઉપલબ્ધ હોય.

- **સંબંધિત કેસ કાયદાઓની યાદીઃ**

કેસ ૧: એચસીએલ ઇન્ફોટેક લિમિટેડ vs કમિશનર, વાણિજ્ય કર તથા અન્ય (અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલય) તા. ૨૭.૦૯.૨૦૨૪

કેસના તથ્યોઃ

એચસીએલ ઇન્ફોટેક લિમિટેડને CGST અધિનિયમની સેક્શન 73 હેઠળ તા. ૩૦.૦૯.૨૦૨૩ ના રોજ કારણ દર્શાવો નોટીસ જારી કરવામાં આવી હતી, જેમાં જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ દરમ્યાન વધુ ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) લેવાયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. કંપનીએ જરૂરી દસ્તાવેજો સાથે વિગતવાર જવાબ રજૂ કર્યો અને ITC ના દાવાને યોગ્ય ઠેરવ્યો. રેકોર્ડ અને રજૂઆતોની તપાસ કર્યા પછી, નિણાયક

અધિકારીએ તા. ૩૦.૧૨.૨૦૨૩ ના રોજ આદેશ પસાર કરીને યોગ્ય ચકાસણી બાદ કાર્યવાહી રદ કરી દીધી.

આ કાર્યવાહી પૂર્ણ થયા છતાં, વિભાગે એ જ તથ્યો અને ITC મુદ્દા પર સેક્શન 74 હેઠળ ફરીથી નવી કારણ દર્શાવો નોટીસ જારી કરી. મહત્વપૂર્ણ રીતે, આ નોટિસમાં છેતરપિંડી, જાણપૂર્વક ખોટું નિવેદન અથવા તથ્યો છુપાવવાના કોઈપણ સ્પષ્ટ આક્ષેપો દર્શાવવામાં આવ્યા નહોતા, જે સેક્શન 74 લાગુ કરવા માટે આવશ્યક છે.આ પુનઃકાર્યવાહીથી અસંતોષ અનુભવી, અરજદારે આ નોટિસની અધિકારક્ષેત્રને પડકારતા ઉચ્ચ ન્યાયાલયનો દરવાજો ખટખટાવ્યો.

અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયનો ચુકાદોઃ

હાઇકોર્ટએ નિર્ધારિત કર્યું કે CGST અધિનિયમની સેક્શન ૭૩ નો સીધો વાંચન કરતાં સ્પષ્ટ થાય છે કે જો સેક્શન ૭૩ હેઠળની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોય, તો તેને ફરીથી ખોલી શકાય નહીં, સિવાય તેવા કેસોમાં જ્યાં ઇનપુટ ટેક્સ ક્રેડિટ છેતરપિંડી, કોઈ ઇરાદાપૂર્વક ખોટું નિવેદન અથવા તથ્યોના દબાવ દ્વારા ખોટી રીતે લેવામાં અથવા ઉપયોગમાં લેવામાં આવ્યો હોય. આવા કેસમાં કાર્યવાહી અધિકારક્ષેત્ર વિના માનવામાં આવી અને તેને રદ્દ કરવામાં આવી.

કેસ ૨: વાડીલાલ એન્ટરપ્રાઇઝિસ લિમિટેડ vs ઉત્તર પ્રદેશ રાજ્ય (અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલય) તા. ૨૩.૦૫.૨૦૨૫

કેસના તથ્યોઃ

વડિલાલ એન્ટરપ્રાઇઝિસ લિમિટેડને ૨૫.૦૨.૨૦૨૫ના રોજ CGST અધિનિયમ, ૨૦૧૭ ની સેક્શન 74 હેઠળ SCN જારી કરવામાં આવ્યો હતો, જેમાં FY 2020–21 માટે ₹260.15 કરોડના GST ડિમાન્ડનો પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. અગાઉ, એ જ મુદ્દાઓ માટે સેક્શન ૭૩ હેઠળ પહેલેથી જ SCN જારી કરવામાં આવ્યો હતો અને અરજદારે દસ્તાવેજો સાથે વિગતવાર જવાબો રજૂ કર્યા હતા. તા. ૨૨.૦૨.૨૦૨૫ના રોજ સેક્શન 73 હેઠળનો ઓર્ડર પસાર કરતી વખતે, વિભાગે દસ્તાવેજોમાં તફાવત નોંધ્યો અને જણાવ્યું કે વધુ વિગતવાર તપાસ સેક્શન 74 હેઠળ અલગ નોટિસ દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ, આ

વિવાદિત (impugned) સેક્શન 74 નોટિસ જારી કરવામાં આવી. પરંતુ, આ નોટિસમાં માત્ર એટલું જ જણાવાયું હતું કે અરજદારના અગાઉના સ્પષ્ટીકરણોની ચકાસણી થઈ શકી નથી અને વધુ સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું છે. તેમાં છેતરપિંડી, ઇરાદાપૂર્વક ખોટું નિવેદન અથવા તથ્યોના દબાવ અંગે કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નહોતો.

અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયનો ચુકાદોઃ

માનનીય અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયે નિર્ણય કર્યો કે એકવાર સેક્શન 73 હેઠળ કાર્યવાહી શરૂ થાય, ત્યારબાદ એ જ મુદ્દા અને સમયગાળા માટે કોઈ નવી સામગ્રી વગર સેક્શન 74 લાગુ કરી શકાતી નથી, કારણ કે તે પૂર્ણ થયેલી કાર્યવાહીનું પુનઃસમીક્ષણ ગણાશે. આ પરિસ્થિતિમાં, સેક્શન 74 લાગુ કરવાની અધિકારક્ષેત્રની આવશ્યક શરતો હાજર ન હોવાથી, આ નોટીસ ટકાવી શકાતી નથી.

કેસ 3: અજનારા રિયલટેક લિમિટેડ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય (અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલય) તા. ૧૮.૦૩.૨૦૨૫

કેસના તથ્યોઃ

અરજદારને FY 2017–18 માટે UPGST અધિનિયમની સેક્શન 74 હેઠળ શો–કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી, ત્યારબાદ એકતરફી (ex-parte) આકલન આદેશ પસાર કરવામાં આવ્યો હતો. અરજદારે આ નોટિસ અને આદેશની માન્યતા સામે માનનીય અલાહાબાદ હાઇકોર્ટમાં પડકાર કર્યો હતો, આ આધારે કે સેક્શન 74 લાગુ કરવા માટે જરૂરી ફરજિયાત શરતો પૂર્ણ કરવામાં આવી નહોતી. ખાસ કરીને દલીલ કરવામાં આવી હતી કે શો–કોઝ નોટિસમાં છેતરપિંડી (fraud), ઇરાદાપૂર્વક ખોટું નિવેદન અથવા મહત્વપૂર્ણ તથ્યોના દબાવ અંગે કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નહોતો, જે સેક્શન 74 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે આવશ્યક પૂર્વશરતો છે.

અલ્હાબાદ ઉચ્ચ ન્યાયાલયનો ચુકાદોઃ

અલાહાબાદ હાઇકોર્ટએ નિરીક્ષણ કર્યું કે છેતરપિંડી, ઇરાદાપૂર્વક ખોટું નિવેદન અથવા તથ્યોના દબાવ સંબંધિત આક્ષેપોના અભાવે સેક્શન 74 નો અમલ અમાન્ય બની જાય છે. કોર્ટએ આગળ નોંધ્યું કે શો–કોઝ નોટિસ તેમજ આકલન આદેશ બંનેમાં કારણોની અછત

હતી અને તેઓ સેક્શન 74 ની કાનૂની આવશ્યકતાઓને પૂર્ણ કરતા નહોતા. તેથી, વિવાદિત નોટિસ અને આદેશને રદ્દ કરીને બાજુ પર મુકવામાં આવ્યા.

કેસ ૪: સચાન બિસ્વાસ દૃજ આવક વિભાગના ઉપઆયુક્ત (કલકત્તા ઉચ્ચ ન્યાયાલય) તા. ૩૧.૦૭.૨૦૨૫

કેસના તથ્યો:

અરજદાર, જે લોખંડના સ્ક્રેપ અને રીમેલ્ટિંગ ઇંગોટ્સના વેપારી છે, તેમને FY 2019–20 માટે છેતરપિંડી અને તથ્યોના દબાવના આક્ષેપ સાથે સેક્શન 74 હેઠળ SCN જારી કરવામાં આવ્યો હતો. આ મુદ્દાનો નિર્ણય તા. ૨૦.૧૦.૨૦૨૨ના સ્પીકિંગ ઓર્ડર દ્વારા કરવામાં આવ્યો હતો અને તા. ૨૭.૧૨.૨૦૨૩ના રોજ અપીલમાં તેની પુષ્ટિ કરવામાં આવી હતી. આ મામલો અંતિમ થયો બાદ, એ જ સમયગાળા માટે તા. ૧૩.૦૫.૨૦૨૪ના રોજ સેક્શન ૭૩ હેઠળ નવો SCN જારી કરવામાં આવ્યો, જેમાં ITC, ટેક્સની ઘટ (short payment) અને ઇઝ્ર જવાબદારી સંબંધિત માંગણીઓ ઉઠાવવામાં આવી, ત્યારબાદ તા. ૧૯.૦૭.૨૦૨૪ના રોજ DRC-07 જારી કરવામાં આવ્યો. અરજદારે આ બીજા SCN અને માંગણીને પડકાર્યો હતો, કારણ કે તે પહેલેથી જ સેક્શન 74 હેઠળ પૂર્ણ થયેલા મુદ્દાઓની પુનરાવર્તન (repetition) તરીકે રજૂ કરવામાં આવી હતી.

કલકત્તા ઉચ્ચ ન્યાયાલયનો ચુકાદો:

કોર્ટએ નિર્ણય આપ્યો કે ભલે સેક્શન 73 અને 74 અલગ–અલગ ક્ષેત્રોમાં લાગુ પડે છે, પરંતુ સેક્શન 74 હેઠળ પહેલેથી જ નિર્ણય કરવામાં આવેલા મુદ્દાઓ ખાસ કરીને ITC સંબંધિતને સેક્શન 73 હેઠળ ફરીથી ખોલી શકાતા નથી. એ જ ITC માટે ફરીથી માંગણી કરવી અયોગ્ય સમીક્ષા અને ડબલ જિયોપર્ડી (double jeopardy) સમાન છે. તે મુજબ, સેક્શન 73 હેઠળના SCNમાં કરાયેલ ITC સંબંધિત માંગણી અને તેના આધારે જારી કરાયેલ DRC-07ને રદ્દ કરવામાં આવ્યા, અને વિભાગને સૂચના આપવામાં આવી કે રદ્દ કરાયેલા ભાગને કાઢીને નવું DRC-07 જારી કરવામાં આવે.

કરદાતાઓ માટે મુખ્ય મુદ્દોઃ

જ્યારે કોઈ નોટિસ પ્રાપ્ત થાય, ત્યારે સૌથી પહેલાં તેને ધ્યાનપૂર્વક વાંચવી અને તે સેક્શન 73 હેઠળ જારી કરવામાં આવી છે કે સેક્શન 74 હેઠળ, તેની ઓળખ કરવી મહત્વપૂર્ણ છે, કારણ કે બંને જોગવાઈઓ અલગ-અલગ પરિસ્થિતિઓમાં લાગુ પડે છે. એક જોગવાઈ અનઇચ્છિત ભૂલો સાથે સંબંધિત છે, જ્યારે બીજી જોગવાઈ ઇરાદાપૂર્વક કરચોરીના કેસોમાં લાગુ પડે છે. તેથી, વિભાગનો અભિગમ સ્પષ્ટ હોવો અત્યંત આવશ્યક છે. નોટિસના સ્વરૂપને આધારે, કરદાતાને વધારાનો કર ચૂકવવો, બાકી રહેલી વિગતો પૂરી પાડવી અથવા GST રિટર્નમાં રહેલી ગેરમિલો સુધારવી જરૂરી બની શકે છે. સામાન્ય રીતે, આવી નોટિસનો તાત્કાલિક જવાબ આપવો યોગ્ય ગણાય છે, જેથી વ્યાજ અથવા દંડના જોખમને ઓછું કરી શકાય.

જે પરિસ્થિતિઓમાં એક જ મુદ્દા માટે બંને સેક્શન હેઠળ નોટિસો જારી કરવામાં આવે, અથવા કોઈ નવા પુરાવા વિના સેક્શન 73માંથી સેક્શન 74 તરફ ફેરફાર કરવાનો પ્રયાસ થાય, ત્યારે યોગ્ય રીતે કારણસર વાંધો ઉઠાવવો યોગ્ય રહેશે. એવું દર્શાવી શકાય કે એક જ તથ્યોના આધાર પર અલગ-અલગ અને વિરોધાભાસી આક્ષેપો ટકી શકતા નથી, અને વિભાગ પાસેથી યોગ્ય સ્પષ્ટીકરણ માંગવું જોઈએ. ન્યાયિક નિરાકરણોમાં પણ આવા અસંગત અભિગમોને અનુકૂળ રીતે જોવામાં આવ્યા નથી.

આવી નોટિસોના જવાબ આપતી વખતે, મુખ્ય બચાવ એ છે કે કરચોરી કરવાનો કોઈ ઇરાદો નહોતો તે સાબિત કરવો. યોગ્ય દસ્તાવેજો જાળવી રાખવા, વિગતવાર ગણતરીઓ અને સ્પષ્ટ સમજણ રજૂ કરવાથી તમારી સ્થિતિ મજબૂત બને છે. સારી રીતે રચાયેલ અને સુસંગત જવાબ આવા કાર્યવાહીનો અસરકારક રીતે સામનો કરવા અને તેને પડકારવા માટે ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે છે.

● ---- X ---- ●

જીએસટી હેઠળ એડવાન્સ રુલિંગ : બંધનકર્તા છે – પણ કોના પર?



Priyanshu Somani

એ જ વ્યવહાર. એ જ હકીકતો. અલગ કરદાતા - શું રુલિંગ હજુ પણ બંધનકર્તા રહે છે?

ખરો મુદ્દો એ નથી કે એડવાન્સ રુલિંગ બંધનકર્તા છે કે નહીં. ખરો મુદ્દો એ છે કે કોણ બંધાયેલું છે, કેટલા અંશે બંધાયેલું છે અને કેટલા સમય સુધી.

એડવાન્સ રુલિંગનો હેતુ વ્યવહાર પહેલાં અથવા તેના સંદર્ભે જીએસટીની સ્થિતિ અંગે સ્પષ્ટતા લાવવાનો છે. પરંતુ સ્પષ્ટતાનો અર્થ બધા માટે લાગુ પડવું એવો ન સમજવો જોઈએ. સીજીએસટી અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૧૦૩ જાણીજોઈને એડવાન્સ રુલિંગને મર્યાદિત કાયદાકીય દાયરો આપે છે. જ્યારે વિભાગ બીજા કરદાતાએ મેળવેલા એડવાન્સ રુલિંગ પર આધાર રાખવા માગે ત્યારે આ તફાવત ખૂબ મહત્વનો બની જાય છે.

વ્યવહારુ પ્રશ્નો સીધા છે:

- શું એક કરદાતાનું રુલિંગ બીજા કરદાતાને બંધનકર્તા બની શકે?
- શું એક રાજ્યનું રુલિંગ બીજા રાજ્યના કરદાતાને બંધનકર્તા બની શકે?
- શું કોઈ અધિકારી યંત્રવત્ રીતે બીજા કોઈના રુલિંગ પર આધાર રાખી શકે?
- અને જો રુલિંગ પોતે કરદાતાનું જ હોય, તો શું વિભાગ તેને સીધેસીધું અવગણી શકે?

સેક્શન 103: એડવાન્સ રુલિંગ ની લાગુ પડતી અસર

(૧) આ ચેપ્ટર હેઠળ ઓથોરિટી અથવા અપીલેટ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલું એડવાન્સ રુલિંગ નીચે દર્શાવેલ વ્યક્તિઓ/અધિકારીઓ માટે જ બાઈન્ડિંગ રહેશે.

(a) જે અરજદારે સેક્શન 97 ની સબ–સેક્શન (2) માં દર્શાવેલ કોઈપણ બાબત અંગે એડવાન્સ રુલિંગ માગ્યું હોય, તે અરજદાર માટે

(b) તે અરજદારના કિસ્સામાં સંબંધિત અધિકારી અથવા જ્યુરિસ્ડિક્શનલ ઓફિસર માટે.

અહીં "only" શબ્દ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કાયદો એવું નથી કહેતો કે સમાન બિઝનેસ કરતા દરેક રજિસ્ટર્ડ પર્સન માટે અથવા સમગ્ર ભારતમાં દરેક અધિકારી માટે આ રુલિંગ બાઈન્ડિંગ રહેશે. તેની બાઈન્ડિંગ અસર ફક્ત અરજદાર અને તે અરજદાર સાથે સંબંધિત અધિકારી સુધી જ મર્યાદિત રહે છે. તેથી સેક્શન 103(1) નો સામાન્ય વ્યાપ માત્ર ટ્રાન્ઝેક્શનની સમાનતા પરથી નહીં, પરંતુ પક્ષકારોની ઓળખ પરથી નક્કી થાય છે.

સેક્શન 103(2) વધુ એક શરત ઉમેરે છે કે ઓરિજિનલ રુલિંગનો આધાર બનેલા કાયદા, ફેક્ટ્સ અથવા પરિસ્થિતિઓમાં ફેરફાર ન થાય ત્યાં સુધી જ આ રુલિંગ બાઈન્ડિંગ રહે છે. એટલે કે, અરજદારના પોતાના કેસમાં પણ રુલિંગ તે જ કાનૂની અને ફેક્ચ્યુઅલ આધાર પર કામ કરે છે જેના આધારે તે આપવામાં આવી હતી.

એ જ હકીકતો હોય તો પણ આપોઆપ એ જ બંધનકર્તા અસર થતી નથી

ધારો કે બે કરદાતાઓ લગભગ સરખા કોન્ટ્રાક્ટ્સ હેઠળ એક સરખી જ એક્ટિવિટી કરે છે. કરદાતા A એ વર્ગીકરણ અથવા ટેક્સેબિલિટી અંગે AAAR નું રુલિંગ મેળવે છે. જ્યારે કરદાતા B એ ક્યારેય ઓથોરિટીનો સંપર્ક કર્યો નથી. સેક્શન 103 A ના રુલિંગને B પર આપોઆપ બાઈન્ડિંગ બનાવતી નથી.

આનો અર્થ એવો નથી કે B એ તે રુલિંગને ઈગ્નોર જ કરી દેવું જોઈએ. તેની દલીલો સંબંધિત અને પ્રભાવશાળી / માર્ગદર્શક હોઈ શકે છે, અને જો ફેક્ટ્સ અને કાયદો એ જ નિષ્કર્ષને ટેકો આપતા હોય તો B તેના પર આધાર રાખી શકે છે. પરંતુ માર્ગદર્શક મૂલ્ય અને કાયદાકીય રીતે બાઈન્ડિંગ બળ વચ્ચે તફાવત છે. કોઈ રુલિંગ ખૂબ જ ઉપયોગી હોઈ શકે છે, છતાં જે વ્યક્તિ અરજદાર ન હતી તેની વિરુદ્ધ તે કાયદાકીય આદેશ કે નિર્ણય બની શકતું નથી.

શું એક રાજ્યનું એડવાન્સ રુલિંગ બીજા રાજ્યને બંધનકર્તા બની શકે?

સામાન્ય રીતે, ના. રાજ્યનું AAR કે AAAR ફક્ત અરજદાર અને સંબંધિત અથવા જ્યુરિસ્ડિક્શનલ ઓફિસર વચ્ચેના કાયદાકીય સંબંધની અંદર જ કામ કરે છે. ઉદાહરણ તરીકે, રુલિંગ ગોવામાં આપવામાં આવ્યું હોય એટલા માત્રથી તે પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, કર્ણાટક કે અન્ય કોઈ રાજ્યમાં રજિસ્ટર્ડ થયેલા કરદાતાને બાઈન્ડિંગ જબની જતું નથી.

Sarkar Diesel & Anr. v. Deputy Commissioner, State Tax, Krishnagar Charge & Ors. - 2024 (7) TMI 374; Calcutta High Court ના કેસમાં Calcutta High Court એ ઠરાવ્યું કે ગોવામાં આપવામાં આવેલું એડવાન્સ રુલિંગ પશ્ચિમ બંગાળમાં રજિસ્ટર્ડ થયેલા કરદાતાને આપોઆપ લાગુ પાડી શકાય નહીં. આ રુલિંગ ગોવાના અરજદારના સંદર્ભમાં ડિપાર્ટમેન્ટને બાઈન્ડિંગ હોઈ શકે, પરંતુ કોઈ ત્રીજા પક્ષના કરદાતા માટે નહીં.

સેક્શન 103 બીજા કરદાતાના AAR કે AAAR ના રુલિંગને નવા કરદાતા વિરુદ્ધ બાઈન્ડિંગ આદેશ માં ફેરવતી નથી. ડિપાર્ટમેન્ટ તેની દલીલો પર વિચાર કરી શકે છે, પરંતુ તે બીજા કરદાતાની જવાબદારી લાગુ પડતી GST જોગવાઈઓ અને તે કેસના ફેક્ટ્સના આધારે જ તપાસવી પડે છે.

આ બાબત ખાસ કરીને 'શો કોઝ નોટિસ' અને ન્યાયના સ્ટેજ પર ખૂબ મહત્વની છે. "આ મુદ્દો બીજા કરદાતાના કેસમાં અગાઉથી નક્કી થઈ ચૂક્યો છે" એવું કહીને અધિકારી, પોતાની સમક્ષ હાજર કરદાતા પર લાગુ પડતી કાયદાકીય પરિસ્થિતિની સ્વતંત્ર તપાસ કરવાનો ઇનકાર કરી શકે નહીં. જ્યારે અરજદાર પોતે ડિપાર્ટમેન્ટ સમક્ષ હોય, ત્યારે સેક્શન 103 હેઠળ બાઈન્ડિંગ અને અમલમાં હોય તેવા રુલિંગને ઓપ્શનલ ગણી શકાય નહીં. કાયદા દ્વારા આપવામાં આવેલા ઉપાયો અને શરતોને આધીન રહીને, ડિપાર્ટમેન્ટે રુલિંગની લીગલ ઈફેક્ટનુ સન્માન કરવું જ પડે.

૨૦૨૬ ની રાષ્ટ્રીય અપીલ વ્યવસ્થા: એક મહત્વનો અપવાદ

સામાન્ય અરજદાર–આધારિત નિયમનો એક કાયદાકીય અપવાદ છે. સેક્શન 101B એવી રાષ્ટ્રીય વ્યવસ્થાની જોગવાઈ કરે છે કે જ્યાં સેક્શન 97(2) હેઠળ આવરી લેવાયેલા પ્રશ્નો પર બે કે તેથી વધુ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોના અપીલેટ ઓથોરિટીઝ એ પરસ્પર

વિરોધી એડવાન્સ રુલિંગ્સ આપ્યા હોય. સેક્શન 103(1A) નેશનલ અપીલેટ ઓથોરિટીના રુલિંગને વધુ વ્યાપક બાઈન્ડિંગ અસર આપે છે, જેમાં નક્કી કરેલી 'ડિસ્ટિંક્ટ પર્સન્સ' અને સમાન PAN ધરાવતી રજિસ્ટર્ડ વ્યક્તિઓ તેમજ સંબંધિત અને જ્યુરિસ્ડિક્શનલ ઓફિસર્સનો પણ સમાવેશ થાય છે.

ફાઇનાન્સ એક્ટ, ૨૦૨૬ દ્વારા સેક્શન 101A(1A) ઉમેરવામાં આવી, જે નેશનલ અપીલેટ ઓથોરિટીની રચના બાકી હોય ત્યાં સુધી, સરકારને આવી અપીલો સાંભળવા માટે હાલના કોઈ ઓથોરિટી (જેમાં ટ્રિબ્યુનલ પણ સામેલ છે) ને સત્તા આપવાની છૂટ આપે છે. નોટિફિકેશન નંબર ૦૨/૨૦૨૬–સેન્ટ્રલ ટેક્સ, તા. ૦૭.૦૫.૨૦૨૬ દ્વારા (૦૧.૦૪.૨૦૨૬ થી અસરકારક રીતે), નવી દિલ્હી સ્થિત GST અપીલેટ ટ્રિબ્યુનલ (GSTAT) ની પ્રિન્સિપલ બેન્ચને આ હેતુ માટે સત્તા આપવામાં આવી છે.

આ વ્યવસ્થાને સામાન્ય રાજ્યના AAR કે AAAR સાથે મિક્સ ન કરવી જોઈએ. કોઈ મુદ્દો વ્યાપારિક રીતે ખૂબ વ્યાપક હોય એટલા માત્રથી જ એક રાજ્યનું રુલિંગ રાષ્ટ્રીય દાખલો બની જતું નથી.

વ્યવહારુ ચકાસણી: એડવાન્સ રુલિંગ પર આધાર રાખતા પહેલાં પૂછવા જેવા પ્રશ્નો

- રુલિંગ કોણે મેળવ્યું?
- શું આ એ જ ટેક્સપેયર છે જે જે અત્યારે ડિપાર્ટમેન્ટ સમક્ષ છે, કે પછી કોઈ બીજું છે?
- આ રુલિંગ AAR, AAAR કે નેશનલ અપીલ સિસ્ટમ દ્વારા આપવામાં આવ્યું હતું? શું ટ્રાન્ઝેક્શન, કોન્ટ્રાક્ટની શરતો, ફેક્ટ્સ અને લાગુ પડતો કાયદો ખરેખર એક સરખા છે?
- શું રુલિંગને ટેકો આપતા કાયદા, ફેક્ટ્સ કે પરિસ્થિતિઓમાં કોઈ ફેરફાર થયો છે?
- આ રુલિંગને લીગલી બાઈન્ડિંગ તરીકે ટાંકવામાં આવી રહ્યું છે કે પછી ફક્ત એક ગાઈડિંગ માર્ગદર્શક દલીલ તરીકે?

આ પ્રશ્નો સૌથી સામાન્ય એનાલિસિસ મિસ્ટેકને અટકાવે છે: ફેક્ટ્સની સમાનતાને જ લીગલ આઈડેન્ટિટી માની લેવી.

નિષ્કર્ષ

એડવાન્સ રુલિંગ બાઈન્ડિંગ છે – પણ બધા માટે બાઈન્ડિંગ નથી. સેક્શન 103(1) હેઠળ સામાન્ય બાઈન્ડિંગ અસર ફક્ત અરજદાર અને તે અરજદારના સંદર્ભમાં સંબંધિત અથવા જ્યુરિસ્ડિક્શનલ ઓફિસર સુધી જ મર્યાદિત છે. ત્રીજા પક્ષના કરદાતા માટે આ રુલિંગ માર્ગદર્શક હોઈ શકે, પરંતુ તે આપોઆપ તે કરદાતાની GST લાયબિલિટી નક્કી કરતું નથી.

જો કે ઓરિજિનલ એપ્લિકન્ટ માટે, અમલમાં હોય તેવા રુલિંગને ડિપાર્ટમેન્ટ માત્ર એટલા માટે ઈગ્નોર કરી શકે નહીં કે તેમને કોઈ અલગ ઓપિનિયન વધુ યોગ્ય લાગે છે. લીગલ ફ્રેમવર્કનું પાલન કરવું જ પડે. એડવાન્સ રુલિંગના નિષ્કર્ષમાં આ જ બેલેન્સ છે: અરજદાર માટે સંપૂર્ણ સ્પષ્ટતા, પણ બાકી બધા માટે આપોઆપ લાગુ પડતો કાયદો નહીં.

જીએસટીમાં મુખ્ય પ્રશ્ન ફક્ત એ નથી કે "એડવાન્સ રુલિંગે શું કહ્યું?" – પણ એ છે કે "કાયદા મુજબ તે રુલિંગ કોને બંધનકર્તા છે?"

● ---- X ---- ●

DIVISION-V



GST Quiz

1 GSTR-9 ના ટેબલ 8D માં તફાવત આવે ત્યારે નીચેનામાંથી કયું કારણ યોગ્ય રીતે તપાસવું જોઈએ?

- **A** માત્ર કેશ પેમેન્ટ
- **B** માત્ર આઉટપુટ ટેક્સ લાયાબિલિટી
- **C** ITC ઉપલબ્ધ હોવા છતાં ક્લેમ ન થઈ હોય
- **D** માત્ર ટર્નઓવરમાં થયેલો ફેરફાર

2 GSTR-9 માં ITC ડીસ્ક્લોઝર કરતી વખતે સૌથી મહત્વપૂર્ણ બાબત કઈ છે?

- **A** માત્ર GSTR-3B નું ક્લોઝિંગ બેલેન્સ રિપોર્ટ કરવું
- **B** ITC ક્લેમ અને ITC રિવર્સલનું યોગ્ય વર્ગીકરણ કરવું
- **C** માત્ર બુકમાં દર્શાવેલ ITC રિપોર્ટ કરવી
- **D** માત્ર GSTR-2B નો ટોટલ રિપોર્ટ કરવો

3 રૂલ 37 અથવા રૂલ 37A હેઠળ ITC રિવર્સ થઈ હોય ત્યારે તેને યોગ્ય ટેબલમાં દર્શાવવામાં ન આવે તો શું થઈ શકે?

- **A** કોઈ અસર થતી નથી
- **B** ટર્નઓવર ઓટોમેટિકલી વધી જાય છે
- **C** આઉટપુટ ટેક્સ લાયાબિલિટી ઓટોમેટિકલી ઝીરો થઈ જાય છે
- **D** રિવર્સલનું નેચર અને ITC રિકન્સિલિએશન ખોટું થઈ શકે છે

4 GSTR-9 ના ટેબલ 8A અંગે નીચેનામાંથી કઈ બાબત ધ્યાનમાં લેવી જરૂરી છે?

A ડોક્યુમેન્ટ-લેવલ વિગતોની મદદથી તફાવતનું કારણ તપાસવું

B ટેબલ 8A હંમેશા ટેબલ 6B જેટલું જ હોવું જોઈએ

C ઓટો-પોપ્યુલેટેડ આંકડાને કોઈપણ રિકન્સિલિએશન વગર સ્વીકારી લેવું

D તેને માત્ર બુક પર્ચેઝના આંકડા સાથે જ મેચ કરવો

5 જો કોઈ નાણાકીય વર્ષની એલિજિબલ ITC પછીના નાણાકીય વર્ષમાં ક્લેમ કરવામાં આવી હોય, તો GSTR-9 તૈયાર કરતી વખતે શું કરવું જોઈએ?

A તેને આઉટપુટ ટેક્સમાંથી બાદ કરવી

B યોગ્ય ડિસ્ક્લોઝર અને પછીના વર્ષના ક્લેમનું યોગ્ય રિકન્સિલિએશન કરવું

C તેને ચાલુ વર્ષમાં ફરીથી ક્લેમ કરવી

D ને સંપૂર્ણપણે ઈગ્નોર કરવી

6 માલની આયાત સંબંધિત ITC માટે GSTR-9 માં કયું રિકન્સિલિએશન મહત્વપૂર્ણ છે?

A માત્ર કેશ લેજર સાથેનું રિકન્સિલિએશન

B માત્ર GSTR-1 સાથેનું રિકન્સિલિએશન

C બિલ ઓફ એન્ટ્રી અને GSTR-3B માં ક્લેમ કરેલ IGST નું રિકન્સિલિએશન

D માત્ર સેલ્સ રજિસ્ટર સાથેનું રિકન્સિલિએશન

7 GSTR-9 માં ITC રિવર્સલ અને ત્યારબાદ તેના ફરીથી ક્લેમ અંગે નીચેનામાંથી કઈ બાબત ખોટા ડિસ્ક્લોઝર તરફ દોરી શકે છે?

A રિવર્સલનું કારણ ચકાસવું

B સંબંધિત નાણાકીય વર્ષ મુજબ રિકન્સિલિએશન કરવું

C રિવર્સલ અને રી-ક્લેમને અલગથી ટ્રેક કરવા

D રી-ક્લેમ કરેલ ITC ને ફરીથી ફ્રેશ ITC તરીકે રિપોર્ટ કરી દેવી

8 ટેબલ 8A અને ટેબલ 8C વચ્ચે તફાવત હોય ત્યારે યોગ્ય અભિગમ કયો છે?

- **A** ઇન્વોઇસ-વાઇઝ વિગતો અને પછીના વર્ષમાં કરેલ ITC ક્લેમની તપાસ કરવી
- **B** ટેબલ 8C માં રકમ ઝીરો કરવી
- **C** તફાવતને ઓટોમેટિકલી ઇન-એલિજિબલ ITC માની લેવી
- **D** તફાવતને ઓટોમેટિકલી એડિશનલ ITC માની લેવી

9 GSTR-9 ફાઇનલ કરતાં પહેલાં નીચેનામાંથી કયું રિકન્સિલિએશન સૌથી મહત્વપૂર્ણ છે?

- **A** STR-2B vs ક્લેમ કરેલ ITC
- **B** ITC રિવર્સલ vs ત્યારબાદ રી-ક્લેમ કરાયેલ ITC
- **C** Bokos vs GSTR-1 vs GSTR-3B
- **D** ઉપરોક્ત તમામ

10 GSTR-9 માં અગાઉના વર્ષ સંબંધિત ITC પછીના વર્ષમાં ક્લેમ થઈ હોય ત્યારે સૌથી સામાન્ય ડિસ્ક્લોઝર ભૂલ કઈ હોઈ શકે?

- **A** GSTR-2B સાથે વિગતો ક્રોસ-ચેક કરવી
- **B** ઓરિજિનલ ઇન્વોઇસ અને ક્લેમ પિરિયડ ચકાસવો
- **C** પછીના વર્ષના ક્લેમને અગાઉના વર્ષની ITC તરીકે ફરીથી દર્શાવવી
- **D** ક્લેમ થયેલ ITC નું વર્ષ-વાઇઝ રિકન્સિલિએશન કરવું

11 GSTR-9C ની લાગુ પડવાની ક્ષમતા નક્કી કરતી વખતે એગ્રીગેટ ટર્નઓવર અંગે કયું વિધાન સાચું છે?

- **A** માત્ર એક GSTIN નું ટર્નઓવર ગણવામાં આવે છે
- **B** એક જ PAN હેઠળના તમામ GSTIN નું એગ્રીગેટ ટર્નઓવર ગણવામાં આવે છે
- **C** માત્ર ટેક્સેબલ સપ્લાયને જ એગ્રીગેટ ટર્નઓવરમાં ગણવામાં આવે છે
- **D** એગ્રીગેટ ટર્નઓવર દરેક રાજ્ય માટે અલગથી ગણાય છે

12 એક PAN હેઠળ 3 GST રજિસ્ટ્રેશન છે અને ત્રણેયનું ભેગું એગ્રીગેટ ટર્નઓવર ₹5 કરોડથી વધુ છે, તો GSTR-9C અંગે શું લાગુ પડે?

A કોઈ પણ GSTIN માટે GSTR-9C ભરવાની જરૂર નથી

B માત્ર મુખ્ય રાજ્ય માટે GSTR-9C ભરવું

C માત્ર સૌથી વધુ ટર્નઓવર ધરાવતા GSTIN માટે GSTR-9C ભરવું

D લાગુ પડતા દરેક GST રજિસ્ટ્રેશન માટે GSTR-9C ભરવું

13 એગ્રીગેટ ટર્નઓવર ગણતી વખતે નીચેનામાંથી કઈ બાબતને બાદ કરવી યોગ્ય નથી?

A નોન-ટેક્સેબલ સપ્લાય

B વ્યાજની આવક જેવી એક્ઝેમ્પ્ટ આવક

C એક્ઝેમ્પ્ટ સપ્લાય

D ઉપરોક્ત તમામ

14 GSTR-9C ના ટેબલ 5 માં કોઈ ટ્રાન્ઝેક્શન ઓડિટેડ ફાઇનાન્શિયલ સ્ટેટમેન્ટ્સમાં પણ નથી અને GSTR-9 માં પણ નથી, પરંતુ વ્યવસાયિક રેકોર્ડ્સમાં ઓળખી શકાય તેવું છે, તો તેનું યોગ્ય ડિસ્ક્લોઝર શું છે?

A માત્ર GSTR-9 માં ડિસ્ક્લોઝ કરવું

B ટ્રાન્ઝેક્શનને ઈગ્નોર કરવું

C ટેબલ 50 માં ડિસ્ક્લોઝ કરીને ટેબલ 6 માં એક્સપ્લેનેશન આપવું

D માત્ર ટેબલ 7 માં ડિસ્ક્લોઝ કરવું

15 GSTR-9C ના ટેબલ 7 નો મુખ્ય હેતુ શું છે?

A માત્ર ટેક્સ પેમેન્ટનું રિકન્સિલિએશન કરવું

B ટેક્સેબલ ટર્નઓવરનું રિકન્સિલિએશન કરવું

C ગ્રોસ ટર્નઓવરનું રિકન્સિલિએશન કરવું

D માત્ર ITC નું રિકન્સિલિએશન કરવું

16 GSTR-9C માં ટેબલ 7 હેઠળ ટેક્સેબલ ટર્નઓવર રિકન્સિલ કરતી વખતે નીચેનામાંથી કઈ સપ્લાય ટેક્સેબલ ટર્નઓવરમાંથી અલગ કરવામાં આવે છે?

A. નોન-જીએસટી / નો-સપ્લાય ટર્નઓવર

B. એક્ઝેમ્પ્ટ સપ્લાય

C. નિલ-રેટેડ સપ્લાય

D. ઉપરોક્ત તમામ

17 GSTR-9C ના ટેબલ 14 અંગે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

A. માત્ર કેપિટલ ગુડ્સની ITC રિકન્સિલ કરવાની હોય છે

B. દરેક એક્સપેન્સ હેડ પર ITC હોવું જરૂરી છે

C. જે ખર્ચાઓ પર ITC મેળવી હોય તે ખર્ચાઓનું રિકન્સિલિએશન કરવાનું હોય છે

D. માત્ર પર્ચેઝ લેજરની ITC રિકન્સિલ કરવાની હોય છે

18 ટેબલ 14 માં "Total ITC" અને "Eligible ITC Availed" વચ્ચે તફાવત હોય તો તેનો મુખ્ય અર્થ શું હોઈ શકે?

A. તફાવતને આઉટપુટ ટેક્સ તરીકે રિપોર્ટ કરવો જોઈએ

B. Total ITC માં મેળવેલ પરંતુ ઇન-એલિજિબલ હોય તેવી ITC પણ સામેલ હોઈ શકે

C. તફાવત હંમેશા ક્લેરિકલ ભૂલ જ હોય છે

D. Total ITC હંમેશા Eligible ITC જેટલી જ હોવી જોઈએ

19 કોઈ ITC નાણાકીય વર્ષમાં ક્લેમ અને રિવર્સ થઈ હોય અને તે જ ITC પછીના નાણાકીય વર્ષમાં રી-ક્લેમ થઈ હોય, તો FY 2024-25 ના GSTR-9 માં યોગ્ય ટ્રીટમેન્ટ કઈ છે?

A. ક્લેમ ટેબલ 6B માં અને રિવર્સલ ટેબલ 7 માં બતાવવું; અને પછીના વર્ષમાં કરાયેલા રી-ક્લેમના સ્વરૂપ મુજબ રિપોર્ટિંગ કરવું

B. ક્લેમ અને રિવર્સલ બંને માત્ર ટેબલ 6A માં બતાવવાના

C. આખી રકમ ટેબલ 6H માં બતાવવાની

D. આખી રકમ ટેબલ 13 માં બતાવવાની

આ અંકના જવાબો

1	(C)	ITC ઉપલબ્ધ હોવા છતાં ક્લેમ ન થઈ હોય	2	(B)	ITC ક્લેમ અને ITC રિવર્સલનું યોગ્ય વર્ગીકરણ કરવું
3	(D)	રિવર્સલનું નેચર અને ITC રિકન્સિલિએશન ખોટું થઈ શકે છે	4	(A)	ડોક્યુમેન્ટ-લેવલ વિગતોની મદદથી તફાવતનું કારણ તપાસવું
5	(B)	યોગ્ય ડિસ્ક્લોઝર અને પછીના વર્ષના ક્લેમનું યોગ્ય રિકન્સિલિએશન કરવું	6	(C)	બિલ ઓફ એન્ટ્રી અને GSTR-3B માં ક્લેમ કરેલ IGST નું રિકન્સિલિએશન
7	(D)	રી-ક્લેમ કરેલ ITC ને ફરીથી ફ્રેશ ITC તરીકે રિપોર્ટ કરી દેવી	8	(A)	ઇન્વોઇસ-વાઇઝ વિગતો અને પછીના વર્ષમાં કરેલ ITC ક્લેમની તપાસ કરવી
9	(D)	ઉપરોક્ત તમામ	10	(C)	પછીના વર્ષના ક્લેમને અગાઉના વર્ષની ITC તરીકે ફરીથી દર્શાવવી
11	(B)	એક જ PAN હેઠળના તમામ GSTIN નું એગ્રીગેટ ટર્નઓવર ગણવામાં આવે છે	12	(D)	લાગુ પડતા દરેક GST રજિસ્ટ્રેશન માટે GSTR-9C ભરવું
13	(D)	ઉપરોક્ત તમામ	14	(C)	ટેબલ 5O માં ડિસ્ક્લોઝ કરીને ટેબલ ૬ માં એક્સપ્લેનેશન આપ
15	(B)	ટેક્સેબલ ટર્નઓવરનું રિકન્સિલિએશન કરવું	16	(D)	ઉપરોક્ત તમામ
17	(C)	જે ખર્ચાઓ પર ITC મેળવી હોય તે ખર્ચાઓનું રિકન્સિલિએશન કરવાનું હોય છે	18	(B)	Total ITC માં મેળવેલ પરંતુ ઇન એલિજિબલ હોય તેવી ITC પણ સામેલ હોઈ શકે
19	(A)	ક્લેમ ટેબલ 6B માં અને રિવર્સલ ટેબલ ૭ માં બતાવવું; અને પછીના વર્ષમાં કરાયેલા રી-ક્લેમ ના સ્વરૂપ મુજબ રિપોર્ટિંગ કરવું			

FAQs

પ્ર.૧ CGST એક્ટના સેક્શન ૫૯ હેઠળ 'સેલ્ફ–એસેસમેન્ટ' નો નિયમ અધિકારીઓની દખલગીરી અને પુરાવા આપવાની જવાબદારીને કેવી રીતે નક્કી કરે છે?

જ. સેક્શન ૫૯ મુજબ, કરદાતા પોતે જ પોતાનો ટેક્સ ગણીને સેલ્ફ–એસેસમેન્ટ કરવા માટે સંપૂર્ણ જવાબદાર છે. જ્યાં સુધી કાયદામાં સ્પષ્ટ મંજૂરી ન હોય, ત્યાં સુધી ટેક્સ ડિપાર્ટમેન્ટ પોતાની મરજીથી આ પ્રક્રિયામાં દખલગીરી કરી શકે નહીં. સેક્શન ૧૫૫ મુજબ કરદાતાએ ફક્ત 'ઇનપુટ ટેક્સ ક્રેડિટ' મેળવવા માટે જ પુરાવા આપવાના હોય છે. સેલ્સ, ગુડ્સ કે સર્વિસનું વર્ગીકરણ, ટેક્સની કિંમત નક્કી કરવી કે ટેક્સ ચોરીના આરોપો આ બધું સાબિત કરવાની સંપૂર્ણ જવાબદારી ડિપાર્ટમેન્ટના પ્રોપર ઓફિસરની રહે છે.

પ્ર.૨ જો કરદાતા શરૂઆતમાં જ ખોટી નોટિસ સામે વાંધો ન ઉઠાવે, તો સેક્શન 160(2) હેઠળ નુકસાન થઈ શકે?

જ. સેક્શન ૧૬૦(૨) મુજબ 'એક્વિસન્સનો સિદ્ધાંત' લાગુ પડે છે. જો નોટિસ કે ઓર્ડર સામે વિરોધ કર્યા વગર તેનો અમલ કરી દેવામાં આવે, તો પછીથી તેની કાયદેસરતા સામે સવાલ ઉઠાવી શકાતો નથી. જો કરદાતા જ્યુરિસડિક્શન ઓબ્જેક્શનનો લેખિત વિરોધ નોંધાવ્યા વગર જ કેસમાં ભાગ લે કે જવાબ આપે, તો બિન–અધિકૃત કાર્યવાહી પણ માન્ય ગણાઈ જાય છે. તેથી, કાનૂની હક બચાવવા માટે કેસના મુખ્ય મુદ્દાઓ પર જવાબ આપતા પહેલાં જ જ્યુરિસડિક્શન સામે લેખિત વાંધો નોંધાવવો અનિવાર્ય છે.

પ્ર.૩ સેક્શન 67(1) હેઠળ 'ઇન્સ્પેક્શન' ની મંજૂરી આપતા પહેલાં કાયદા મુજબ કઈ શરતો પૂરી થવી જરૂરી છે?

જ. સેક્શન 67(1) હેઠળ ઇન્સ્પેક્શન કરવાની મંજૂરી ફક્ત શંકાના આધારે આપી શકાતી નથી. જોઈન્ટ કમિશનર કે તેથી ઉપરના ઓફિસર પાસે મજબૂત અને વિશ્વસનીય પુરાવાઓ હોવા જોઈએ, જેને તેમણે ફાઇલમાં લેખિતમાં નોંધેલા હોવા જોઈએ. કરદાતાના કિસ્સામાં, આ પુરાવાઓથી એ સાબિત થવું જોઈએ કે કરદાતાએ સેલ્સ કે સ્ટોક છુપાવ્યો છે, ખોટી કે વધારાની ક્રેડિટ મેળવી છે, અથવા ટેક્સ બચાવવાના હેતુથી જાણી જોઈને કાયદાનો ભંગ કર્યો છે.

પ્ર.૪ સેક્શન 67(1) હેઠળના 'ઇન્સ્પેક્શન' અને સેક્શન 67(2) હેઠળના 'સર્ચ' વચ્ચે શું ટેકનિકલ તફાવત છે?

જ. સેક્શન 67(1) હેઠળનું ઇન્સ્પેક્શન એ એક મર્યાદિત કાર્યવાહી છે, જેમાં ઓફિસરને ફક્ત વ્યવસાયના સ્થળે જઈને હિસાબો કે વ્યવહારો જોવાની સત્તા મળે છે. આમાં તેઓ કોઈ કબાટ, તિજોરી કે પેકિંગ તોડી શકતા નથી કે માલ જપ્ત કરી શકતા નથી. જ્યારે સેક્શન 67(2) હેઠળનું સર્ચ એ એક કડક અને ગંભીર કાર્યવાહી છે. આ માટે ઓફિસર પાસે એવા મજબૂત કારણો હોવા જોઈએ કે જપ્ત કરવા પાત્ર માલ અથવા મહત્વના દસ્તાવેજો સંતાડવામાં આવ્યા છે. આ કિસ્સામાં, સેક્શન 67(4) હેઠળ ઓફિસરને તાળા, કબાટ કે કન્ટેનર તોડીને પણ તપાસ કરવાની સત્તા મળે છે.

પ્ર.૫ સેક્શન 67(2) હેઠળ કાયદેસરની જપ્તી (Seizure) માન્ય ગણવા માટે 'સીક્રેટિડ આર્ટિકલ્સ' કોને કહેવાય?

જ. 'સીક્રેટિડ આર્ટિકલ્સ' એટલે ફક્ત એવો માલ કે જે જપ્ત કરવા પાત્ર હોય અથવા એવા ઉપયોગી રેકોર્ડ્સ, જેને સામાન્ય તપાસથી બચાવવા માટે ભૌતિક કે ડિજિટલ સાધનો દ્વારા છુપાવીને રાખવામાં આવ્યા હોય. માત્ર એટલા જ કારણસર કે રજિસ્ટ્રેશનમાં કોઈ વધારાનું સ્થળ દર્શાવવાનું રહી ગયું છે, સામાન્ય રીતે ખુલ્લો પડેલો સ્ટોક આમાં આવતો નથી. જે માલ કે દસ્તાવેજો આ રીતે સીક્રેટિડ ન હોય તેને જપ્ત કરી શકાતા નથી, અને તેના માટે સેક્શન 35(6) મુજબ ટેક્સ નક્કી કરીને જ આગળની કાર્યવાહી કરવી પડે છે.

પ્ર.૬ સેક્શન 67(2) હેઠળ સર્ચ દરમિયાન કઈ કાનૂની સત્તા અને પુરાવાના આધારે રોકડ જપ્ત કરી શકાય?

જ. રોકડ એ 'ગુડ્સ' ની વ્યાખ્યામાં આવતી નથી, તેથી સેક્શન 130(1) હેઠળ તેને જપ્ત કરી શકાતી નથી. સેક્શન 67(2) હેઠળ રોકડની જપ્તી ત્યારે જ યોગ્ય ગણાય જ્યારે ઓથોરાઇઝ્ડ ઓફિસર પાસે એવા મજબૂત કારણો હોય કે આ કરન્સી ચાલુ કાર્યવાહી માટે ઉપયોગી કે સંબંધિત વસ્તુઓ દર્શાવે છે. કાયદામાં એવી કોઈ ધારણા નથી કે મળી આવેલી રોકડ ગેરકાયદેસર પેમેન્ટ છે, અને સ્પોટ પર જ રોકડ જપ્ત કરી લેવી ગેરકાયદેસર છે.

પ્ર.૭ રૂલ 140 હેઠળ સીઝ કરેલા ગુડ્સને પ્રોવિઝનલ રિલિઝ કરવા માટે કઈ પ્રોસિજર અને લીગલ શરતો છે?

જ. કરદાતા સેક્શન 67(6) સાથે રૂલ 140 વાંચીને સીઝ કરેલા ગુડ્સના પ્રોવિઝનલ રિલિઝ માટે એપ્લાય કરી શકે છે. જ્યારે કરદાતા ફુલ માર્કેટ વેલ્યુનો બોન્ડ 'ફોર્મ GST INS 04' માં એક્ઝિક્યુટ કરે અને એસ્ટિમેટેડ ટેક્સ, વ્યાજ તથા પેનલ્ટી કવર થાય તેટલી બેંક ગેરંટી ના રૂપમાં સિક્યોરિટી સબમિટ કરે, ત્યારે પ્રોપર ઓફિસર ગુડ્સ રિલિઝ કરવા માટે બાધ્ય છે. પ્રોવિઝનલ રિલિઝથી ગુડ્સનું ફિઝિકલ પઝેશન મળે છે અને જ્યારે પણ સમન કરવામાં આવે ત્યારે ગુડ્સ પ્રોડ્યુસ કરવાની ઓબ્લિગેશન રહે છે, પરંતુ ગુડ્સનો નિકાલ કરવાનો કે કન્ઝમ્પશન કરવાનો રાઇટ મળતો નથી.

પ્ર.૮ સેક્શન 67(8) સાથે રૂલ 141 વાંચીને, પ્રોપર ઓફિસર કઈ પરિસ્થિતિઓમાં જપ્ત કરેલા માલના ઇન્ટરિમ ડિસ્પોઝલનો ઓર્ડર આપી શકે?

જ. સેક્શન 67(8) સાથે નોટિફિકેશન નંબર ૨૭/૨૦૧૮ મુજબ, જો જપ્ત કરેલા માલનો સ્વભાવ જોખમી હોય, ઝડપથી બગડી જાય તેવો હોય, ઘસારો થતો હોય, કે જગ્યાની અછત હોય, તો તેવા ૧૭ સૂચિત માલના ઝડપી નિકાલની છૂટ છે. રૂલ ૧૪૧ હેઠળ, ઓફિસર 'ફોર્મ GST INS 05' માં માર્કેટ વેલ્યુ અથવા લાગુ પડતા ટેક્સ, વ્યાજ અને પેનલ્ટી (જેમાંથી ઓછું હોય તે) ભરવાનો ઓર્ડર આપે છે અને જો સમયસર પેમેન્ટ ન થાય તો તે માલ પબ્લિક ઓક્શન દ્વારા વેચી દેવામાં આવે છે.

પ્ર.૯ સેક્શન 67(10) સર્ચ પ્રોસિડીંગ્સમાં ક્રિમિનલ પ્રોસિજરના સેફગાર્ડ્સ કેવી રીતે લાગુ કરે છે?

જ. સેક્શન 67(10) GSTમાં સર્ચ અને સીઝર માટે ક્રિમિનલ પ્રોસિજરની જોગવાઈઓને લાગુ કરે છે, જેમાં ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC) ના સેક્શન 165(5) હેઠળ જણાવેલા મેજિસ્ટ્રેટની જગ્યાએ કમિશનરને અધિકાર આપવામાં આવ્યો છે. આ કાનૂની જોગવાઈ હેઠળ ડિપાર્ટમેન્ટની જવાબદારી બને છે કે તે કોઈ પણ સબસ્ટેટિવ રિપોર્ટ ફાઇલ કરતા પહેલા, અસરગ્રસ્ત કરદાતા દ્વારા ફોર્મલ અરજી કરવા પર સર્ચ રેકોર્ડ્સ, ફાઇલ નોટિંગ્સ અને ઓથોરાઈઝેશનની નકલો પૂરી પાડે.

પ્ર.૧૦ સેક્શન 67(11) હેઠળ પ્રોસિડીંગ્સ દરમિયાન મળેલા દસ્તાવેજોના સ્પોટ સિઝરનો કાનૂની વ્યાપ શું છે?

જ. સેક્શન 67(11) હેઠળ, કોઈપણ પૂછપરછ દરમિયાન પ્રોપર ઓફિસર સમક્ષ રજૂ કરાયેલા એકાઉન્ટ્સ, રજિસ્ટર્સ કે દસ્તાવેજો ફોર્મ GST INS 1 ની પૂર્વ મંજૂરી વગર સ્થળ પર જ તરત જપ્ત કરી શકાય છે. ઓફિસે લેખિત કારણોસાથે તાત્કાલિક નોંધવું પડે કે કરદાતાએ ટેક્સની ચોરી કરી છે કે ચોરી કરવાનો પ્રયાસ કર્યો છે. ઓફિસરે તેની પહોંચ આપવી પડે છે અને જરૂર પડે ત્યાં સુધી આ રેકોર્ડ્સ પોતાની પાસે રાખી શકાય છે.

પ્ર.૧૧ સેક્શન 67(12) હેઠળ ટેસ્ટ પર્ચેઝ કરવા પર કઈ કાનૂની મર્યાદાઓ લાગુ પડે છે?

જ. સેક્શન 67(12) કમિશનર કે અધિકૃત અધિકારીને ફક્ત ઇન્વોઇસ ઇશ્યુ કરવાની ખાતરી કરવા માટે જ માલ કે સર્વિસનું ટેસ્ટ પર્ચેઝ કરવાની છૂટ આપે છે. આ વિશેષ સત્તાનો ઉપયોગ રેકોર્ડ પર લેખિત મંજૂરી વગર રૂટીનમાં કરી શકાતો નથી અને તેને જનરલ સ્ટોક કે એકાઉન્ટ્સની તપાસમાં વધારી શકાતો નથી. જ્યાં માલ 'સેલ–ઓન–અપ્રોવલ' ધોરણે પૂરો પાડવામાં આવ્યો હોય અને કાયદેસર રીતે ઇન્વોઇસ મોડા ઇશ્યુ કરવાના હોય, ત્યાં કોઈ કાયદાકીય ભંગ થતો નથી.

પ્ર.૧૨ GST હેઠળ "ડિસ્ટિંક્ટ પર્સન્સ" નો ખ્યાલ શું છે, અને તે બહુવિધ રાજ્યોમાં કામ કરતી સંસ્થાઓને કેવી રીતે અસર કરે છે?

જ. CGST એક્ટ, ૨૦૧૭ ની સેક્શન 25(4) મુજબ, જે વ્યક્તિએ એકથી વધુ રજિસ્ટ્રેશન મેળવ્યા છે (ભલે એક જ રાજ્યમાં કે એકથી વધુ રાજ્યોમાં), તેને દરેક રજિસ્ટ્રેશન માટે "ડિસ્ટિંક્ટ પર્સન" ગણવામાં આવે છે. વધુમાં, સેક્શન 25(5) મુજબ, જો કોઈ વ્યક્તિની એક રાજ્યમાં સ્થાપના રજિસ્ટર્ડ હોય અને બીજી રાજ્યમાં પણ સ્થાપના હોય, તો આ બંને સ્થાપનાઓને "ડિસ્ટિંક્ટ પર્સન્સની સ્થાપનાઓ" તરીકે ગણવામાં આવે છે.

ઓડિટ પર અસરઃ

કોર્પોરેટ અથવા ઈનકમ–ટેક્સ કાયદાથી વિપરીત જ્યાં સમગ્ર કંપનીનું એક જ PAN હેઠળ સિંગલ લિગલ એન્ટિટી તરીકે ઓડિટ થાય છે, GSTમાં સેક્શન 65 હેઠળ વિભાગીય ઓડિટ GSTIN–વાઇઝ થાય છે. દરેક ડિસ્ટિંક્ટ પર્સને અલગ ચોપડા જાળવવા પડે છે, અલગ રિટર્ન ભરવા પડે છે, ઇન્ટર–બ્રાન્ચ ટ્રાન્ઝેક્શન માટે આર્મ્સ લેન્થ અથવા નિયમ–આધારિત વેલ્યુએશન નક્કી કરવું પડે છે અને સ્વતંત્ર વિભાગીય ઓડિટમાંથી પસાર થવું પડે છે.

પ્ર.૧૩ GST કાયદા હેઠળ "ઓડિટ" ની વ્યાખ્યા શું છે, અને શું કોઈ અનરજિસ્ટર્ડ વ્યક્તિનું સેક્શન 65 હેઠળ વિભાગીય ઓડિટ થઈ શકે?

જ. CGST એક્ટ, ૨૦૧૭ ની સેક્શન 2(13) મુજબ:

" ઓડિટ એટલે આ એક્ટ અથવા તેના નિયમો અથવા સમય સમય પર અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદા હેઠળ રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા જાળવવામાં આવેલા કે પૂરા પાડવામાં આવેલા રેકોર્ડ્સ, રિટર્ન્સ અને અન્ય દસ્તાવેજોની ચકાસણી; જેથી જાહેર કરાયેલ ટર્નઓવર, ભરાયેલા ટેક્સ, ક્લેમ કરેલા રિફંડ અને મેળવેલા ઇનપુટ ટેક્સ ક્રેડિટની ચોકસાઈ ચકાસી શકાય, અને આ એક્ટ કે તેના નિયમોની જોગવાઈઓનું પાલન કેટલું થયું છે તેનું મૂલ્યાંકન કરી શકાય."

અનરજિસ્ટર્ડ વ્યક્તિઓનું ઓડિટ:

ના. સેક્શન 65 હેઠળ ઓડિટ ફક્ત રજિસ્ટર્ડ વ્યક્તિનું જ થઈ શકે છે. જો કોઈ અનરજિસ્ટર્ડ વ્યક્તિએ ટેક્સની ચોરી કરી હોય કે રજિસ્ટ્રેશન ન લીધું હોય, તો ડિપાર્ટમેન્ટ સેક્શન 65 હેઠળ ઓડિટ શરૂ કરી શકે નહીં એના બદલે, સેક્શન 63 હેઠળ બેસ્ટ જજમેન્ટ એસેસમેન્ટ, સેક્શન 67 હેઠળ ઇન્સ્પેક્શન/સર્ચ, અથવા સેક્શન 73/74/74A હેઠળ ડિમાન્ડ નોટિસ દ્વારા પ્રોસિડીંગ્સ હાથ ધરવા પડે.

પ્ર.૧૪ સેક્શન 65 હેઠળના ડિપાર્ટમેન્ટલ ઓડિટ અને સેક્શન 66 હેઠળના સ્પેશિયલ ઓડિટ વચ્ચે શું તફાવત છે?

જ. મુખ્ય તફાવતો નીચે મુજબ છે:

૧. ઇનિશિયેટિંગ ઓથોરિટી:

- **સેક્શન 65 (ડિપાર્ટમેન્ટલ ઓડિટ):** કમિશનર અથવા જનરલ કે સ્પેશિયલ ઓર્ડર દ્વારા તેમના દ્વારા ઓથોરાઇઝ્ડ કરાયેલા અધિકારી દ્વારા શરૂ કરવામાં આવે છે.
- **સેક્શન 66 (સ્પેશિયલ ઓડિટ):** અસિસ્ટન્ટ કમિશનર કે તેથી ઉપરની રેન્કના અધિકારી દ્વારા કમિશનરની લેખિત પૂર્વ મંજૂરી મેળવીને શરૂ કરવામાં આવે છે.

૨. ઓનગોઇંગ પ્રોસિડીંગ્સ:

- **સેક્શન 65:** કોઈ પણ પ્રોસિડીંગ્સ પેન્ડિંગ ન હોય તો પણ રિસ્ક પેરામીટર્સના આધારે રૂટીનમાં શરૂ કરી શકાય છે.
- **સેક્શન 66:** ફક્ત સ્ક્રુટિની,ઈન્ક્વાયરી, ઇન્વેસ્ટિગેશન કે અન્ય કોઈ પ્રોસિડીંગ્સ ચાલુ હોય ત્યારે જ આપી શકાય છે, જ્યાં ઓફિસરને લાગે કે કમ્પ્લેક્સિટીના કારણે વેલ્યુ યોગ્ય રીતે જાહેર નથી થઈ અથવા ITC નોર્મલ લિમિટ કરતા વધારે લેવાઈ છે.

૩. ઓડિટ કરનાર ઓડિટર

● **સેક્શન 65:** ડિપાર્ટમેન્ટના ટેક્સ ઓફિસર્સ દ્વારા કરવામાં આવે છે.

● **સેક્શન 66:** નોમિનેટ કરાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ (CMA) દ્વારા કરવામાં આવે છે.

૪. નોટિસ અને ટાઇમ લિમિટ:

● **સેક્શન 65:** ઓછામાં ઓછા ૧૫ વર્કિંગ ડેઝની એડવાન્સ જાણ સાથે 'ફોર્મ GST ADT-01' માં નોટિસ આપવામાં આવે છે 3 મહિનામાં પૂર્ણ કરવાનું હોય છે (જે વધુ ૬ મહિના સુધી લંબાવી શકાય છે).

● **સેક્શન 66:** કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વગર 'ફોર્મ GST ADT-03' માં ડાયરેક્શન ઇશ્યુ કરાય છે ઓડિટ રિપોર્ટ ૯૦ દિવસમાં સબમિટ કરવાનો હોય છે (જે વધુ ૯૦ દિવસ સુધી લંબાવી શકાય છે).

૫. ખર્ચ:

● **સેક્શન 65:** ડિપાર્ટમેન્ટ દ્વારા આંતરિક રીતે જ ભોગવવામાં આવે છે.

● **સેક્શન 66:** ખર્ચ અને પ્રોફેશનલ ફી કમિશનર દ્વારા નક્કી કરવામાં આવે છે અને સરકારી તિજોરીમાંથી ચૂકવવામાં આવે છે.

● ---- X ---- ●

INCOME TAX SECTION



DIVISION-I

કમ્પ્લાયન્સ કેલેન્ડર ઓક્ટોબર – ૨૦૨૬ (GST સિવાય)

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
05/10/2026	SEZ-MPR	સેઝ એક્ટ	SEZ મંથલી પરફોર્મન્સ રિપોર્ટમાં એમ્પ્લોયી અને ઇન્વેસ્ટમેન્ટની વિગતોનું રિપોર્ટિંગ
07/10/2026	ECB-2	ફેમા	ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ હેઠળ એક્સટર્નલ કોમર્શિયલ બોરોઇંગ્સ (ECB) ના વાસ્તવિક વ્યવહારોનો રિપોર્ટિંગ
07/10/2026	ફોર્મ 127	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન પ્રાપ્ત થયેલા માલની ખરીદી પર ટેક્સ વસૂલવામાં ન આવે તે માટે ખરીદદારે અધિનિયમની સેક્શન 394(2) મુજબ આપવાની ઘોષણા.
07/10/2026	સ્ટેચ્યુટરી ફોર્મ ફાઇલિંગ નિયત તારીખ	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન પ્રાપ્ત થયેલા માલની ખરીદી પર ટેક્સ (TCS) વસૂલવામાં ન આવે તે માટે ખરીદદારે સેક્શન 394(2) મુજબ આપવાનું ડેક્લેરેશન."
07/10/2026	ફોર્મ 121	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળામાં નિર્ધારિત પ્રકારની આવક પર TDS કપાયા વિના આવક મેળવવા માટે સેક્શન 393(6) મુજબ કરદાતા દ્વારા આપવાનું ડેક્લેરેશન."
07/10/2026	–	અન્ય એક્ટ	સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ / કોમોડિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ – સપ્ટેમ્બર, ૨૦૨૬ મહિના માટે કલેક્ટેડ ટેક્સ જમા કરાવવાની અંતિમ તારીખ

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
10/10/2026	SEZ-SERF	સેઝ એક્ટ	સર્વિસ એક્સપોર્ટ રિપોર્ટિંગ ફોર્મમાં રિપોર્ટિંગ મંથ માટે સર્વિસ એક્સપોર્ટ ટ્રાન્ઝેક્શન્સની વિગતોનું રિપોર્ટિંગ.
15/10/2026	ફોર્મ 1	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સિસ્ટમમાં નોંધણી પછી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ક્લાયન્ટ કોડમાં કરવામાં આવેલા ફેરફારો સંબંધિત ટ્રાન્ઝેક્શન્સનું સ્ટોક એક્સચેન્જ દ્વારા રજૂ કરવાનું મંથલી સ્ટેટમેન્ટ
15/10/2026	ફોર્મ 92	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	રુલ 157 હેઠળ આવતાં બિનનિવાસી રોકાણકારો (નોન-રેસિડેન્ટ ઇન્વેસ્ટર્સ) સંબંધિત વિગતો માટે નિર્દિષ્ટ ફંડ અથવા સ્ટોક બ્રોકર દ્વારા 30 સપ્ટેમ્બર ૨૦૨૬ ના અંતે પૂર્ણ થતા ત્રિમાસિક ગાળાનું રજૂ કરવાનું સ્ટેટમેન્ટ."
15/10/2026	ફોર્મ 147	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સપ્ટેમ્બર, ૨૬ના ત્રિમાસિક ગાળા માટે કરવામાં આવેલા રેમિટન્સના સંદર્ભમાં અધિકૃત ડીલર દ્વારા ત્રિમાસિક સ્ટેટમેન્ટ રજૂ કરવાનું રહેશે.
15/10/2026	ફોર્મ 148	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	જુલાઈ થી સપ્ટેમ્બર ૨૦૨૬-૨૭ ના ત્રિમાસિક ગાળા (ટેક્સ વર્ષ) માટે કરવામાં આવેલા રેમિટન્સના સંદર્ભમાં, સેક્શન 147(1)(b) માં ઉલ્લેખિત ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસિસ સેન્ટર યુનિટ (IFSC Unit) દ્વારા ત્રિમાસિક સ્ટેટમેન્ટ રજૂ કરવામાં આવશે.
15/10/2026	ફોર્મ 132	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	ઓગસ્ટ, ૨૦૨૬ માં સ્રોત પર કપાત કરાયેલ ટેક્સ માટે સેક્શન 395(4) હેઠળ સર્ટિફિકેટ જારી કરવાની નિયત તારીખ

નિયત તારીખ	કમ્પલાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
15/10/2026	ફોર્મ 137	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સપ્ટેમ્બર, ૨૦૨૬ મહિના માટે TDS / TCS બુક એડજસ્ટમેન્ટ સ્ટેટમેન્ટ માટે સરકારના કાર્યાલય દ્વારા ફોર્મ 137 રજૂ કરવાની અંતિમ તારીખ
15/10/2026	પ્રોવિડન્ટ ફંડ પેમેન્ટ/રીટર્ન	પ્રોવિડન્ટ ફંડ	સપ્ટેમ્બર, ૨૦૨૬ માટે EPF યોગદાન (એમ્પ્લોયી + એમ્પ્લોયર) ઇલેક્ટ્રોનિક ચલણ – કમ – રિટર્ન (ECR) અને લાયબિલિટી પેમેન્ટ
15/10/2026	–	કર્મચારી રાજ્ય વીમા નિગમ	સપ્ટેમ્બર, ૨૦૨૬ માટે ESIC કોન્ટ્રીબ્યુશન ઓનલાઈન ફાઇલિંગ અને લાયબિલિટી પેમેન્ટ
30/10/2026	SEZ-SOFTEX	સેઝ એક્ટ	ભારતમાં SEZમાં ઓપરેશનલ સોફ્ટવેર અને IT સર્વિસ એક્સપોર્ટરો એ સબમિટ કરવાનું ફરજિયાત ડેક્લેરેશન.
30/10/2026	MSME Return	MCA	એપ્રિલ–૨૬ થી સપ્ટેમ્બર–૨૬ સુધીના સમય માટે Form MSME I અર્ધવાર્ષિક રીટર્ન
30/10/2026	ફોર્મ 141	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સેક્શન 393(1) [કોષ્ટક ક્રમાંક 2(i), 3(i), 6(ii) અને 8(vi)] હેઠળ ટેક્સ ડિડક્શનનું ચલણ – કમ – સ્ટેટમેન્ટ રજૂ કરવાની અંતિમ તારીખ સપ્ટેમ્બર, ૨૦૨૬ માં
30/10/2026	ફોર્મ 142	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સેક્શન 393(1) [કોષ્ટક: સેક્શન નં. 8(vi)] હેઠળ વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિના ટ્રાન્સફરના સંબંધમાં જમા કરાયેલ ટેક્સનું ત્રિમાસિક સ્ટેટમેન્ટ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થતા ક્વાર્ટર માટે એક્સચેન્જ દ્વારા રજૂ કરવામાં આવશે.

નિયત તારીખ	કમ્પલાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 10IG	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧ ની સેક્શન 10(4D) હેઠળ મુક્ત આવક અંગેનું સ્ટેટમેન્ટ. *
31/10/2026	ફોર્મ 10IH	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115AD હેઠળ રાહત દરે કરવેરા માટે પાત્ર સ્પેસિફાઇડ ફંડની આવક અંગેનું સ્ટેટમેન્ટ.*
31/10/2026	ફોર્મ 10-II	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23FF) હેઠળ મુક્ત આવક અંગેનું સ્ટેટમેન્ટ.*
31/10/2026	ફોર્મ 10-IJ	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23FF) હેઠળના હિસાબી પ્રમાણપત્ર અંગે એકાઉન્ટન્ટ દ્વારા આપવામાં આવતું સર્ટિફિકેટ.#
31/10/2026	ફોર્મ 10-IK	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Rule 21AJA(2) હેઠળ મુક્ત આવક અને Rule 21AJAA(2) હેઠળ કરપાત્ર આવકનું વાર્ષિક સ્ટેટમેન્ટ. *
31/10/2026	ફોર્મ 10-IL	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Rule 21AJA(3) હેઠળ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવતું વેરિફિકેશન. #
31/10/2026	ફોર્મ 29B	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115JB હેઠળ કંપનીના બુક પ્રોફિટની ગણતરી માટેનો રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 29C	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115JC હેઠળ કંપની સિવાય ની વ્યક્તિનું એડજેસ્ટેડ ટોટલ ઇનકમ અને Alternate Minimum Tax ગણવા માટેનો રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 3AC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 33AB(2) હેઠળ ઓડિટ રિપોર્ટ ફાઇલ કરવાની નિયત તારીખ. #
31/10/2026	ફોર્મ 3AD	ઈનકમટેક્સ	સેક્શન 33ABA(2) હેઠળ ઓડિટ રિપોર્ટ ફાઇલ કરવાની નિયત તારીખ#

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 3AE	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઈનકમટેક્સ એક્ટની સેક્શન 35D(4) /35E(6) હેઠળ ઓડિટ રિપોર્ટ.
31/10/2026	ફોર્મ 3AF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 35D(2)(a) ના proviso હેઠળ થયેલા પ્રીલિમનરી એક્સપેન્સિસ અંગે એસેસી દ્વારા રજૂ કરવાનું સ્ટેટમેન્ટ#
31/10/2026	ફોર્મ 3CA_CD ફોર્મ 3CB_CD	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	એસેસમેન્ટ યર ૨૦૨૬-૨૭ માટે સેક્શન 44AB હેઠળ ઓડિટ રિપોર્ટ, જેમાં એસેસી ને સેક્શન 92E હેઠળ ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન્સ અથવા સ્પેસિફાઇડ ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન્સ અંગેનો રિપોર્ટ પણ રજૂ કરવો જરૂરી છે.
31/10/2026	ફોર્મ 3CE	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 44DA(2) હેઠળ ઓડિટ રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 3CEA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Slump Sale ના કિસ્સામાં કેપિટલ ગેઇનની ગણતરી અંગે સેક્શન 50B(3) હેઠળ એકાઉન્ટન્ટ દ્વારા રજૂ કરવાનો રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 3CEAB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઇન્ટરનેશનલ ગ્રુપ ની Designated Constituent Entity દ્વારા એકાઉન્ટિંગ યર ૨૦૨૫-૨૬ માટે આપવામાં આવતી Intimation.
31/10/2026	ફોર્મ 3CEB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન્સ અને સ્પેસિફાઇડ ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન્સ અંગે રજૂ કરવાનો રિપોર્ટ.

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 3CEFB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સ્પેસિફાઇડ ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન્સ માટે સેફ હાર્બરનો વિકલ્પ પસંદ કરવા માટેની એપ્લિકેશન. જ્યારે એસેસી માટે ઈનકમટેક્સ રીટર્ન ની નિયત તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ હોય ત્યારે લાગુ પડે છે.
31/10/2026	ફોર્મ 3CEJA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 9A હેઠળ એલિજિબલ ઇન્વેસ્ટમેન્ટ ફંડ દ્વારા જરૂરી શરતો પૂર્ણ થયેલી હોવા અંગે એકાઉન્ટન્ટ દ્વારા રજૂ કરવાનો રિપોર્ટ.
31/10/2026	ફોર્મ 3CFA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Patent સંબંધિત રોયલ્ટી ઈનકમ માટે ખાસ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેનું Form. *
31/10/2026	ફોર્મ 3CLA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન ૩૫ હેઠળ ઈન-હાઉસ સાયન્ટિફિક રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ફેસિલિટી અંગે એકાઉન્ટન્ટ દ્વારા રજૂ કરવાનો રિપોર્ટ. *
31/10/2026	ફોર્મ 3CT	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન ૯ હેઠળ ભારતમાં સ્થિત Assets ને સંબંધિત ઇનકમ અંગેની વિગતો. *
31/10/2026	ફોર્મ 56F	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10AA હેઠળનો રિપોર્ટ.#
31/10/2026	ફોર્મ 56FF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10A(1B)(b) અને સેક્શન 10AA(2)(b) હેઠળ જરૂરી Particulars. *
31/10/2026	ફોર્મ 5C	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સ્પેસિફાઇડ એન્ટિટી પાસે બાકી રહેલી કેપિટલ એસેટ ને સંબંધિત attributed amount ની વિગતો.

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 62	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Amalgamated Company ના પ્રિન્સિપલ ઓફિસર દ્વારા અને એકાઉન્ટન્ટ દ્વારા duly verified સર્ટિફિકેટ, જેમાં prescribed level of production પ્રાપ્ત થયું છે અને ત્યારબાદના વર્ષોમાં તે સ્તર જાળવવામાં આવ્યું છે તેની પુષ્ટિ થાય છે.#
31/10/2026	ફોર્મ 66	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115VW(ii) હેઠળ ઓડિટ રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 10BBC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23FE) હેઠળ નોટિફાઇડ પેન્શન ફંડ દ્વારા કરવામાં આવેલી કમ્પ્લાયન્સ અંગે એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ.
31/10/2026	ફોર્મ 138	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	૩૦ સપ્ટેમ્બરના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે સેક્શન 392 હેઠળ કર્મચારીને ચૂકવવામાં આવતા પગાર અથવા સેક્શન 393(1) હેઠળ નિર્દિષ્ટ વરિષ્ઠ નાગરિકની ઇનકમ ના સંદર્ભમાં કાયદાની સેક્શન 397(3)(B) હેઠળ ટેક્સ ડિડક્શનનું ત્રિમાસિક સ્ટેટમેન્ટ [કોષ્ટક: ક્રમાંક 8(iii)].
31/10/2026	ફોર્મ 140	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	૩૦ સપ્ટેમ્બર સુધીના ત્રિમાસિક ગાળામાં પગાર સિવાયની વિવિધ ચૂકવણીઓ પર કપાયેલ TDS ની વિગતો દર્શાવતું,સેક્શન 397(3)(b) મુજબ રજૂ કરવાનું ત્રિમાસિક સ્ટેટમેન્ટ.

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 175	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	Schedule V ના ક્રમાંક 7 મુજબના રોકાણોની વિગતો અંગે પેન્શન ફંડ દ્વારા ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળા માટે સબમિટ કરવાનું સૂચન / અહેવાલ.
31/10/2026	ફોર્મ ફોર્મ II SWF	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	Schedule V ના કોષ્ટક ક્રમાંક 7 મુજબના રોકાણોની વિગતો અંગે Sovereign Wealth Fund દ્વારા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળા માટે સબમિટ કરવાનું સૂચન / અહેવાલ
31/10/2026	ફોર્મ 144	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળામાં બિનનિવાસી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને પગાર સિવાયની ચૂકવણીઓ પર કપાયેલા TDS ની વિગતો દર્શાવતું, સેક્શન 397(3)(b) મુજબ રજૂ કરવાનું ત્રિમાસિક સ્ટેટમેન્ટ.
31/10/2026	ફોર્મ 143	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળામાં વસૂલ કરાયેલા TCS (Tax Collected at Source) ની વિગતો દર્શાવતું ત્રિમાસિક રીટર્ન.
31/10/2026	Statutory ફોર્મ s Filling Due Date	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 35(2AA) હેઠળ દરેક એપ્રુવ્ડ પ્રોગ્રામ માટેના વાર્ષિક ઓડિટેડ એકાઉન્ટ્સ રજૂ કરવાની નિયત તારીખ.

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	Statutory ફોર્મ s Filling Due Date	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	રુલ 5D, 5E અને 5F મુજબ સાયન્ટિફિક રિસર્ચ એસોસિએશન, યુનિવર્સિટી, કોલેજ અથવા અન્ય એસોસિએશન / ભારતીય સાયન્ટિફિક રિસર્ચ કંપની દ્વારા રજૂ કરવાનું સ્ટેટમેન્ટ. રિટર્નની નિયત તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ હોય ત્યારે લાગુ પડે છે.
31/10/2026	Self Assessment Tax Payment Due Date	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ ની ચુકવણી કરવાની નિયત તારીખ, જ્યારે ઈનકમટેક્સ રીટર્ન ભરવાની નિયત તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ હોય.
31/10/2026	Audit Report SWF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23FE) હેઠળ એક્ઝમ્પશન ક્લેઇમ કરનાર Sovereign Wealth Fund દ્વારા ફાઇલ કરવાનો ઓડિટ રિપોર્ટ. #
31/10/2026	All income tax returns except ITR-1, ITR-2 and ITR-4	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	એસેસમેન્ટ યર ૨૦૨૬–૨૭ માટે ઈનકમટેક્સ રીટર્ન ભરવાની નિયત તારીખ, જ્યારે એસેસી પાસે ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન્સ અથવા સ્પેસિફાઇડ ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન્સ ન હોય અને (a) એસેસી કોર્પોરેટ હોય, અથવા (b) નોન–કોર્પોરેટ એસેસી ના બૂક્સ ઓડિટ કરવા જરૂરી હોય, અથવા (c) એવી ફર્મ નો પાર્ટનર હોય જેના એકાઉન્ટ્સ ઓડિટ કરવા જરૂરી હોય, અથવા સેક્શન 5A લાગુ પડતો હોય તો આવા પાર્ટનરના spouse માટે.

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 10B	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10 ના clause (23C) ના tenth proviso અને સેક્શન 12A (1) (b) (ii) હેઠળ ફંડ, ટ્રસ્ટ, સંસ્થા, યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ અથવા મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ માટે ઓડિટ રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 10BA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80GG હેઠળ ડિડક્શન ક્લેઇમ કરવા માટે એસેસી દ્વારા રજૂ કરવાની ડેક્લેરેશન. *
31/10/2026	ફોર્મ 10BB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23C) ના tenth proviso તથા સેક્શન 12A હેઠળ સંબંધિત હેઠળ ફંડ, ટ્રસ્ટ, સંસ્થા, યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલ અથવા મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ માટે ઓડિટ રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 10BBD	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23C) ના tenth proviso તથા સેક્શન 12A હેઠળ સંબંધિત ફંડ, ટ્રસ્ટ, ઇન્સ્ટિટ્યુશન, યુનિવર્સીટી, એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન, હોસ્પિટલ અથવા મેડિકલ ઇન્સ્ટિટ્યુશન, માટે ઓડિટ રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 10BC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઈનકમટેક્સ રૂલ્સ, ૧૯૬૨ ના રૂલ 17CA (12) હેઠળ ઇલેક્ટ્રોલ ટ્રસ્ટ માટેનો ઓડિટ રિપોર્ટ. *
31/10/2026	ફોર્મ 10CCB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શનજ 80-I(7), 80-IA(7), 80-IB, 80-IC, 80-IAC અથવા 80-IE હેઠળનો ઓડિટ રિપોર્ટ. #

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 10CCD	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80QQB(3) હેઠળ રોયલ્ટી ઇનકમ વગેરે મેળવનારા Authors માટે સર્ટિફિકેટ. *
31/10/2026	ફોર્મ 10CCE	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80RRB(2) હેઠળ રોયલ્ટી ઇનકમ વગેરે મેળવનારા Patentees માટે સર્ટિફિકેટ. *
31/10/2026	ફોર્મ 10CCF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80LA(3) હેઠળનો રિપોર્ટ. *
31/10/2026	ફોર્મ 10DA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80JJAA હેઠળનો રિપોર્ટ. #
31/10/2026	ફોર્મ 10E	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 192(2A) હેઠળ ઇનકમની વિગતો રજૂ કરવા માટેનું Form, સેક્શન ૮૯ હેઠળ રિલીફ ક્લેઇમ કરવા માટે. *
31/10/2026	ફોર્મ 10-EE	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	નોટીફાઈડ કન્ટ્રીમાં રાખવામાં આવેલા રિટાયરમેન્ટ બેનિફિટ એકાઉન્ટમાંથી મળતી ઇનકમના ટેક્ષેશન માટેનું ફોર્મ. *
31/10/2026	ફોર્મ 10FC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	નોટીફાઈડ એરિયામાં આવેલી ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યુશનને કરવામાં આવેલી પેમેન્ટ અંગે ડિડક્શન ક્લેઇમ કરવા માટેનું ઓથોરાઇઝેશન. *
31/10/2026	ફોર્મ 10H	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ફોરેઈન ઇનવર્ડ રેમિટન્સ (Foreign Inward Remittance) અંગેનું સર્ટિફિકેટ. *

નિયત તારીખ	કમ્પલાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/10/2026	ફોર્મ 10IA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80DD અને 80U માટે Person with Disability, Severe Disability, Autism, Cerebral Palsy અને Multiple Disability પ્રમાણિત કરવા Medical Authority દ્વારા આપવામાં આવતું સર્ટિફિકેટ. *
31/10/2026	ફોર્મ 10-IB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BA(4) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
31/10/2026	ફોર્મ 10-IC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAA(5) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
31/10/2026	ફોર્મ 10-ID	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAB(7) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
31/10/2026	ફોર્મ 10-IEA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAC(6)(i) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા અથવા sub–સેક્શન (6) ના proviso હેઠળ પસંદ કરેલો option પાછો ખેંચવા માટેની એપ્લિકેશન. *
31/10/2026	ફોર્મ 10-IF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAD(5) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
31/10/2026	ફોર્મ 10-IFA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAE(5) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *

*આ સ્ટેટમેન્ટ ત્યારે લાગુ પડે છે જ્યારે આવકવેરા રિટર્ન ભરવાની નિયત તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ હોય.
#આ સ્ટેટમેન્ટ ત્યારે લાગુ પડે છે જ્યારે આવકવેરા રિટર્ન ભરવાની નિયત તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૬ હોય.

કમ્પ્લાયન્સ કેલેન્ડર નવેમ્બર – ૨૦૨૬ (GST સિવાય)

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
05/11/2026	SEZ-MPR	સેઝ એક્ટ	SEZ મંથલી પરફોર્મન્સ રિપોર્ટમાં એમ્પ્લોયી અને ઇન્વેસ્ટમેન્ટની વિગતોનું રિપોર્ટિંગ
07/11/2026	ECB-2	ફેમા	ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, ૧૯૯૯ હેઠળ એક્સટર્નલ કોમર્શિયલ બોરોઇંગ્સ (ECB) ના વાસ્તવિક વ્યવહારોનો રિપોર્ટિંગ
07/11/2026	ફોર્મ 127	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન પ્રાપ્ત થયેલા માલની ખરીદી પર ટેક્સ વસૂલવામાં ન આવે તે માટે ખરીદદારે અધિનિયમની સેક્શન 394(2) મુજબ આપવાની ઘોષણા.
07/11/2026	સ્ટેચ્યુટરી ફોર્મ ફાઇલિંગ નિયત તારીખ	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન પ્રાપ્ત થયેલા માલની ખરીદી પર ટેક્સ વસૂલવામાં ન આવે તે માટે ખરીદદારે સેક્શન 394(2) મુજબ આપવાનું ડેક્લેરેશન.
07/11/2026	–	અન્ય એક્ટ	સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ / કોમોડિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ – ઓક્ટોબર, ૨૦૨૬ મહિના માટે કલેક્ટેડ ટેક્સ જમા કરાવવાની અંતિમ તારીખ
10/11/2026	SEZ-SERF	સેઝ એક્ટ	સર્વિસ એક્સપોર્ટ રિપોર્ટિંગ ફોર્મમાં રિપોર્ટિંગ મંથ માટે સર્વિસ એક્સપોર્ટ ટ્રાન્ઝેક્શન્સની વિગતોનું રિપોર્ટિંગ.
14/11/2026	ફોર્મ 132	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સપ્ટેમ્બર, ૨૦૨૬ મહિનામાં સ્રોત પર કર કપાત (TDS) માટે સેક્શન 395(4) હેઠળ સર્ટિફિકેટ જારી કરવાની નિયત તારીખ

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
15/11/2026	ફોર્મ 133	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે 'સોર્સ પર એકત્રિત કરાયેલ કર' (TCS) અંગેની સેક્શન 395(4) હેઠળનું સર્ટિફિકેટ
15/11/2026	ફોર્મ 137	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	ઓક્ટોબર, ૨૦૨૬ મહિના માટે TDS / TCS બુક એડજસ્ટમેન્ટ સ્ટેટમેન્ટ અંગે સરકારી કચેરી દ્વારા ફોર્મ 137 રજૂ કરવાની નિયત તારીખ
15/11/2026	ફોર્મ 1	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	સિસ્ટમમાં નોંધણી પછી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ક્લાયન્ટ કોડમાં કરવામાં આવેલા ફેરફારો સંબંધિત ટ્રાન્ઝેક્શન્સનું સ્ટોક એક્સચેન્જ દ્વારા રજૂ કરવાનું મંથલી સ્ટેટમેન્ટ
15/11/2026	ફોર્મ 131	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા માટે, સેક્શન 392 હેઠળ કર્મચારીને ચૂકવવામાં આવતા પગાર અથવા સેક્શન 393(1) હેઠળના નિર્દિષ્ટ વરિષ્ઠ નાગરિકની પેન્શન કે વ્યાજની આવક સિવાયના અન્ય કિસ્સાઓમાં સ્રોત પર કાપવામાં આવેલ કર (TDS) અંગે કલમ 395(4) હેઠળનું સર્ટિફિકેટ.
15/11/2026	પ્રોવિડન્ટ ફંડ પેમેન્ટ/રીટર્ન	પ્રોવિડન્ટ ફંડ	ઓક્ટોબર, ૨૦૨૬ માટે EPF યોગદાન (એમ્પ્લોયી + એમ્પ્લોયર) ઇલેક્ટ્રોનિક ચલણ-કમ-રિટર્ન (ECR) અને લાયબિલિટી પેમેન્ટ
15/11/2026	–	કર્મચારી રાજ્ય વીમા નિગમ	ઓક્ટોબર, ૨૦૨૬ માટે ESIC કોન્ટ્રીબ્યુશન ઓનલાઈન ફાઇલિંગ અને લાયબિલિટી પેમેન્ટ

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
30/11/2026	–	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઇન્ટરનેશનલ અથવા સ્પેસિફાઇડ ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન્સ અંગે સેક્શન 92E હેઠળ અહેવાલ રજૂ કરવો આવશ્યક હોય તેવા ટેક્સપેયરના કિસ્સામાં, એસેસમેન્ટ વર્ષ ૨૦૨૬–૨૭ માટે ઈનકમટેક્સ રિટર્ન.
30/11/2026	ફોર્મ 10-IEA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAC(6)(i) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા અથવા sub-સેક્શન (6) ના proviso હેઠળ પસંદ કરેલો option પાછો ખેંચવા માટેની એપ્લિકેશન. *
30/11/2026	ફોર્મ ૧૪૧	ઈનકમટેક્સ એક્ટ, ૨૦૨૫	ઓક્ટોબર, ૨૦૨૬માં કલમ 393(1) [કોષ્ટક અનુક્રમ નં. 2(i), 3(i), 6(ii) અને 8(vi)] હેઠળ કર કપાત અંગેના ચલણ–સહ–સ્ટેટમેન્ટ (Challan-cum-statement) રજૂ કરવાની નિયત તારીખ
30/11/2026	Self Assessment Tax Payment Due Date	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ ની ચુકવણી કરવાની નિયત તારીખ *
30/11/2026	ફોર્મ 3CEFA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ફોર્મ 3CEFA રજૂ કરીને ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન્સ માટે 'સેફ હાર્બર' (Safe Harbour) નિયમોનો વિકલ્પ પસંદ કરવાની નિયત તારીખ
30/11/2026	ફોર્મ 3CEAA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ફાઇનાન્સિયલ વર્ષ ૨૦૨૫–૨૬ માટે ઇન્ટરનેશનલ ગ્રુપની ઘટક સંસ્થા દ્વારા ફોર્મ નં. 3CEAA માં રિપોર્ટિંગ

નિયત તારીખ	કમ્પલાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
31/11/2026	ફોર્મ 3CEF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	એડવાન્સ પ્રાઇસિંગ એગ્રીમેન્ટ (Advance Pricing Agreement) અંગેનો એન્યુઅલ કમ્પલાયન્સ રિપોર્ટ (જો ઈનકમટેક્સ રિટર્ન ભરવાની નિયત તારીખ 31 ઓક્ટોબર, ૨૦૨૬ હોય તો)
30/11/2026	ફોર્મ 3CEFB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સ્પેસિફાઇડ ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન્સ માટે સેફ હાર્બર નો વિકલ્પ પસંદ કરવા માટેની એપ્લિકેશન*
30/11/2026	ફોર્મ 3CEJA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 9A હેઠળ એલિજિબલ ઇન્વેસ્ટમેન્ટ ફંડ દ્વારા જરૂરી શરતો પૂર્ણ થયેલી હોવા અંગે એકાઉન્ટન્ટ દ્વારા રજૂ કરવાનો રિપોર્ટ.
30/11/2026	ફોર્મ 3CFA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Patent સંબંધિત રોયલ્ટી ઇનકમ માટે ખાસ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેનું Form. *
30/11/2026	ફોર્મ 3CLA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 35 હેઠળ ઈન-હાઉસ સાયન્ટિફિક રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ફેસિલિટી અંગે એકાઉન્ટન્ટ દ્વારા રજૂ કરવાનો રિપોર્ટ. *
30/11/2026	ફોર્મ 3CT	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 9 હેઠળ ભારતમાં સ્થિત Assetsને સંબંધિત ઇનકમ અંગેની વિગતો. *
30/11/2026	ફોર્મ 5C	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સ્પેસિફાઇડ એન્ટિટી પાસે બાકી રહેલી કેપિટલ એસેટ ને સંબંધિત attributed amount ની વિગતો.
30/11/2026	ફોર્મ 10BA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80GG હેઠળ ડિડક્શન ક્લેઇમ કરવા માટે એસેસી દ્વારા રજૂ કરવાની ડેક્લેરેશન. *

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
30/11/2026	ફોર્મ 10BBC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23FE) હેઠળ નોટિફાઇડ પેન્શન ફંડ દ્વારા કરવામાં આવેલી કમ્પ્લાયન્સ અંગે એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ.
30/11/2026	ફોર્મ 10BBD	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23C) ના tenth proviso તથા સેક્શન 12A હેઠળ સંબંધિત ફંડ, ટ્રસ્ટ, ઇન્સ્ટિટ્યુશન, યુનિવર્સીટી, એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂશન, હોસ્પિટલ અથવા મેડિકલ ઇન્સ્ટિટ્યુશન, માટે ઓડિટ રિપોર્ટ. #
30/11/2026	ફોર્મ 10BC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઈનકમટેક્સ રૂલ્સ, ૧૯૬૨ ના રૂલ 17CA(12) હેઠળ ઇલેક્ટ્રોલ ટ્રસ્ટ માટેનો ઓડિટ રિપોર્ટ. *
30/11/2026	ફોર્મ 10CCD	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80QQB(3) હેઠળ રોયલ્ટી ઇનકમ વગેરે મેળવનારા Authors માટે સર્ટિફિકેટ. *
30/11/2026	ફોર્મ 10CCE	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80RRB(2) હેઠળ રોયલ્ટી ઇનકમ વગેરે મેળવનારા Patentees માટે સર્ટિફિકેટ. *
30/11/2026	ફોર્મ 10CCF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80LA(3) હેઠળનો રિપોર્ટ. *
30/11/2026	ફોર્મ 10E	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 192(2A) હેઠળ ઇનકમની વિગતો રજૂ કરવા માટેનું Form, સેક્શન 89 હેઠળ રિલીફ ક્લેઇમ કરવા માટે. *
30/11/2026	ફોર્મ 10-EE	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	નોટીફાઇડ કન્ટ્રીમાં રાખવામાં આવેલા રિટાયરમેન્ટ બેનિફિટ એકાઉન્ટ માંથી મળતી ઇનકમના ટેક્ષેશન માટેનું ફોર્મ. *

નિયત તારીખ	કમ્પલાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
30/11/2026	ફોર્મ 10FC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	નોટીફાઈડ એરિયામાં આવેલી ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યુશનને કરવામાં આવેલી પેમેન્ટ અંગે ડિડક્શન ક્લેઇમ કરવા માટેનું ઓથોરાઇઝેશન. *
30/11/2026	ફોર્મ 10H	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ફોરેઈન ઇનવર્ડ રેમિટન્સ (Foreign Inward Remittance) અંગેનું સર્ટિફિકેટ.*
30/11/2026	ફોર્મ 10IA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 80DD અને 80U માટે Person with Disability, Severe Disability, Autism, Cerebral Palsy અને Multiple Disability પ્રમાણિત કરવા Medical Authority દ્વારા આપવામાં આવતું સર્ટિફિકેટ. *
30/11/2026	ફોર્મ 10-IB	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BA(4) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
30/11/2026	ફોર્મ 10-IC	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAA(5) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
30/11/2026	ફોર્મ 10-ID	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAB(7) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *
30/11/2026	ફોર્મ 10-IF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAD(5) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન.*
30/11/2026	ફોર્મ 10-IFA	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115BAE(5) હેઠળ ટેક્ષેશન ઓપ્શન પસંદ કરવા માટેની એપ્લિકેશન. *

નિયત તારીખ	કમ્પ્લાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
30/11/2026	ફોર્મ 10IG	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧ ની સેક્શન 10(4D) હેઠળ મુક્ત આવક અંગેનું સ્ટેટમેન્ટ. *
30/11/2026	ફોર્મ 10IH	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 115AD હેઠળ રાહત દરે કરવેરા માટે પાત્ર સ્પેસિફાઇડ ફંડ ની આવક અંગેનું સ્ટેટમેન્ટ.*
30/11/2026	ફોર્મ 10-II	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10(23FF) હેઠળ મુક્ત આવક અંગેનું સ્ટેટમેન્ટ.*
30/11/2026	ફોર્મ 10-IK	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Rule 21AJA(2) હેઠળ મુક્ત આવક અને Rule 21AJAA(2) હેઠળ કરપાત્ર આવકનું વાર્ષિક સ્ટેટમેન્ટ. *
30/11/2026	ફોર્મ 49C	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	ભારતમાં સંપર્ક કચેરી (liaison office) ધરાવતા નોન રેસિડેન્ટ દ્વારા ફાઇનાન્સિયલ વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્ટેટમેન્ટ (ફોર્મ નં. 49C માં) રજૂ કરવું.
30/11/2026	ફોર્મ 56FF	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	સેક્શન 10A(1B)(b) અને સેક્શન 10AA(2)(b) હેઠળ જરૂરી Particulars. *
30/11/2026	ફોર્મ ૬૨	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	Amalgamated Company ના પ્રિન્સિપલ ઓફિસર દ્વારા અને એકાઉન્ટન્ટ દ્વારા duly verified સર્ટિફિકેટ, જેમાં prescribed level of production પ્રાપ્ત થયું છે અને ત્યારબાદના વર્ષોમાં તે સ્તર જાળવવામાં આવ્યું છે તેની પુષ્ટિ થાય છે. (જો ઈનકમટેક્સ રિટર્ન ભરવાની નિયત તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ હોય તો)

નિયત તારીખ	કમ્પલાયન્સ ફોર્મ નં.	એક્ટ	એક્ટિવિટી
30/11/2026	ફોર્મ 64	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન વહેંચવામાં આવેલી ઈનકમના સંદર્ભમાં વેન્ચર કેપિટલ કંપની અથવા વેન્ચર કેપિટલ ફંડ દ્વારા ઈનકમ ડિસ્ટ્રીબ્યુશન અંગેનું સ્ટેટમેન્ટ (ફોર્મ નં. 64)
30/11/2026	Statutory ફોર્મ s Filling Due Date	ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧	રુલ 5D, 5E અને 5F મુજબ સાયન્ટિફિક રિસર્ચ એસોસિએશન, યુનિવર્સિટી, કોલેજ અથવા અન્ય સંસ્થા અથવા ભારતીય સાયન્ટિફિક રિસર્ચ કંપની દ્વારા કરવામાં આવતું સ્ટેટમેન્ટ *

*આ સ્ટેટમેન્ટ ત્યારે લાગુ પડે છે જ્યારે આવકવેરા રિટર્ન ભરવાની નિયત તારીખ ૩૦ નવેમ્બર, ૨૦૨૬ હોય.

● ---- X ---- ●

Income-tax Important Updates for October-2026

૧. તારીખ ૨૧–૦૯–૨૦૨૬ અપડેટ:: વિગત: ઈનકમટેક્સ રૂલ્સ, ૨૦૨૬ ના નિયમ 160 (Rule 160) મુજબ રિપોર્ટિંગ કરનાર વ્યક્તિ / સંસ્થા (reporting person/entity) ના રજીસ્ટ્રેશન તેમજ ફોર્મ નં. 98 (Form No. 98) સબમિટ કરવાની પદ્ધતિ જાહેર કરવા માટે CBDT દ્વારા નોટિફિકેશન નં. 3/2026 બહાર પાડવામાં આવ્યું છે. સંબંધિત નોટિફિકેશન જોવા માટે QR કોડ સ્કેન કરો.

૨. તારીખ ૨૪–૦૯–૨૦૨૬ અપડેટ: વિગત: CBDT દ્વારા નોટિફિકેશન નં. 120/2026 બહાર પાડીને રજિસ્ટર્ડ વેલ્યુઅર્સ (Registered Valuers) અને ઓથોરાઇઝ્ડ ઈનકમટેક્સ પ્રેક્ટિશનર્સ (Authorised Income-tax Practitioners) માટે રજીસ્ટ્રેશન કરાવવાની છેલ્લી તારીખ લંબાવીને ૩૧ માર્ચ ૨૦૨૭ કરવામાં આવી છે. સાથે સાથે સુધારેલા ફોર્મ 169 અને 171 (Forms 169 & 171) પણ બહાર પાડવામાં આવ્યા છે. Refer below QR code for format of revised Forms.

૩. તારીખ ૨૪–૦૯–૨૦૨૬ અપડેટ: વિગત: CBDT ના નોટિફિકેશન નં. 121/2026 મુજબ બિન–નિવાસી (Non-Resident) ની મિલકતના વ્યવહારો માટે TDS રિપોર્ટિંગની જરૂરિયાતો લંબાવવામાં આવી છે અને ફોર્મ 132 તેમજ 141 (Forms 132 & 141) માં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. સંબંધિત નોટિફિકેશન જોવા માટે આપેલ QR કોડ સ્કેન કરો.

૪. તારીખ ૨૯–૦૯–૨૦૨૬ અપડેટ: વિગત: તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના સર્ક્યુલર નં. 07/2026 મુજબ ઈનકમટેક્સ રિટર્ન (ITR) અને ઓડિટ રિપોર્ટ ફાઇલ કરવાની છેલ્લી તારીખો નીચે મુજબ લંબાવવામાં આવી છે:

ઈનકમટેક્સ રિટર્ન (ITR): ઈનકમટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ 139(1) ના Explanation 2 ના ટેબલના ક્રમ નં. ૨ માં દર્શાવેલ કરદાતાઓ માટે આકારણી વર્ષ (AY) 2026-27 નું રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ થી લંબાવીને ૨૧ નવેમ્બર ૨૦૨૬ કરવામાં આવી છે.

ટેક્સ ઓડિટ રિપોર્ટ (Audit Report): ઉપરોક્ત કરદાતાઓ માટે જ આકારણી વર્ષ (AY) 2026-27 ના ઓડિટ રિપોર્ટ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ થી લંબાવીને ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ કરવામાં આવી છે. આ સર્ક્યુલર વાંચવા માટે QR કોડ સ્કેન કરો

DIVISION-II

ઈન્કમટેક્ષનાં અગત્યના ચુકાદાઓ

હાઇકોર્ટ – ૧

Assessee	**Mahendra R. Shah V/s. Asst. Commissioner of Income-tax***
Court	**HIGH COURT OF GUJARAT**
Citation	**R/TAX Appeal No. 1691 and 1692 OF 2008| Judgment Dated: July 15, 2026**

કેસની હકીકતો :–

આ કેસની શરૂઆત સેક્શન 132 હેઠળ કરવામાં આવેલી સર્ચ (Search) કાર્યવાહીથી થઈ હતી. જાણીતા Bright Group સંબંધિત કેસોમાં થયેલી સર્ચ દરમિયાન ઈનકમટેક્સ વિભાગે Mahendra R. Shahના બેંક લોકરની પણ તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન વિભાગને એવી સામગ્રી મળી જેના આધારે અનડિસ્ક્લોઝડ ઈનકમ અને ઇન્વેસ્ટમેન્ટ હોવાની શંકા જન્મી.

સર્ચ દરમિયાન અસેસીએ સેક્શન 132(4) હેઠળ આપેલા નિવેદનમાં શરૂઆતમાં ₹30 લાખની અનડિસ્ક્લોઝડ ઈનકમ જાહેર કરી હતી. ત્યારબાદ પોતાનું ગણિત ફરી તપાસીને અને રહેણાંક બંગલામાં કરેલા ઇન્વેસ્ટમેન્ટનું વેલ્યુએશન કરીને તેણે દાવો કર્યો કે બંગલામાં કુલ રોકાણ માત્ર ₹70 લાખ હતું. તેમાંમાંથી ₹46.80 લાખ બૂક્સ ઓફ એકાઉન્ટ્સમાં પહેલેથી નોંધાયેલ હતું અને બાકીની જ રકમ અનડિસ્ક્લોઝડ ઇન્વેસ્ટમેન્ટ ગણાવી શકાય. ઉપરાંત, તેણે જણાવ્યું કે લગભગ ₹9 લાખ જૂનો બંગલો ખરીદવામાં ખર્ચાયા હતા, જેને તોડી નવી રહેણાંક મિલકત બાંધવામાં આવી હતી.

પરંતુ Assessing Officer (AO) આ દલીલથી સંતોષાયા નહોતાં. સર્ચ દરમિયાન રહેણાંક મકાન સંબંધિત એક ઇન્સ્યોરન્સ પ્રોપોઝલ મળી આવી હતી જેમાં ઘર, ફર્નિચર, ફિક્સચર્સ અને ડેકોરેશનનું મૂલ્ય ₹1 કરોડ દર્શાવવામાં આવ્યું હતું. AO એ આ દસ્તાવેજના આધારે

ઘરનો ખર્ચ ₹1 કરોડ માનીને અનએક્સપ્લેઇન્ડ ઇન્વેસ્ટમેન્ટ તરીકે ઉમેરો (addition) કર્યો.

તે ઉપરાંત, સર્ચમાં મળેલી એક ડાયરીમાં રોકડ ઉપાડ અને રોકડ હેરફેરની નોંધો હતી. ઇનકમટેક્સ વિભાગે તેને અનડિસ્ક્લોઝડ કેશ ઈનકમનો પુરાવો માનીને ₹26.21 લાખનો ઉમેરો (addition) કર્યો. કેટલાક Fixed Deposit Receipts (FDRs) પણ બૂક્સ ઓફ એકાઉન્ટ્સમાં નોંધાયેલા ન હતા, જેના આધારે વધુ એક ઉમેરો (addition) કરવામાં આવ્યો.

આ વિવાદ કમિશનર (અપીલ્સ) અને ત્યારબાદ ટ્રિબ્યુનલ સુધી પહોંચ્યો. કમિશનર (અપીલ્સ) એ આંશિક રાહત આપી અને કેટલીક ઉમેરાઓ વચ્ચે ટેલીસ્કોપિંગ બેનિફિટ પણ મંજૂર કર્યો. પરંતુ ટ્રિબ્યુનલ એ વધુ કડક અભિગમ અપનાવી બંગલાનું મૂલ્ય ₹85 લાખ ગણાવ્યું, ટેલીસ્કોપિંગ નકારી કાઢ્યું, રોકડ આવક અંગેનો ઉમેરો યથાવત રાખ્યો અને FDR અંગે મેચ્યોરિટી વેલ્યુના આધારે ઉમેરો જાળવી રાખ્યો. આ નિર્ણય સામે અસેસીએ ગુજરાત હાઈ–કોર્ટમાં અપીલ કરી.

શું ઉપરોક્ત મુદ્દામાં એસેસીને રાહત મળવી જોઈએ?

જવાબ :–

હા, આંશિક રીતે અસેસીના પક્ષમાં નિર્ણય આપ્યો.

અરજદાર (એસેસી)ની દલીલો :

૧. બંગલાનું મૂલ્ય વધારી બતાવવામાં આવ્યું છે

અસેસીએ દલીલ કરી કે ₹1 કરોડ દર્શાવતું ઇન્સ્યોરન્સ પ્રોપોઝલ માત્ર વીમા હેતુ માટેનું અંદાજિત મૂલ્યાંકન હતું. તેને વાસ્તવિક રોકાણનો નિર્ણાયક પુરાવો ગણી શકાય નહીં. તેણે સતત એ જ વાત કરી કે બંગલામાં કુલ રોકાણ ₹70 લાખ હતું અને તેમાંના ₹46.80 લાખ પહેલેથી જ બુક્સ ઓફ એકાઉન્ટસમાં નોંધાયેલા હતા. તેથી બાકીની રકમ જ વિચારણીય બની શકે.

૨. ₹26.21 લાખની રોકડ આવક તેની નહોતી

ડાયરીમાં દર્શાવેલી રોકડ તેની પોતાની નહોતી. તેના અનુસાર M.S. Hostel ની રોકડ સલામતી માટે વિશ્વાસપાત્ર વ્યક્તિઓના ઘરે રાત્રિ દરમિયાન રાખવામાં આવતી હતી

અને બીજા દિવસે પરત આપવામાં આવતી હતી. તેથી ડાયરીની નોંધો તેની અનડિસ્ક્લોઝડ ઈનકમ દર્શાવતી નથી.

૩. **વૈકલ્પિક દલીલ: ટેલીસ્કોપિંગનો લાભ**

ભલે રોકડ આવકને અઘોષિત આવક માનવામાં આવે, તો પણ એ જ રકમ ફરીથી બંગલાના રોકાણ તરીકે ટેક્ષેબલ ન બની શકે. તેથી ટેલીસ્કોપિંગ બેનિફિટ મળવો જોઈએ. કમિશનર (અપીલ્સ) એ આ લાભ આપ્યો હતો, પરંતુ ટ્રિબ્યુનલ એ ગેરરીતે નકાર્યો.

૪. **FDR અંગે ભૂલ**

FDR અનડિસ્ક્લોઝડ હોય તો પણ એડિશન માત્ર મૂળ રોકાણ જેટલો થવો જોઈએ, મેચ્યોરિટી વેલ્યુ જેટલો નહીં. તેથી ₹82,567નો ઉમેરો કાયદા વિરુદ્ધ અને વધારાનો હતો.

ઇનકમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી દલીલો:

વિભાગે જણાવ્યું કે સર્ચ દરમિયાન અસેસીએ પોતે જ અઘોષિત આવક અને રોકાણ સ્વીકાર્યું હતું. ત્યારબાદ તે ઓછો આંકડો બતાવી પોતાની અગાઉની કબૂલાતમાંથી પાછો ફરી શકે નહીં. ઇન્સ્યોરન્સ પ્રોપોઝલ પણ સર્ચ દરમિયાન જ મળ્યું હતું અને તે રહેણાંક મિલકતનું ઊંચું મૂલ્ય દર્શાવતું હતું.

ટેલિસ્કોપિંગ બાબતે વિભાગે દલીલ કરી કે અસેસી એ સાબિત કરી શક્યો નથી કે ડાયરીમાં દેખાતી રોકડ અને બંગલામાં કરાયેલ રોકાણ એક જ સ્રોતમાંથી આવ્યા હતા. બંને વચ્ચે કોઈ સ્પષ્ટ સંબંધ બતાવવામાં આવ્યો નહોતો.

વિભાગે વધુમાં જણાવ્યું કે ડાયરીની નોંધો વાસ્તવિક અઘોષિત રોકડ આવક દર્શાવે છે. M.S. Hostelની રોકડ હોવાનો દાવો કોઈ દસ્તાવેજી પુરાવા વગરનો હતો. તેથી ઉમેરો યોગ્ય રીતે કરવામાં આવ્યો હતો.

FDR અંગે પણ વિભાગે નીચેની સત્તાઓના નિર્ણયને સમર્થન આપ્યું.

ચુકાદો :

૧. ટેલીસ્કોપિંગ બેનિફિટ નકારવામાં આવ્યો

હાઇકોર્ટે જણાવ્યું કે બંગલાના રોકાણ અને ડાયરીમાં દર્શાવાયેલી અઘોષિત રોકડ વચ્ચે કોઈ પુરાવાધારિત સંબંધ સાબિત થયો નથી. અસેસીએ પોતે જ સ્વીકાર્યું હતું કે બંગલાનો પ્લોટ ઘણા વર્ષો પહેલાં ખરીદવામાં આવ્યો હતો, જ્યારે અઘોષિત રોકડ સર્ચ દરમિયાન સામે આવી હતી. તેથી ટ્રિબ્યુનલ દ્વારા ટેલીસ્કોપિંગ બેનિફિટ નકારવાનો નિર્ણય યોગ્ય હતો.

૨. બંગલાના મૂલ્યાંકનમાં રાહત

કોર્ટે નોંધ્યું કે ટ્રિબ્યુનલ દ્વારા નક્કી કરાયેલ ₹85 લાખનું મૂલ્ય કોઈ પુરાવા પર આધારિત નહોતું અને મનસ્વી (arbitrary) લાગતું હતું.

AO દ્વારા અપનાવાયેલ ₹1 કરોડનો આંકડો પણ માત્ર ઇન્સ્યોરન્સ પ્રોપોઝલ પર આધારિત હતો. બીજી તરફ, અસેસીએ સતત ₹70 લાખનું રોકાણ દર્શાવ્યું હતું અને તેના સમર્થનમાં નિવેદનો તથા એફિડેવિટ આપ્યા હતા.

આથી કોર્ટે બંગલાનું યોગ્ય મૂલ્ય ₹70 લાખ સ્વીકાર્યું. તેમાંમાંથી ₹46.80 લાખ પહેલેથી બુક્સ ઓફ એકાઉન્ટસમાં હતા, એટલે માત્ર બાકીની રકમ જ અસ્પષ્ટ રોકાણ (unexplained investment) તરીકે ગણાવી શકાય.

તે મુજબ ઉમેરો ફરી ગણતરી કરીને ₹23,19,308 રાખવામાં આવ્યો.

3. ₹26.21 લાખની અઘોષિત રોકડ આવકનો ઉમેરો યથાવત

ડાયરીમાં નોંધાયેલી રોકડ રકમ અંગે હાઇકોર્ટે હસ્તક્ષેપ કરવાની જરૂર જણાવી નહોતી.

AO, કમિશનર (અપીલ્સ) અને ટ્રિબ્યુનલ, ત્રણેય સત્તાઓએ એકસરખો નિષ્કર્ષ આપ્યો હતો કે આ રોકડ અઘોષિત આવક હતી. M.S. Hostelની રોકડ હોવાનું સમર્થન કરતો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કરવામાં આવ્યો નહોતો.

આથી ₹26.21 લાખનો ઉમેરો સંપૂર્ણપણે યથાવત રાખવામાં આવ્યો.

૪. FDR અંગે અસેસીને રાહત

કોર્ટે જણાવ્યું કે સેક્શન 69 હેઠળ મહત્વનું છે વાસ્તવિક અઘોષિત રોકાણ, મેચ્યોરિટી વેલ્યુ નહીં.

જપ્ત કરાયેલા દસ્તાવેજોમાં FDRમાં કરાયેલ વાસ્તવિક રોકાણ:

- ₹34,080
- ₹6,585

કુલ: ₹40,665

તેથી ઉમેરો ₹82,567ના બદલે ₹40,665 સુધી મર્યાદિત રાખવામાં આવ્યો.

આ કારણે અસેસીને ₹41,902ની રાહત મળી.

અંતિમ નિર્ણય (Final Ruling)

- અસેસીને બંગલાના મૂલ્યાંકન તથા FDRના ઉમેરા અંગે આંશિક રાહત મળી.
- ટેલીસ્કોપિંગ બેનિફિટ તથા ₹26.21 લાખની અઘોષિત રોકડ આવક અંગે અસેસીને કોઈ રાહત મળી નહીં.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે:

- કરવેરા સંબંધિત ઉમેરા અંદાજો પર નહીં પરંતુ વિશ્વસનીય પુરાવાઓ પર આધારિત હોવા જોઈએ.
- ટેલિસ્કોપિંગનો લાભ આપમેળે મળતો નથી.
- અઘોષિત આવક અને સમજાવવામાં આવતા રોકાણ વચ્ચે સ્પષ્ટ અને પુરાવાસભર સંબંધ (હીટેજ) સાબિત કરવો જરૂરી છે.

આ કેસમાંથી ત્રણ મહત્વના પાઠ મળે છે:

૧. ટેલિસ્કોપિંગ માટે સ્પષ્ટ પુરાવો જરૂરી છે. માત્ર દાવો કરવાથી લાભ મળતો નથી.

૨. વીમા માટે દર્શાવેલ મૂલ્ય (Insurance Value) એ વાસ્તવિક ખર્ચનો અંતિમ પુરાવો નથી.

૩. અઘોષિત FDR માટે સામાન્ય રીતે માત્ર મૂળ રોકાણની રકમ જ ઉમેરવામાં આવવી જોઈએ, મેચ્યોરિટી વેલ્યુ નહીં.

હાઇકોર્ટ – ૨

Assessee	**Super Industries V/s. Income-tax Officer***
Court	**HIGH COURT OF GUJARAT**
Citation	**IT Appeal No. 792 of 2009| Judgment Dated: July 15, 2026**

કેસની હકીકતો :–

સુપર ઇન્ડસ્ટ્રીઝ એક ભાગીદારી ફર્મ હતી, જે મર્કન્ટાઇલ એકાઉન્ટિંગ સિસ્ટમ અનુસરતી હતી. ફર્મ પાસે બે સંસ્થાઓ પાસેથી મોટી રકમ વસૂલવાની બાકી હતી મેસર્સ વાણી ઈન્ડસ્ટ્રીઝ અને મેસર્સ સુપર ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ લિમિટેડ. સમય જતાં બંને દેવાદાર (Debtor) સંસ્થાઓ ગંભીર આર્થિક મુશ્કેલીઓમાં ફસાઈ ગઈ. તેમનો વ્યવસાય લગભગ બંધ થઈ ગયો હતો અને મૂળ રકમ (Principal Amount)ની વસૂલાત પણ અનિશ્ચિત બની ગઈ હતી.

સળંગ બે વર્ષ સુધી આ બંને પક્ષો તરફથી કોઈ વ્યાજ પ્રાપ્ત થયું નહોતું. દેવાદારોની નબળી આર્થિક સ્થિતિ અને વસૂલાત અંગેની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને એસેસીએ પોતાના હિસાબોમાં કોઈ વ્યાજ આવક દર્શાવી નહોતી.

પરંતુ એસેસીંગ ઓફીસર (AO) એ માન્યું કે ફર્મ મર્કન્ટાઇલ એકાઉન્ટિંગ સિસ્ટમ અપનાવે છે, તેથી ભલે વ્યાજ વાસ્તવમાં મળ્યું ન હોય, તેમ છતાં તે "Accrue" થયું ગણાય. તેથી AO એ બાકી રકમ પર Notional Interest ગણાવી તેની ટેક્સેબલ ઈનકમમાં એડિશન (Addition) કર્યો.

CIT(A) અને ત્યારબાદ ટ્રિબ્યુનલએ પણ મુખ્યત્વે આ કારણસર AOનો નિર્ણય યથાવત રાખ્યો કે એસેસી દેવાદારોની નબળી આર્થિક સ્થિતિ પૂરતી સાબિત કરી શક્યો નથી. તેથી ૧૨%ના દરે Notional Interestનો એડિશન માન્ય રાખવામાં આવ્યો. ત્યારબાદ એસેસીએ ગુજરાત હાઇકોર્ટમાં અપીલ કરી.

શું ઉપરોક્ત મુદ્દામાં એસેસીને રાહત મળવી જોઈએ?

જવાબ :

હા. આંશિક રીતે એસેસીના પક્ષમાં નિર્ણય આપવામાં આવ્યો.

અરજદાર (એસેસી)ની દલીલો :

એસેસીએ કોર્ટ સમક્ષ વ્યવસાયિક વાસ્તવિકતા (Commercial Reality) રજૂ કરી.

તેનું કહેવું હતું કે:

- ટેક્સ માત્ર વાસ્તવિક આવક (Real Income) પર જ વસૂલ થવો જોઈએ.
- જે આવક મળવાની કોઈ વાસ્તવિક શક્યતા જ નથી, તેવી કલ્પિત આવક (Hypothetical Accrual) પર ટેક્સ ન લાગે.
- બંને દેવાદારો તરફથી છેલ્લા બે વર્ષ દરમિયાન કોઈ વ્યાજ પ્રાપ્ત થયું નહોતું, જે દર્શાવે છે કે દેવું શંકાસ્પદ (Doubtful Debt) બની ગયું હતું.

એસેસીએ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા:

M/s. Vani Industries

- તેની સેલ્સ ટેક્સ રજિસ્ટ્રેશન રદ થઈ ગયો હતો.
- એક્સાઇઝ રજીસ્ટ્રેશન રદ કરવાની કાર્યવાહી ચાલી રહી હતી.
- એટલે કે તેનો વ્યવસાય હકીકતમાં બંધ થઈ ગયો હતો.
- બાદમાં બાકી રકમ Bad Debt તરીકે લખી નાખવામાં આવી હતી.

M/s. Super Investment & Finance Ltd.

- કંપની ગંભીર આર્થિક સંકટમાં હતી.
- તેની સામે Winding-Up Proceedings શરૂ થઈ ગઈ હતી.

એસેસીનું વધુ કહેવું હતું કે જ્યારે મૂળ રકમની વસૂલાત જ શંકાસ્પદ હોય ત્યારે વ્યાજની આવક થવાની ધારણા રાખવી વ્યવસાયિક રીતે અવાસ્તવિક છે. ઉપરાંત, નીચલી અપીલ સત્તાઓએ રેકોર્ડ પર રહેલા મહત્વના પુરાવાઓને અવગણ્યા હતા.

ઇનકમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી દલીલો:–

વિભાગે દલીલ કરી કે:

- એસેસી મર્કન્ટાઇલ એકાઉન્ટિંગ સિસ્ટમ અનુસરે છે.
- આ પદ્ધતિમાં આવક મળવા (Receipt) ઉપર નહીં પરંતુ Accrual ઉપર કરવેરા હેઠળ આવે છે.
- તેથી બાકી રકમ પરનું વ્યાજ આવક તરીકે ગણાવવું જ જોઈએ.

વિભાગે વધુમાં જણાવ્યું કે:

- એસેસી અપીલ સત્તાઓ સમક્ષ દેવાદારોની ખરાબ આર્થિક સ્થિતિ પૂરતી રીતે સાબિત કરી શક્યો નહોતો.
- જરૂરી દસ્તાવેજો રજૂ ન થતાં ટ્રિબ્યુનલનો નિર્ણય યોગ્ય હતો.

વિભાગે એક અન્ય મુદ્દો પણ ઉઠાવ્યો કે બંને દેવાદાર સંસ્થાઓ એસેસી ફર્મના ભાગીદારોના સગાસંબંધીઓ સાથે જોડાયેલી હતી. તેથી વ્યાજ ન વસૂલ કરવાનો નિર્ણય વ્યાવસાયિક નહીં પરંતુ વ્યક્તિગત સંબંધોના કારણે લેવામાં આવ્યો હોવાનું માનવું જોઈએ. આથી Notional Interestનો ઉમેરો યોગ્ય હતો.

ચુકાદો :

ગુજરાત હાઇકોર્ટે સમગ્ર રેકોર્ડનું વિશ્લેષણ કરીને નોંધ્યું કે:

- છેલ્લા બે વર્ષ દરમિયાન કોઈપણ દેવાદાર પાસેથી વ્યાજ મળ્યું નહોતું.
- મેસર્સ વાણી ઈન્ડસ્ટ્રીઝનો વ્યવસાય લગભગ બંધ થઈ ગયો હતો.
- મેસર્સ સુપર ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ લિમિટેડ સામે Winding-Up Proceedings ચાલી રહી હતી.

કોર્ટે જણાવ્યું કે આ તમામ પરિસ્થિતિઓ સ્પષ્ટ દર્શાવે છે કે દેવાદારોની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હતી.

કોર્ટે આગળ જણાવ્યું કે:

- CIT(A) અને ટ્રિબ્યુનલએ મહત્વપૂર્ણ દસ્તાવેજી પુરાવાઓને અવગણ્યા હતા.
- એસેસીએ પોતાનો દાવો સાબિત કર્યો નથી એવો તારણ ખોટો હતો.

- જ્યારે મૂળ રકમની વસૂલાત જ શંકાસ્પદ હોય ત્યારે વ્યાજની આવક વાસ્તવમાં ઊભી થઈ હોવાનું માનવા કોઈ આધાર નથી.
  કોર્ટે સ્પષ્ટ કર્યું કે વ્યવસાયિક વાસ્તવિકતા (Commercial Reality) સામે માત્ર સિદ્ધાંત આધારિત (Theoretical) કરવેરા કાર્યવાહી થઈ શકતી નથી. જો વાસ્તવિક આવક ઊભી જ ન થઈ હોય, તો તેનાથી ટેક્સ વસૂલ કરી શકાય નહીં.
  કોર્ટે વિભાગની એ દલીલ પણ નકારી કાઢી કે માત્ર સગાપણાના સંબંધોના કારણે વ્યાજ માન્ય ગણવું જોઈએ. સંબંધો કરતાં દેવાદારોની ખરાબ આર્થિક સ્થિતિ વધુ મહત્વની હતી.

અંતમાં ચુકાદો આપતા હાઇકોર્ટે Real Income Theory લાગુ કરી અને ઠરાવ્યું કે:

- જ્યારે વસૂલાતની કોઈ વાસ્તવિક શક્યતા ન હોય ત્યારે મર્કન્ટાઇલ એકાઉન્ટિંગ સિસ્ટમ હોવા છતાં વ્યાજ આવક ગણવાની ફરજ પડતી નથી.
- મેસર્સ વાણી ઈન્ડસ્ટ્રીઝ અને મેસર્સ સુપર ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ લિમિટેડની બાકી રકમ પર ૧૨% દરે કરાયેલ Notional Interest Addition રદ (Delete) કરવામાં આવ્યો.
- એસેસીની અપીલ મંજૂર કરવામાં આવી.

આ ચુકાદો એક મહત્વપૂર્ણ સિદ્ધાંતને મજબૂત બનાવે છે:
મર્કન્ટાઇલ એકાઉન્ટિંગ સિસ્ટમ હેઠળ પણ માત્ર "વાસ્તવિક આવક (Real Income)" ઉપર જ ટેક્સ લાગી શકે. જો દેવાદારની આર્થિક સ્થિતિ એવી હોય કે મૂળ રકમ અને વ્યાજ બંનેની વસૂલાત શંકાસ્પદ હોય, તો માત્ર Accrualના આધારે કલ્પિત વ્યાજ (Notional Interest) ઉપર ટેક્સ લાદી શકાય નહીં.

● ---- X ---- ●

ટ્રીબ્યુનલ – ૧

Assessee	**ICICI Securities Ltd. V/s. Deputy Commissioner of Income-tax***
Court	**IN THE ITAT MUMBAI BENCH 'C'**
Citation	**IT Appeal No. 5258 (MUM) OF 2025| Judgment Dated: 18 May 2026 ASSESSMENT YEAR 2011-12**

કેસની હકીકતો :–

એસેસી કંપની મર્ચન્ટ બેન્કિંગ અને એડવાઇઝરી સેવાઓના વ્યવસાયમાં હતી. આકારણી વર્ષ ૨૦૧૧–૧૨ દરમિયાન કંપનીને માત્ર ₹92,178 જેટલી મુક્ત (exempt) ડિવિડન્ડ આવક પ્રાપ્ત થઈ હતી. છતાં એસેસીંગ ઓફિસર એ સેક્શન 14A સાથે Rule 8D લાગુ કરીને આશરે ₹6.50 લાખની ડિસઅલાઉઅન્સ (disallowance) ગણતરી કરી હતી, જે મુક્ત આવક કરતાં ઘણી વધુ હતી.

તે ઉપરાંત, કંપનીએ અગાઉના વર્ષમાં PNB Housing Finance Ltd. ને મર્ચન્ટ બેન્કિંગ અને એડવાઇઝરી સેવાઓ આપી હતી, તેની આવક બુક કરી હતી અને તેના પર કર પણ ચૂકવ્યો હતો. બાદમાં વસૂલ ન થઈ શકનાર ₹8.67 લાખની રકમ bad debt તરીકે લખી નાખવામાં આવી હતી, પરંતુ વિભાગે તેની કપાત (deduction) નકારી હતી.

ચા–કોફીના ખર્ચ અંગે પણ વિવાદ હતો. કેટલાક ખર્ચ કર્મચારીઓએ તેમની અધિકૃત ફરજ દરમિયાન પોતે કર્યા હતા અને કંપનીએ માત્ર તે ખર્ચનું રીએમ્બર્સમેન્ટ (reimbursement) કર્યું હતું. અન્ય ખર્ચ વેન્ડરો પાસેથી ખરીદી સંબંધિત હતા. વિભાગનું માનવું હતું કે આવા ખર્ચ પર TDS લાગુ પડે છે અને તેથી સેક્શન 40(a)(ia) હેઠળ ડિસઅલાઉઅન્સ થવી જોઈએ.

સૌથી મોટો વિવાદ કર્મચારી તાલીમ અને ઇન્ડક્શન કાર્યક્રમો દરમિયાન થયેલા હોટેલ રૂમ અને ભોજન ખર્ચ અંગે હતો. એસેસીંગ ઓફિસર એ આ ખર્ચને સેક્શન 194I હેઠળ "ભાડું (rent)" ગણાવી TDS ન કાપવાના કારણે ખર્ચ રદ કર્યો હતો.

શું ઉપરોક્ત તમામ મુદ્દાઓમાં એસેસીને રાહત મળવી જોઈએ?

જવાબ :

હા. ટ્રિબ્યુનલએ મોટા ભાગના મુદ્દાઓમાં એસેસીના પક્ષમાં નિર્ણય આપ્યો.

અરજદાર (એસેસી)ની દલીલો:

૧. સેક્શન 14A

એસેસીએ દલીલ કરી કે સેક્શન 14A હેઠળની ડિસઅલાઉઅન્સ ક્યારેય મુક્ત આવક (exempt income) કરતાં વધુ થઈ શકતી નથી. કારણ કે કંપનીની મુક્ત ડિવિડન્ડ આવક માત્ર ₹92,178 હતી, તેથી તેનાથી વધુ ડિસઅલાઉઅન્સ કાનૂની રીતે માન્ય નથી.

2. Bad Debt

કંપનીએ જણાવ્યું કે એડવાઇઝરી સેવાઓની આવક અગાઉના વર્ષમાં કરપાત્ર આવક તરીકે દર્શાવવામાં આવી હતી. બાદમાં યોગ્ય એકાઉન્ટિંગ એન્ટ્રીઓ દ્વારા દેવું લખી નાખવામાં આવ્યું હતું. તેથી સેક્શનજ 36(1)(vii) અને 36(2) ની તમામ શરતો પૂર્ણ થઈ હતી. કંપનીએ TRF Ltd. v. CIT પર પણ આધાર રાખ્યો હતો.

૩. કર્મચારી ખર્ચનું રીએમ્બર્સમેન્ટ (Reimbursement)

કંપનીએ દલીલ કરી કે ખર્ચ કર્મચારીઓએ પોતે કર્યો હતો અને કંપનીએ ફક્ત reimbursement કર્યું હતું. કર્મચારી અને વેન્ડર વચ્ચે વ્યવહાર હતો, કંપની અને વેન્ડર વચ્ચે કોઈ કરાર (contract) નહોતો. તેથી TDS કાપવાની જવાબદારી ઊભી થતી નથી.

૪. ચા-કોફી વેન્ડર પેમેન્ટ્સ

ઘણા પેમેન્ટ કાયદાકીય મર્યાદા (threshold limit) કરતાં ઓછા હતા. બાકીના કિસ્સામાં પણ કોઈ કેટરિંગ કોન્ટ્રાક્ટ અસ્તિત્વમાં નહોતો. આ માત્ર ચા અને કોફીની ખરીદી હતી, સેક્શન 194C હેઠળ આવતી કોન્ટ્રાક્ટ સર્વિસ નહોતી.

૫. હોટેલ ખર્ચ

હોટેલના રૂમો માત્ર જરૂર પડે ત્યારે બુક કરવામાં આવતા હતા. કોઈ નક્કી રૂમ, ગેરંટીવાળી વ્યવસ્થા, નિશ્ચિત સમયગાળો અથવા કાનૂની બાંહેધરી નહોતી. તેથી આ માત્ર રેટ કોન્ટ્રાક્ટ (Rate contract) હતું, નિયમિત આવાસ (regular accommodation) નહોતું.

ઇનકમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી દલીલો:

- વિભાગે સેક્શન 14A હેઠળ Rule 8D મુજબ થયેલી ડિસઅલાઉઅન્સને સમર્થન આપ્યું હતું.
- Bad debt બાબતે વિભાગનું માનવું હતું કે એસેસી યોગ્ય debtor-wise પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયો હતો.
- ચા–કોફીના ખર્ચ માટે વિભાગે દલીલ કરી કે સતત ખરીદીઓ કોઈ ન કોઈ પ્રકારના કરાર વિના શક્ય નથી, તેથી સેક્શન 194C લાગુ થવો જોઈએ.
- હોટેલ ખર્ચ અંગે વિભાગે વારંવાર થતી બુકિંગને નિયમિત આવાસની વ્યવસ્થા ગણાવી સેક્શન 194I લાગુ કરવાનો પ્રયાસ કર્યો.

કોર્ટનો ચુકાદો:

સેક્શન 14A

ટ્રિબ્યુનલએ સ્પષ્ટ કર્યું કે સેક્શન 14A હેઠળની ડિસઅલાઉઅન્સ મુક્ત આવક કરતાં વધારે થઈ શકતી નથી. તેથી ડિસઅલાઉઅન્સ માત્ર ₹92,178 સુધી મર્યાદિત રાખવામાં આવી અને બાકી રકમ કાઢી નાખવામાં આવી.

Bad Debt

ટ્રિબ્યુનલએ નોંધ્યું કે આવક અગાઉ કરપાત્ર તરીકે માન્ય થઈ ચૂકી હતી અને દેવું યોગ્ય રીતે books માં લખી નાખવામાં આવ્યું હતું. TRF Ltd. v. CIT તથા CBDT Circular No. 12/2016 ના આધારે bad debt મંજૂર કરવામાં આવી.

કર્મચારી ખર્ચનું રીએમ્બર્સમેન્ટ (Reimbursement)

કર્મચારીઓએ પોતે પેમેન્ટ કર્યા હતા અને કંપની માત્ર reimbursement કરતી હતી. કંપની અને વેન્ડર વચ્ચે કોઈ કરાર હોવાનું પુરવાર થયું નહોતું. તેથી TDS ની જવાબદારી નહોતી અને ડિસઅલાઉઅન્સ દૂર કરવામાં આવી.

ચા-કોફી વેન્ડર પેમેન્ટ્સ

Threshold limit કરતાં ઓછી રકમના પેમેન્ટ પર TDS જરૂરી નહોતો. તેથી સંબંધિત ડિસઅલાઉઅન્સ કાઢી નાખવામાં આવી.

Threshold limit કરતાં વધુ પેમેન્ટ્સ માટે પણ વિભાગ કોઈ catering contract સાબિત કરી શક્યો નહોતો. ટ્રિબ્યુનલએ મહત્વપૂર્ણ અવલોકન કર્યું કે "એસેસીને નકારાત્મક બાબત (negative) સાબિત કરવા માટે મજબૂર કરી શકાય નહીં." તેથી સેક્શન 194C લાગુ પડતો નથી અને addition રદ કરવામાં આવ્યો.

હોટેલ ખર્ચ

CBDT Circular No. 5/2002 નો અભ્યાસ કરીને ટ્રિબ્યુનલએ જણાવ્યું કે સેક્શન 194I ત્યારે જ લાગુ પડે જ્યારે નિશ્ચિત રૂમો, નક્કી સમયગાળો અથવા કાનૂની બાંહેધરીવાળી નિયમિત વ્યવસ્થા હોય. અહીં માત્ર જરૂર પડ્યે બુકિંગ કરવામાં આવતી હતી. તેથી તેને "rent" ગણાવી શકાય નહીં અને સેક્શન 194I લાગુ પડતો નથી.

મહત્વનાં કાનૂની સિદ્ધાંતો

૧. સેક્શન 14A હેઠળની ડિસઅલાઉઅન્સ મુક્ત આવક કરતાં વધુ થઈ શકતી નથી.

૨. Bad debt ત્યારે મંજૂર થાય છે જ્યારે આવક અગાઉ ટેક્ષેબલ બની હોય અને બૂક્સ માં યોગ્ય write-off કરવામાં આવ્યું હોય.

૩. કર્મચારીઓને કરાયેલા શુદ્ધ reimbursement પર આપમેળે TDS ની જવાબદારી ઊભી થતી નથી.

૪. માત્ર અનુમાનના આધારે કરાર (contract) અસ્તિત્વમાં હોવાનું માનવામાં આવી શકતું નથી.

૫. પ્રસંગોપાત (occasional) તાલીમ કાર્યક્રમો માટેની હોટેલ બુકિંગ સેક્શન 194I હેઠળનું rent ગણાતી નથી.

આ ચુકાદો ટેક્સ પ્રોફેશનલ્સ માટે ખૂબ જ ઉપયોગી છે. ખાસ કરીને:

- સેક્શન 14A હેઠળ વધારાની ડિસઅલાઉઅન્સ સામે.
- યોગ્ય રીતે કરવામાં આવેલ bad debt ક્લેમ માટે.
- Employee reimbursement સંબંધિત TDS વિવાદોમાં.
- કલ્પિત અથવા અનુમાનિત contract ના આધારે સેક્શન 194C લાગુ કરવાની કાર્યવાહીમાં.
- તાલીમ કે મીટિંગ માટે થયેલા હોટેલ ખર્ચ ઉપર સેક્શન 194I ના વિવાદોમાં.

● ---- X ---- ●

ટ્રીબ્યુનલ – ૨

Assessee	**A.T. Kearney Ltd. V/s. Deputy Commissioner of Income-tax***
Court	**IN THE ITAT DELHI BENCH "D"**
Citation	**IT Appeal No. 1933 (DELHI) of 2025| Judgment Dated: July 15, 2026**

કેસની હકીકતો :–

A.T. Kearney Ltd., યુ.કે. સ્થિત મેનેજમેન્ટ કન્સલ્ટિંગ કંપની, ઘણા વર્ષોથી ભારતમાં તેની બ્રાન્ચ ઓફિસ મારફતે કાર્યરત હતી. વૈશ્વિક પુનર્ગઠન (global restructuring)ના ભાગરૂપે કંપનીએ ૧ એપ્રિલ ૨૦૨૧થી તેના ભારતીય બ્રાન્ચના સમગ્ર વ્યવસાયને તેની ૧૦૦% માલિકીની ભારતીય સહાયક કંપની A.T. Kearney Consulting (India) Private Limitedને બિઝનેસ ટ્રાન્સફર એગ્રીમેન્ટ હેઠળ going concern basis પર ટ્રાન્સફર કર્યો. વ્યવસાય ટ્રાન્સફર થયા બાદ પણ બ્રાન્ચ ઓફિસ સંપૂર્ણપણે બંધ થઈ નહોતી. તેની પાસે હજુ પણ મહત્વપૂર્ણ કાયદેસર (statutory) સંપત્તિઓ હતી, જેમ કે:

- Advance Tax Recoverable
- Advances with Statutory Authorities
- Accrued Export Incentives

આ તમામની કુલ કિંમત અંદાજે ₹34.64 કરોડ હતી. નોંધનીય બાબત એ હતી કે આ જાળવી રાખેલી સંપત્તિઓનું મૂલ્ય ટ્રાન્સફર કરેલી સંપત્તિઓ કરતાં પણ વધારે હતું.

સંબંધિત વર્ષ દરમિયાન બ્રાન્ચ ઓફિસને Income-tax Refund પર આશરે ₹3.99 કરોડનું વ્યાજ (Interest Income) પ્રાપ્ત થયું. આ આવક સામે તેણે કુલ ₹2.72 કરોડનો ખર્ચ ક્લેમ કર્યો, જેમાં મુખ્યત્વે નીચેના ખર્ચો સામેલ હતા:

- લીગલ અને પ્રોફેશનલ ફી
- એમ્પ્લોયી બેનિફિટ એક્સપેન્સિસ
- ફાઇનાન્સ કોસ્ટ
- ઓડિટ ફી

વિવાદનો મુખ્ય પ્રશ્ન એ હતો કે વ્યવસાય ટ્રાન્સફર થયા પછી પણ આવી બ્રાન્ચ ઓફિસ આ ખર્ચને બિઝનેસ એક્સપેન્સ તરીકે ક્લેમ કરી શકે કે નહીં.

એસેસીંગ ઓફિસર (AO)એ માન્યું કે વ્યવસાય સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો અને સમગ્ર ખર્ચ નામંજૂર (disallow) કર્યો. DRPએ પણ AOનો અભિગમ માન્ય રાખ્યો. ત્યારબાદ એસેસીએ દિલ્હી ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરી.

શું વ્યવસાય ટ્રાન્સફર થયા પછી પણ બ્રાન્ચ ઓફિસ તેના અસ્તિત્વ જાળવવા અને બાકી રહેલી સંપત્તિઓનું સંચાલન કરવા માટે થયેલા ખર્ચને બિઝનેસ એક્સપેન્સ તરીકે કપાત (deduction) રૂપે મેળવી શકે?

શું ઉપરોક્ત મુદ્દામાં એસેસીને રાહત મળવી જોઈએ?

જવાબ :

માન્ય કોર્ટ દ્વારા મિશ્ર નિર્ણય આપ્યો.

અરજદાર (એસેસી)ની દલીલો :

એસેસીનું કહેવું હતું કે:

- ઓપરેટિંગ બિઝનેસ ટ્રાન્સફર થયો હોવા છતાં બ્રાન્ચ ઓફિસનું અસ્તિત્વ સમાપ્ત થયું નહોતું.
- તે હજુ પણ ભારતમાં Permanent Establishment (PE) તરીકે અસ્તિત્વમાં હતી.
- તેની પાસે નોંધપાત્ર સ્ટેચ્યુટરી એસેટ્સ હતા.

એસેસીએ દલીલ કરી કે મોટાભાગનો ખર્ચ નીચેના હેતુઓ માટે થયો હતો:

- લીગલ અને પ્રોફેશનલ સર્વિસ
- ટેક્સ એડવાઈઝરી સર્વિસ
- પગાર (Payroll) રિલેટેડ સર્વિસીસ
- સ્ટેચ્યુટરી કમ્પ્લાયન્સ

ભારતીય કાયદાઓ મુજબ બ્રાન્ચ ઓફિસનું અસ્તિત્વ જાળવવા માટે જરૂરી ખર્ચ

આ ખર્ચ વૈકલ્પિક (optional) નહોતો, પરંતુ કાયદેસર અને વ્યવસાયિક જરૂરિયાત હતો.

એસેસીએ નીચેના મહત્વના ચુકાદાઓ પર આધાર મૂક્યો:

- Ganga Properties Ltd.
- Nakodar Bus Service (P.) Ltd.

- **Rampur Timber & Turnery Co. Ltd.**
- **Tulip Star Hotel Ltd.**

ખાસ કરીને સુપ્રીમ કોર્ટના Pride Foramer S.A. કેસનો આધાર લઈને દલીલ કરવામાં આવી કે "for the purpose of business" શબ્દસમૂહનો અર્થ માત્ર નફો કમાવવાનો નથી, પરંતુ:

- **વ્યવસાયનું સંરક્ષણ**
- **સંપત્તિનું રક્ષણ**
- **કાયદેસર બાકીદારીનું પાલન**
- **વ્યવસાય સંબંધિત અનુસંગિક પ્રવૃત્તિઓ**

પણ તેમાં આવરી લેવાય છે. તેથી બ્રાન્ચ ઓફિસનું અસ્તિત્વ અને તેની બાકી રહેલી સંપત્તિઓનું સંચાલન કરવા માટે થયેલો ખર્ચ મંજૂર થવો જોઈએ.

ઇનકમટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી દલીલો:

વિભાગે દલીલ કરી કે:

- **આ કેસ માત્ર અસ્થાયી મંદી અથવા વ્યવસાય સસ્પેન્શનનો નથી.**
- **સમગ્ર બિઝનેસ વ્યવસ્થિત રીતે ભારતીય સહાયક કંપનીને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.**
- **૧ એપ્રિલ ૨૦૨૧ પછી બ્રાન્ચ ઓફિસ ભારતમાં કોઈ વ્યવસાયિક પ્રવૃત્તિ કરતી નહોતી.**

વિભાગે સેક્શન ૨૮ અને સેક્શન ૨૯ પર ભાર મૂકતા કહ્યું કે બિઝનેસ એક્સપેન્સ ત્યારે જ મંજૂર થઈ શકે જ્યારે સંબંધિત વર્ષ દરમિયાન વ્યવસાય વાસ્તવમાં ચાલુ હોય.

વિભાગે વધુમાં જણાવ્યું કે:

- **વર્ષ દરમિયાન માત્ર ઇનકમટેક્સ Refund પરનું વ્યાજ મળ્યું હતું.**
- **આવી વ્યાજની ઈનકમ માત્ર ખર્ચને બિઝનેસ ડિડક્શન તરીકે મંજૂર કરવાની આધારભૂત કારણ બની શકે નહીં.**
- **વ્યવસાય સમાપ્ત થયા પછી થયેલા ખર્ચ માટે કપાત ઉપલબ્ધ નથી.**

આ માટે વિભાગે નીચેના ચુકાદાઓનો સહારો લીધો:

- **MDLR Airlines (P.) Ltd.**
- **Hindustan Chemical Works Ltd.**
- **Lahore Electric Supply Co. Ltd.**
- **Shanmugam Ravi (Bangalore Tribunal)**

કોર્ટનો ચુકાદો:

દિલ્હી ટ્રિબ્યુનલએ નોંધ્યું કે બંને પક્ષોએ અનેક ન્યાયિક ચુકાદાઓનો આધાર લીધો હતો, પરંતુ ખર્ચના વાસ્તવિક સ્વરૂપ અને હેતુની યોગ્ય તપાસ કરવામાં આવી નહોતી.

ટ્રિબ્યુનલએ ખાસ ધ્યાન દોર્યું કે:

- બ્રાન્ચ ઓફિસ પાસે હજુ પણ આશરે ₹34.64 કરોડની સંપત્તિ હતી.
- આ સંપત્તિઓ શા માટે જાળવી રાખવામાં આવી હતી તેની પૂરતી સ્પષ્ટતા રેકોર્ડ પર ઉપલબ્ધ નહોતી.
- આ સંપત્તિઓનું મૂલ્ય ટ્રાન્સફર કરાયેલી સંપત્તિઓ કરતાં વધુ હતું.

ટ્રિબ્યુનલએ વધુમાં નોંધ્યું કે:

- ખર્ચનો સૌથી મોટો ભાગ લીગલ અને પ્રોફેશનલ ફી નો હતો.
- AO અને DRPએ તપાસી નહોતું કે આ ખર્ચ:
- ચાલુ કાનૂની વિવાદો (litigation) માટે હતો,
- ટેક્સ સંબંધિત કાર્યવાહી માટે હતો,
- જાળવી રાખેલી સંપત્તિઓના સંરક્ષણ માટે હતો,
- કે બ્રાન્ચ ઓફિસના અસ્તિત્વ જાળવવા માટે હતો.
- ટ્રિબ્યુનલએ જણાવ્યું કે Pride Foramer S.A. મુજબ"for the purpose of business" શબ્દોનો અર્થ વિશાળ છે અને માત્ર સક્રિય વ્યવસાય ચલાવવો એ જ તેનો અર્થ નથી. તેથી માત્ર એ આધારે કે વ્યવસાય ટ્રાન્સફર થયો હતો, ખર્ચને નામંજૂર કરી શકાતો નથી.

અંતિમ ચુકાદો આપતા માન્ય ટ્રિબ્યુનલએ:

- એસેસીનો ખર્ચનો દાવો સીધો સ્વીકાર્યો નથી.
- વિભાગની સંપૂર્ણ disallowance પણ યથાવત રાખી નથી.
- AO અને DRPના ઓર્ડરને નામંજુર કર્યા.
- ખર્ચની પ્રકૃતિ અને હેતુની નવી તપાસ (fresh examination) કરવા માટે મામલો ફરીથી એસેસીંગ ઓફિસરને મોકલ્યો (remand).

પરિણામ

અપીલ "Allowed for Statistical Purposes" તરીકે મંજૂર કરવામાં આવી.

● ---- X ---- ●

DIVISION-III

કૃત્રિમ બુદ્ધિમત્તા: વરદાન, જોખમ કે માનવજાતનો સૌથી મોટો જુગાર?



CA. Parag Raval



પરિચય

કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence – AI) અત્યંત ટૂંકા ગાળામાં વિજ્ઞાનકથાઓની કલ્પનાથી આગળ વધી આપણા દૈનિક જીવનની વાસ્તવિકતા બની ગઈ છે. ઈ-મેઈલનો મુસદ્દો તૈયાર કરવાથી લઈને ચિત્રો સર્જવા, રોગોના નિદાનમાં સહાય કરવા તથા કાનૂની અને નાણાકીય સંશોધનમાં મદદરૂપ થવા સુધી, AI ઝડપથી માનવ જીવનનો અભિન્ન ભાગ બની રહી છે.

તેમ છતાં, AI પ્રત્યે રહેલા ઉત્સાહ અને આશાવાદ સાથે સાથે તેના ભવિષ્યના માર્ગ અંગે વૈજ્ઞાનિકો, સંશોધકો અને ટેકનોલોજી ક્ષેત્રના અગ્રણી નિષ્ણાતોમાં ચિંતાનો સ્વર પણ સતત મજબૂત બનતો જાય છે. તાજેતરમાં AI સંશોધક જેકબ કોક્સન (Jacob Coxon) દ્વારા Anthropic સંસ્થામાંથી આપવામાં આવેલા રાજીનામા સંબંધિત અહેવાલોએ ફરી એકવાર એક મહત્વપૂર્ણ ચર્ચાને જન્મ આપ્યો છે:

શું કૃત્રિમ બુદ્ધિમત્તા ભવિષ્યમાં માનવજાત માટે જ એક ગંભીર જોખમ બની શકે છે?

જ્યારે આવા પ્રકારની ચેતવણીઓ પ્રથમ દૃષ્ટિએ અતિશયોક્તિપૂર્ણ અથવા સનસનાટીભરી લાગી શકે છે, ત્યારે તેમ છતાં તેની ગંભીરતાપૂર્વક સમીક્ષા કરવી જરૂરી બને છે. તેનું કારણ એ છે કે આ ચિંતાઓ કોઈ બાહ્ય નિરીક્ષકો દ્વારા નહીં, પરંતુ અદ્યતન AI પ્રણાલીઓના વિકાસ સાથે સીધા સંકળાયેલા નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

AI ઉદ્યોગને ચોંકાવી દેનારી ચેતવણી

તાજેતરના મીડિયા અહેવાલો અનુસાર, ૨૭ વર્ષીય AI સંશોધક જેકબ કોક્સન (Jacob Coxon), જેમણે OpenAI અને Anthropic જેવી અગ્રણી સંસ્થાઓ સાથે કાર્ય કર્યું હતું, તેમણે સપ્ટેમ્બર ૨૦૨૬માં ઉદ્યોગમાંથી રાજીનામું આપ્યું હતું. રાજીનામા સાથે તેમણે વધુ ને વધુ શક્તિશાળી બની રહેલી AI પ્રણાલીઓના વિકાસ માટે ચાલી રહેલી ઝડપી હરીફાઈ અંગે જાહેરમાં ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી હતી.

તેમના નિવેદનો અસાધારણ રીતે સ્પષ્ટ અને ચિંતાજનક હતા.

તેમણે સૂચવ્યું હતું કે અદ્યતન AI ક્ષેત્રમાં કાર્યરત ઘણા સંશોધકો ખરેખર એવું માને છે કે જો કૃત્રિમ બુદ્ધિમત્તાના વિકાસ પર યોગ્ય નિયંત્રણ અને દેખરેખ ન રાખવામાં આવે, તો આગામી દાયકામાં તે માનવજાતના અસ્તિત્વ માટે જ સંભવિત જોખમ (Existential Risk) ઊભું કરી શકે છે.

આ કોઈ માર્કેટિંગ સ્ટંટ નથી.

કોક્સનના જણાવ્યા અનુસાર, ટેકનોલોજી ક્ષેત્રની કંપનીઓ પૂરતા સલામતી ઉપાયો અને સુરક્ષા વ્યવસ્થા વિના સ્વ-સુધારણા કરતી સુપરઇન્ટેલિજન્સ (Self-improving Superintelligence) વિકસાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. આ પ્રક્રિયા એવા જોખમો ઊભા કરી શકે છે, જેના પરિણામોને ભવિષ્યમાં કદાચ ઉલટાવી શકાય નહીં.

"સુપરઇન્ટેલિજન્સ" એટલે શું?

આ ચિંતાઓને સમજવા માટે સૌપ્રથમ આર્ટિફિશિયલ જનરલ ઇન્ટેલિજન્સ (Artificial General Intelligence – AGI) અને **સુપરઇન્ટેલિજન્સ (Superintelligence)**ની વિભાવનાને સમજવી જરૂરી છે.

વર્તમાન AI

આજની છૈં પ્રણાલીઓ અત્યંત સક્ષમ બની ગઈ છે, પરંતુ તેમનો ઉપયોગ હજુ પણ મુખ્યત્વે ચોક્કસ કાર્યો અને ક્ષેત્રો સુધી મર્યાદિત છે. તેઓ:

- લેખો લખી શકે છે
- ચિત્રો બનાવી શકે છે
- ડેટાનું વિશ્લેષણ કરી શકે છે
- વિવિધ ભાષાઓમાં અનુવાદ કરી શકે છે
- પ્રોગ્રામિંગમાં સહાય કરી શકે છે

તેમ છતાં, તમામ ક્ષેત્રોમાં માનવ સમકક્ષ સાચી સમજણ અને વ્યાપક બૌદ્ધિક ક્ષમતા હજુ પણ તેમની પાસે નથી.

આર્ટિફિશિયલ જનરલ ઇન્ટેલિજન્સ (Artificial General Intelligence – AGI)

AGIનો અર્થ એવી કૃત્રિમ બુદ્ધિમત્તા પ્રણાલીથી છે, જે માનવ દ્વારા કરવામાં આવતા લગભગ કોઈપણ બૌદ્ધિક કાર્યને પાર પાડવાની ક્ષમતા ધરાવતી હોય.

આવી પ્રણાલી:

- સ્વતંત્ર રીતે શીખી શકે
- અજાણી પરિસ્થિતિઓને અનુરૂપ પોતાને ઢાળી શકે
- વિવિધ ક્ષેત્રોમાં તર્કબદ્ધ વિચાર કરી શકે
- પોતાની ક્ષમતાઓમાં સતત સુધારો કરી શકે

સુપરઇન્ટેલિજન્સ (Superintelligence)


સુપરઇન્ટેલિજન્સ આથી પણ એક પગલું આગળની સ્થિતિ દર્શાવે છે.

તેમાં સમગ્ર માનવજાતની સંયુક્ત બૌદ્ધિક ક્ષમતાઓ કરતાં પણ વધુ ઊંચી બૌદ્ધિક ક્ષમતા હોવાની કલ્પના કરવામાં આવે છે.

સુપરઇન્ટેલિજન્ટ AI કદાચઃ

- માનવ કરતાં વધુ ઝડપથી વૈજ્ઞાનિક સંશોધન કરી શકે
- અદ્યતન ટેકનોલોજીનું ડિઝાઇન અને વિકાસ કરી શકે
- નવી દવાઓ વિકસાવી શકે
- સરકારો કરતાં વધુ અસરકારક વ્યૂહરચના ઘડી શકે
- માનવ સહાય વિના વારંવાર પોતાની ક્ષમતાઓમાં સુધારો કરી શકે

આ સંભાવનાઓ સાંભળવામાં અત્યંત રોમાંચક અને આશાસ્પદ લાગે છે; પરંતુ તે સાથે જ અત્યંત ગંભીર અને મૂળભૂત ચિંતાઓ પણ ઊભી કરે છે.



સંશોધકો શા માટે ચિંતિત છે?

મુખ્ય ચિંતા એવી નથી કે AI અચાનક "દુષ્ટ" બની જશે.

તેના બદલે, ભય એ બાબતનો છે કે અત્યંત બુદ્ધિશાળી પ્રણાલી પોતાના નિર્ધારિત હેતુઓને પ્રાપ્ત કરવાની દિશામાં કાર્ય કરતી વખતે અનિચ્છિત અને અણધાર્યા પરિણામો ઊભા કરી શકે છે.

એક સરળ ઉદાહરણ

ધારો કે તમે AIને સૂચના આપોઃ

"તમામ રોગોનો નાશ કરો."

પૂરતી શક્તિશાળી AI પ્રણાલી એવું નક્કી કરી શકે કે રોગોનો સંપૂર્ણ નાશ કરવાનો સૌથી સરળ માર્ગ માનવજાતનો જ નાશ કરવાનો છે.

અહીં સમસ્યા કોઈ દુર્ભાવનાપૂર્ણ ઇરાદાની નથી.

સમસ્યા એ છે કે AI આપેલી સૂચનાનું અતિશય શાબ્દિક રીતે અને અત્યંત કાર્યક્ષમ રીતે પાલન કરી શકે છે.

સંશોધકો આ પડકારને "એલાઇન્મેન્ટ પ્રોબ્લેમ (Alignment Problem)" તરીકે ઓળખાવે છે – એટલે કે AIના હેતુઓ માનવ મૂલ્યો અને હિતો સાથે સુસંગત રહે તે સુનિશ્ચિત કરવાનો પડકાર.

સ્પર્ધાત્મક હરીફાઈનો પડકાર

કોક્સન દ્વારા ઉઠાવવામાં આવેલી સૌથી મહત્વપૂર્ણ ચિંતાઓમાંની એક AI કંપનીઓ વચ્ચેનું સ્પર્ધાત્મક દબાણ છે.

દરેક મોટી ટેકનોલોજી કંપની AIની ક્ષમતાઓમાં સફળતાપૂર્વક ક્રાંતિકારી પ્રગતિ હાંસલ કરનાર પ્રથમ કંપની બનવા ઇચ્છે છે.

આ એક મુશ્કેલ પરિસ્થિતિ ઊભી કરે છે:

જો કંપની ધીમી પડે, તો તે બજારમાં આગેવાની ગુમાવી શકે છે. સ્પર્ધકો વધુ ઝડપથી આગળ વધી શકે છે. રોકાણકારો નકારાત્મક પ્રતિક્રિયા આપી શકે છે. જો તે ઝડપી બને, તો સલામતી પરીક્ષણ અપૂરતું બની શકે છે. જોખમોને ઓછા આંકવામાં આવી શકે છે. સંભવિત ખતરાઓ શોધાયા વિના રહી શકે છે.

પરિણામે, કંપનીઓ સંબંધિત જોખમોને ઓળખતી હોવા છતાં પણ ઝડપ વધારતા રહેવા માટે દબાણ અનુભવી શકે છે. આ એવી આંતરરાષ્ટ્રીય શસ્ત્રોની હોડ જેવું છે જ્યાં દરેક ભાગીદાર પાછળ રહી જવાથી ડરે છે.

એન્થ્રોપિકનું વલણ

એન્થ્રોપિકને સામાન્ય રીતે એઆઈ સલામતી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરતી કંપનીઓમાંની એક તરીકે જોવામાં આવે છે.

કંપનીએ વારંવાર જવાબદાર વિકાસ અને વધુ મજબૂત સુરક્ષા–વ્યવસ્થાઓની હિમાયત કરી છે.

તેમ છતાં, એઆઈ સલામતી સમુદાયના કેટલાક વ્યક્તિઓએ પણ ચિંતા વ્યક્ત કરી છે કે માનવ બુદ્ધિમત્તાને અંતે પાછળ છોડી શકે તેવી એઆઈ સિસ્ટમોને નિયંત્રિત કરવા માટે કોઈ પણ હાલની સંસ્થા પાસે હાલમાં સંપૂર્ણ અને વ્યાપક યોજના ઉપલબ્ધ નથી.

એન્થ્રોપિકના અધિકારીઓએ લાંબા ગાળાના એઆઈ જોખમોની ગંભીરતાને સ્વીકારી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે, પરંતુ સાથે જ તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે વર્તમાન એઆઈ સિસ્ટમોથી વિનાશકારી પરિસ્થિતિ સર્જાવાની સંભાવના ઓછી છે.

શું આ ચિંતાઓ વાસ્તવિક છે?

નિષ્ણાતોમાં આ મુદ્દે અભિપ્રાયો નોંધપાત્ર રીતે અલગ છે.

આશાવાદીઓ માને છે કે

AI નીચે મુજબના કાર્યોમાં મદદરૂપ થશે:

- રોગોનો ઇલાજ શોધવામાં મદદ કરશે
- વૈજ્ઞાનિક શોધખોળને વધુ ઝડપી બનાવશે
- શિક્ષણમાં સુધારો લાવશે
- ઉત્પાદકતામાં વધારો કરશે
- આબોહવા સંબંધિત પડકારોનો સામનો કરવામાં મદદ કરશે

તેઓ દલીલ કરે છે કે દરેક મોટી તકનીકી ક્રાંતિએ શરૂઆતમાં ભય પેદા કર્યો હતો.

તેના ઉદાહરણોમાં નીચેનો સમાવેશ થાય છે:

- વીજળી
- મોટરગાડીઓ
- કમ્પ્યુટરો
- ઇન્ટરનેટ

અંતે માનવજાતે આ બધાં સાથે પોતાને અનુકૂળ બનાવી લીધું.

નિરાશાવાદીઓ માને છે કે :

AI મૂળભૂત રીતે અલગ પ્રકારની ટેકનોલોજી છે.

અગાઉની ટેકનોલોજીઓથી વિપરીત, એઆઈ ભવિષ્યમાં સંભવત::

- સ્વાયત્ત રીતે નિર્ણયો લઈ શકે છે
- પોતાની ક્ષમતાઓમાં પુનરાવર્તિત રીતે સુધારો કરી શકે છે

- માનવીય દેખરેખની વ્યવસ્થાઓ કરતાં વધુ ઝડપથી કાર્ય કરી શકે છે
- નિયંત્રિત કરવી મુશ્કેલ બની શકે છે

તેઓ દલીલ કરે છે કે એકવાર આવી સિસ્ટમ માનવ બુદ્ધિમત્તાને વટાવી જશે, ત્યારબાદ તેની ભૂલોને સુધારવી કદાચ અશક્ય બની શકે છે.

નિયમનકારી પડકાર

એક મુખ્ય મુદ્દો એ છે કે એઆઈનો વિકાસ કાયદા અને નિયમન કરતાં વધુ ઝડપથી આગળ વધી રહ્યો છે.

ઘણા દેશો હજુ પણ કેટલાક મૂળભૂત પ્રશ્નો પર ચર્ચા કરી રહ્યા છે:

- જ્યારે એઆઈ નુકસાન પહોંચાડે ત્યારે તેની જવાબદારી કોની રહેશે?
- એઆઈ મોડેલ્સનું પરીક્ષણ કેવી રીતે કરવું જોઈએ?
- કયા સલામતી ધોરણો ફરજિયાત હોવા જોઈએ?
- શું સરકારોએ અદ્યતન એઆઈ સિસ્ટમો માટે લાઇસન્સ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ?
- શું આંતરરાષ્ટ્રીય દેખરેખ માટેની વ્યવસ્થાઓ સ્થાપિત કરી શકાય?

હાલમાં કોઈ સર્વસ્વીકૃત વૈશ્વિક માળખું અસ્તિત્વમાં નથી.

આનાથી એવી પરિસ્થિતિ સર્જાય છે કે જેમાં ટેકનોલોજી, તેના પર નિયંત્રણ અને શાસન કરવાની સમાજની ક્ષમતા કરતાં વધુ ઝડપથી આગળ વધી રહી હોઈ શકે છે.

ઇતિહાસમાંથી મળતા પાઠ

ઇતિહાસમાં એવા અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે, જ્યાં માનવજાતે શક્તિશાળી ટેકનોલોજીઓને તેના પરિણામો સંપૂર્ણપણે સમજ્યા પહેલાં જ અપનાવી લીધી હતી.

તેના ઉદાહરણોમાં સમાવેશ થાય છે:

- ઔદ્યોગિક પ્રદૂષણ
- પરમાણુ શસ્ત્રો
- રાસાયણિક યુદ્ધ
- સોશિયલ મીડિયા દ્વારા ફેલાતી ગેરમાહિતી

દરેક કિસ્સામાં, નોંધપાત્ર સમસ્યાઓ ઊભી થયા પછી જ નિયમો અને નિયમનકારી વ્યવસ્થાઓ અમલમાં આવી હતી.

એઆઈ સંબંધિત પડકાર એ છે કે તેના પરિણામો અગાઉના તકનીકી વિક્ષેપોની સરખામણીએ સંભવતઃ ઘણી વધુ ઝડપથી અને મોટા પાયે ફેલાઈ શકે છે.

સંભાવનાનો પ્રશ્ન

એઆઈ અંગેની ચર્ચાના સૌથી મુશ્કેલ પાસાઓમાંનો એક અનિશ્ચિતતા છે.

કોઈ પણ વ્યક્તિ ચોક્કસપણે અનુમાન કરી શકતી નથી કે:

- અતિમાનવ બુદ્ધિમત્તા ધરાવતી એઆઈ (સુપરઇન્ટેલિજન્સ) ૫ વર્ષમાં, ૨૦ વર્ષમાં કે ક્યારેય નહીં વિકસે
- એઆઈ નિયંત્રણ હેઠળ જ રહેશે કે નહીં
- સલામતી માટે લેવાયેલા પગલાં પૂરતા સાબિત થશે કે નહીં

તેમ છતાં, ઘણા સંશોધકો દલીલ કરે છે કે વિનાશકારી પરિણામોની નાની સંભાવના પણ ગંભીર ધ્યાન આપવા યોગ્ય છે.

જો કોઈ ટેકનોલોજીથી વૈશ્વિક સ્તરે નુકસાન થવાની ઓછી શક્યતા પણ હોય, તો સમજદારીપૂર્ણ જોખમ-વ્યવસ્થાપન અનિવાર્ય બની જાય છે.

શું કરવું જોઈએ?

સંતુલિત અભિગમ સૌથી વધુ સમજદારીપૂર્ણ જણાય છે.

નવીનતા ચાલુ રાખવી

માનવજાતે તકનીકી પ્રગતિને અટકાવવી જોઈએ નહીં.

એઆઈમાં નીચેના ક્ષેત્રોમાં અત્યંત વિશાળ ક્ષમતા છે:

- આરોગ્યસંભાળ
- શિક્ષણ
- વૈજ્ઞાનિક પ્રગતિ
- આર્થિક વૃદ્ધિ

સલામતી મજબૂત બનાવવી

તેની સાથે સાથે:

- સ્વતંત્ર સલામતી ઓડિટને પ્રોત્સાહન આપવું જોઈએ.
- એઆઈ સંશોધનની પારદર્શિતા વધારવી જોઈએ.
- સરકારોએ સ્પષ્ટ નિયમનકારી માળખાં સ્થાપિત કરવા જોઈએ.

- આંતરરાષ્ટ્રીય સહકાર વધુ મજબૂત બનાવવો જોઈએ.
- લાંબા ગાળાના જોખમો અંગેના સંશોધનમાં વધુ રોકાણ કરવું જોઈએ.

જવાબદાર વિકાસને પ્રોત્સાહન આપવું

સફળતાનું માપન માત્ર ક્ષમતાના આધારે થવું જોઈએ નહીં.

તેનું માપન નીચેના પરિબળોના આધારે પણ થવું જોઈએ:

- વિશ્વસનીયતા
- પારદર્શિતા
- જવાબદારી
- સલામતી

નિષ્કર્ષ

કૃત્રિમ બુદ્ધિમત્તા માનવજાતની સૌથી મહાન સિદ્ધિઓમાંની એક બની શકે છે – અથવા તેના સૌથી મહત્ત્વપૂર્ણ પડકારોમાંનો એક પણ બની શકે છે.

જેકબ કોક્સન જેવા સંશોધકો દ્વારા આપવામાં આવેલી ચેતવણીઓને ન તો માત્ર ભય ફેલાવવાનો પ્રયાસ માનીને નકારી કાઢવી જોઈએ, ન તો કોઈ અનિવાર્ય ભવિષ્યવાણી તરીકે કોઈ પ્રશ્ન વિના સ્વીકારી લેવી જોઈએ.

તેના બદલે, આ ચેતવણીઓ આપણને એ યાદ અપાવવી જોઈએ કે શક્તિશાળી ટેકનોલોજી માટે એટલી જ શક્તિશાળી જવાબદારી જરૂરી છે.

એઆઈનું ભવિષ્ય માત્ર અલ્ગોરિધમ્સ અને કમ્પ્યુટિંગ શક્તિથી નક્કી થશે નહીં. માનવજાત એઆઈને કેવી સમજદારી, સંયમ અને દૂરંદેશીથી વિકસાવે છે તથા તેનું નિયમન કરે છે, તેના પર એઆઈનું ભવિષ્ય નિર્ભર રહેશે.

તેથી, મુખ્ય પ્રશ્ન એ નથી કે એઆઈ શક્તિશાળી બનશે કે નહીં.

વાસ્તવિક પ્રશ્ન એ છે:

શું માનવીય સમજદારી કૃત્રિમ બુદ્ધિમત્તાની જેટલી જ ઝડપથી વિકસશે?

આ પ્રશ્નનો જવાબ કદાચ માનવ સંસ્કૃતિનું ભવિષ્ય નક્કી કરી શકે છે.

● ---- X ---- ●

ઇનકમ ટેક્સ પોર્ટલ પર નાના ટેક્સપેયરો માટે ફોરેન એસેટ ડિક્લેરેશન સ્કીમ (FADS), 2026 ની શરૂઆત



સંદીપ તેજાણી

નાણા મંત્રાલય, ભારત સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન નંબર ૧૧૪/૨૦૨૬ (તારીખ: ૧૪ ઓગસ્ટ ૨૦૨૬) મુજબ, સરકારે ફાઇનાન્સ એક્ટ, ૨૦૨૬ ના પ્રકરણ IV હેઠળ નાના ટેક્સપેયરઓ માટે ફોરેન એસેટ ડિક્લેરેશન સ્કીમ (FADS), 2026 અમલમાં મૂકી છે.

આ યોજના હવે ઇનકમ ટેક્સના ઇ–ફાઇલિંગ પોર્ટલ પર શરૂ કરી દેવામાં આવી છે. સરકાર દ્વારા ટેક્સપેયરઓને ભૂલો સુધારવા માટે આપેલી આ એક વખતની તક (One-time compliance opportunity) છે, જેના દ્વારા એલિજિબલ ટેક્સપેયર્સ પોતાની અગાઉ ન દર્શાવેલી ચોક્કસ ફોરેન એસેટ અને ફોરેન ઇનકમ સ્વેચ્છાએ જાહેર કરી શકે છે. એલિજિબલ ટેક્સપેયર્સ પોર્ટલ પર ઓનલાઇન ફોર્મ ભરીને આ ડિક્લેરેશન કરી શકે છે.

● **પોર્ટલ પર ફોર્મ કેવી રીતે શોધવું :** e-File → Income Tax Forms → File Income Tax Forms → Under Other Acts → Foreign Assªs of Small Taxpayers Disclosure Scheme, 2026 (Form 1 of FADS 2026).

પરિચય (Introduction)

રોકાણોનું વૈશ્વિકીકરણ અને સરહદ પારના નાણાકીય વ્યવહારો વધવાને કારણે ઇનકમટેક્સ રિટર્નમાં ફોરેન એસેટ અને ઇનકમની સાચી વિગતો દર્શાવવી ખૂબ જ મહત્વપૂર્ણ બની ગઇ છે. ભૂલથી, નિયમોની અજ્ઞાનતાને લીધે કે પછી જૂની કોઇ ખામીને કારણે ફોરેન એસેટ ન દર્શાવવા પર ટેક્સપેયર સામે 'બ્લેક મની એક્ટ, ૨૦૧૫' ની કડક જોગવાઇઓ હેઠળ કાર્યવાહી થઇ શકે છે.

નાના ટેક્સપેયર્સ સ્વેચ્છાએ નિયમોનું પાલન કરી શકે તે માટે સરકારે આ યોજના શરૂ કરી છે. આ સ્કીમ હેઠળ નિર્ધારિત ટેક્સ, દંડ અથવા ફી ભરીને ફોરેન એસેટ અને ઇનકમને કાયદેસર કરી શકાય છે તેમજ આગળની કાયદાકીય કાર્યવાહીમાંથી મુક્તિ મેળવી શકાય છે

કાયદાકીય માળખું અને મહત્વની તારીખો

આ યોજના ફાઇનાન્સ એક્ટ, ૨૦૨૬ ની કલમ ૧૪૩ હેઠળ બનાવવામાં આવી છે.

- નોટિફિકેશન બહાર પાડ્યા તારીખ: ૧૪ ઓગસ્ટ ૨૦૨૬
- યોજના અમલમાં આવ્યા તારીખ: ૧૬ ઓગસ્ટ ૨૦૨૬
- મૂલ્યાંકન તારીખ (Valuation date): ૩૧ માર્ચ ૨૦૨૬
- જાહેરાત કરવાની છેલ્લી તારીખ: ૩૧ ડિસેમ્બર ૨૦૨૬

યોજનાના મુખ્ય ઉદ્દેશ્યો

- ફોરેન એસેટ અને ઇનકમની સ્વેચ્છાએ જાહેરાત કરવામાં સરળતા કરવી.
- નાના ટેક્સપેયર્સ માટે એક તક પૂરી પાડવી.
- ફોરેન એસેટની વિગતો ન આપવાને કારણે થતા જૂના કાનૂની વિવાદો (litigation) ઘટાડવા.
- બહારની મિલકતોનું સાચું રિપોર્ટિંગ પ્રોત્સાહિત કરવું.
- ડિક્લેર નહિ થયેલી ફોરેન એસેટને ઔપચારિક ટેક્સ વ્યવસ્થા હેઠળ લાવવી.

જાહેરાત માટે એલિજિબલ કેટેગરીઓ

કેટેગરી	વિગત	વર્ણન
A	નોન-ડીક્લેરેડ ફોરેન એસેટ	ભારત બહાર આવેલી એવી એસેટ જે ભારતીય ઇનકમટેક્સ કાયદા હેઠળ જાહેર કરવામાં આવી નથી.
B	નોન-ડીક્લેરેડ ફોરેન ઇનકમ	અગાઉના ઇનકમટેક્સ રિટર્નમાં જાહેર ન કરાયેલી કે જેના પર ટેક્સ ન ચૂકવાયો હોય તેવી ફોરેન ઇનકમ.
C	બિન-નિવાસી (NRI) સમયગાળા દરમિયાન ખરીદેલી એસેટ	જ્યારે ટેક્સપેયર નોન-રેસિડેન્ટ હતા ત્યારે ફોરેન કમાણીમાંથી ખરીદેલી એસેટ, પરંતુ ભારતમાં નિવાસી (Resident) બન્યા પછી જાહેર કરવામાં આવી ન હોય.
D	ટેક્સ ભરેલી ઇનકમમાંથી ખરીદેલી એસેટ	જેના પર ઇનકમટેક્સ એક્ટ હેઠળ પહેલેથી જ ટેક્સ ભરાઈ ગયો હોય તેવી ઇનકમમાંથી ખરીદેલી ફોરેન એસેટ પરંતુ રિટર્નના ફોરેન એસેટ શેડ્યૂલમાં દર્શાવવાની રહી ગઈ હોય.

મહત્તમ નાણાકીય મર્યાદા (Monetary Thresholds)

આ યોજના ખાસ કરીને નાના ટેક્સપેયર્સ માટે જ બનાવવામાં આવી છે:

- **કેટેગરી ૧ (નોન-ડીક્લેરેડ ફોરેન એસેટ અને/અથવા ઇનકમ):** કુલ મૂલ્ય ₹1 કરોડથી વધુ ન હોવું જોઈએ.
- **કેટેગરી ૨ (ટેક્સ ભરેલી ઇનકમમાંથી અથવા NRI સમયગાળા દરમિયાન મેળવેલી એસેટ):** આવી એસેટનું કુલ વાજબી બજાર મૂલ્ય (Fair Market Value) ₹5 કરોડથી વધુ ન હોવું જોઈએ.

આ મર્યાદાથી વધુ એસેટ ધરાવતા ટેક્સપેયરઓ આ યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર નથી

ઇનકમ ટેક્સ પોર્ટલ પર પ્રક્રિયા અને ફોર્મ્સ

આ પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ છે અને તેના માટે ૪ ઇલેક્ટ્રોનિક ફોર્મ્સ નક્કી કરવામાં આવ્યા છે:

- **Form 1 :** ફોરેન એસેટ અથવા ઇનકમની જાહેરાત કરવા માટેનું ફોર્મ.
- **Form 2 :** ઇનકમટેક્સ અધિકારી દ્વારા ચૂકવવાપાત્ર ટેક્સ, દંડ અથવા ફી દર્શાવતો ઓર્ડર
- **Form 3 :** ટેક્સપેયર દ્વારા પેમેન્ટ ભર્યાની જાણ કરતું ફોર્મ.
- **Form 4 :** જાહેરાત અને પેમેન્ટની ચકાસણી કરતું આખરી પ્રમાણપત્ર (Final Certificate)

મૂલ્યાંકન પદ્ધતિ (Valuation Framework)

૩૧ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ એસેટનું વાજબી બજાર મૂલ્ય (FMV) નક્કી કરવા માટે ચોક્કસ નિયમો છે:

- **ફોરેન બેંક ખાતા:** ખાતું ખોલાવ્યાથી લઈને મૂલ્યાંકનની તારીખ સુધી જમા થયેલી કુલ રકમ (ઉપાડેલી રકમ ફરી જમા કરાવી હોય તેને બાદ કરતાં).
- **ફોરેન રિયલ એસ્ટેટ (મકાન/જમીન):** ખરીદ કિંમત અથવા ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજનું બજાર મૂલ્ય — બેમાંથી જે વધારે હોય તે. જો વેલ્યુએશન રિપોર્ટ ન હોય તો ઇન્ડેક્સ્ડ ખરીદ કિંમત (Indexed cost) ગણાશે.
- **શેર અને સિક્યોરિટીઝ:** લિસ્ટેડ શેર્સ, અનલિસ્ટેડ શેર્સ અને અન્ય સિક્યોરિટીઝ માટે અલગ-અલગ નિયમો લાગુ થશે.

ટેક્સ અને દંડની ગણતરી (Tax Liability)

૧. નોન-ડીક્લેરેડ ફોરેન એસેટ અને ઇનકમ માટે:

- **ટેક્સ:** જાહેર કરેલી કિંમતના 30%

- **દંડ (Penalty):** ટેક્સના ૧૦૦% (એટલે કે કિંમતના ૩૦%)
- **કુલ પેમેન્ટ:** જાહેર કરેલી કિંમતના કુલ ૬૦%

ઉદાહરણ:

- નોન-ડીક્લેરેડ ફોરેન એસેટ: ₹૬૦ લાખ
- નોન-ડીક્લેરેડ ફોરેન ઇનકમ: ₹૨૦ લાખ
- કુલ કિંમત: ₹૮૦ લાખ
- ટેક્સ (૩૦% લેખે) : ₹૨૪ લાખ દંડ (ટેક્સના ૧૦૦% લેખે) : ₹૨૪ લાખ
- કુલ ભરવાપાત્ર રકમ: ₹૪૮ લાખ

૨. **માત્ર રિપોર્ટિંગ ન થઈ શક્યું હોય તેવા કિસ્સામાં:** જો એસેટ ટેક્સ ભરેલી ઇનકમમાંથી અથવા NRI સમયગાળા દરમિયાન ખરીદી હોય અને ફક્ત દર્શાવવાની ચૂકાઈ ગઈ હોય, તો નિયત શરતો હેઠળ માત્ર ₹૧ લાખની સામાન્ય ફી ભરવાની રહેશે.

પેમેન્ટ માટેની સમયમર્યાદા (Timelines)

- Form 2 ઓર્ડર મળ્યાના મહિનાના અંતથી ૨ મહિનાની અંદર પેમેન્ટ ભરવાનું રહેશે.
- જો સમય લંબાવવો હોય, તો દર મહિને ૧% વ્યાજ સાથે વધુ ૨ મહિના મળી શકે છે.
- નિર્ધારિત સમયમાં પેમેન્ટ ન કરવામાં આવે તો આ જાહેરાત રદ (Void) ગણાશે.

મૂલ્યાંકનમાં તફાવત અંગે ટેક્સપેયરને રક્ષણ

જો તપાસ દરમિયાન ઇનકમટેક્સ વિભાગ દ્વારા આંકવામાં આવેલી કિંમત અને ટેક્સપેયરએ દર્શાવેલી કિંમતમાં ૨૦% સુધીનો તફાવત હશે, તો પણ ટેક્સપેયરની જાહેરાત અમાન્ય ગણવામાં આવશે નહીં. આ જોગવાઈ સાચા ટેક્સપેયરઓને બિનજરૂરી મુશ્કેલીઓથી બચાવે છે.

કાનૂની મુક્તિ (Immunity) અને આખરી સમાધાન

પેમેન્ટ પૂર્ણ થયા બાદ અને વેરિફિકેશન પત્યા પછી:

- ટેક્સપેયરને Form 4 આપવામાં આવશે.
- જાહેરાત માન્ય ગણાશે.
- ટેક્સપેયરને બ્લેક મની એક્ટ હેઠળ આગળના ટેક્સ, દંડ અને ફોજદારી કેસ (Prosecution)માંથી કાયમી મુક્તિ મળશે.

નાના ટેક્સપેયરઓ માટે આ યોજના ભૂતકાળની ભૂલો સુધારીને ભવિષ્યની મોટી કાનૂની મુશ્કેલીઓ અને કડક દંડથી બચવાની ઉત્તમ તક પૂરી પાડે છે.

● ---- X ---- ●

NOTES

Feedback Form

Name :	
Mo. Number :	
E-mail Id :	
Profession :	



૧. તમને કયો વિભાગ સૌથી વધુ ઉપયોગી લાગ્યો? (લાગુ પડતા તમામ વિકલ્પો પસંદ કરો)

- [ ] લેટેસ્ટ નોટિફિકેશન અને સર્ક્યુલરની સમરી
- [ ] મહત્વના કોર્ટ ચુકાદાઓ
- [ ] પ્રેક્ટિકલ કમ્પ્લાયન્સ ચેકલિસ્ટ / SOP
- [ ] ગુજરાતી વિશ્લેષણ અને સમરી

૨. શું તમે મેગેઝિનમાં આવરી લેવામાં આવેલા માસિક અપડેટ્સ પર આધારિત લાઈવ ઈન્ટરેક્ટિવ વેબિનાર (Webinar) અથવા પ્રશ્નોત્તરી (Q&A) સેશનમાં જોડાવા ઈચ્છો છો?

- [ ] હા, ચોક્કસ.
- [ ] કદાચ, જે-તે સમયના ટોપિક પર આધાર રાખે છે.
- [ ] ના, હું ફક્ત વાંચવાનું જ પસંદ કરું છું.

૩. શું અમે અમારા આગામી અંકમાં અથવા પ્રમોશનલ પોસ્ટમાં તમારા પ્રતિભાવ (પોઝિટિવ ક્વોટ) સાથે તમારું નામ અને હોદ્દો દર્શાવી શકીએ?

- [ ] હા, તમે દર્શાવી શકો છો. (કૃપા કરીને ઉપર તમારું નામ અને વ્યવસાય વિગતવાર લખવા વિનંતી)
- [ ] ના, હું મારો પ્રતિભાવ ગુપ્ત (Anonymous) રાખવા માંગું છું.

૪. આગામી અંકોમાં તમે કયા ચોક્કસ વિષયો, સેક્ટર્સ અથવા GST સંબંધિત પ્રશ્નો પર અમારું વિશ્લેષણ જોવા માંગો છો ?

.....

.....

.....

૫. અન્ય કોઈ સૂચન જે તમે આપવા માંગતા હોવ.

.....

.....

.....

ફીડબેક (Feedback) કેવી રીતે આપવો:

- તમે ઉપર જણાવેલ QRCode સ્કેન કરીને ઓનલાઇન ફીડબેક ફોર્મ સબમિટ કરી શકો છો.
- તમે ફીડબેક ફોર્મ "gstmargdarshak@kmsindia.in" પર મેઇલ કરી શકો છો.
- તમે મોબાઇલ નં. +91 9327699118 પર WhatsApp દ્વારા પણ ફીડબેક ફોર્મ મોકલી શકો છો.